(૧)

**તારી આજ્ઞાથી પ્રતિકૂળ (વિરોધી પ્રતિપક્ષ) એવી કોઈ પણ વાત પ્રભુ ! મને માન્ય નથી.**

હા સ્વામી ! તારી આજ્ઞાથી પ્રતિકૂળ એવું ઘણું આચરણ મારા જીવનમાં છે, પણ મારું પણ એ આચરણ મને માન્ય નથી. કર્મની પરાધીનતા કે સત્ત્વની ખામી કે બીજા કોઈ કારણે પણ મારા જીવનમાં તારી આજ્ઞાથી પ્રતિકૂળ મન-વચન-કાયાની મારી પણ પ્રવૃત્તિમાં મારી સંમતિ નથી, મારી પણ તેવી પ્રવૃત્તિઓને હું હેય માનું છું, તેની નિંદા ગર્હા કરું છું, અને તારી જ કૃપાથી તેવી પ્રવૃત્તિઓ જલદીથી છૂટી જાય તેમ ઈચ્છા કરું છું.

(૨)

આપણા દુશ્મનો આ જગતમાં ઘણા છે. અસંખ્ય આંતર-શત્રુઓએ આપણને દીર્ઘાતિદીર્ઘકાળ સુધી ખૂબ ખરાબ રીતે પીડ્યા છે, આપણને નરકાદિ દુર્ગતિમાં નાંખ્યા છે, ખૂબ જ વિડંબણા આપણી કરી છે.

કુમારપાળ મહારાજાએ પણ પ્રભુની સ્તુતિમાં આ વાત જણાવી છે - ‘એ રાક્ષસોના રાક્ષસો છે, ક્રૂર મ્લેચ્છો એ જ છે, એણે મને નિર્દયપણે બહુ વાર બહુ પીડેલ છે.’

હા ! પણ એ દુશ્મનો ‘અરિહંત’ પ્રભુના નામથી પણ ધ્રુજે છે, ગભરાય છે. તેથી પ્રભુના નામનું ભાવથી સ્મરણ થાય તો એ દુશ્મનો તરત જ ભાગી જશે - નાસી જશે, માટે આ અસંખ્ય ભયંકર દુશ્મનોથી બચવા માટે સતત અરિહંતની રટણા રાખો. સતત

અરિહંતની ભક્તિ વિસ્તારો. સતત

અરિહંતની પૂજા-ભક્તિ આદિ કરતાં રહો. સતત

અરિહંતની આજ્ઞા મુજબ જીવન જીવવા પ્રયત્ન કરો.



(૩)

સિદ્ધ ભગવાન અને આપણા વચ્ચે ફેર શું ?

સિદ્ધ ભગવંત એટલે જગતના સર્વ સંબંધોથી મુક્ત જીવ.

આપણે જગતના પદાર્થો જોડે રાગ-દ્વેષ-પૂર્ણ સંબંધો રાખ્યા છે.

આમ તો જગતમાં છ દ્રવ્ય છે, તેમાં ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય-આકાશ-કાળ વગેરે જોડે આપણે રાગ-દ્વેષના કોઈ સંબંધ ખાસ નથી. હા, આ પદાર્થોનો અપલાપ કરનારાઓને તે પદાર્થો પ્રત્યેનો દ્વેષનો ભાવ હોય છે, પણ આપણને તેવું નથી. આપણે આ બધા પદાર્થોના અપલાપ કરનારા નથી, સ્વીકાર કરીએ છીએ, તેથી આ ચાર દ્રવ્ય જોડે આપણને રાગદ્વેષના સંબંધો ખાસ નથી.

અમુકક્ષેત્ર અને અમુક કાળ જે ગમે છે કે નથી ગમતા તેમાં તે ક્ષેત્રના આકાશપ્રદેશો પર રાગદ્વેષ નથી, પણ તે ક્ષેત્રમાં રહેલા ઈષ્ટ-અનિષ્ટ પુદ્ગલો કારણ છે, તેથી ક્ષેત્ર પર રાગદ્વેષ નથી. આ જ રીતે કાળ પર પણ રાગ-દ્વેષ નથી.

આપણા રાગ-દ્વેષ મુખ્યતઃ બે દ્રવ્ય પર છે, જીવો અને પુદ્ગલો.

જીવો સાથે સંબંધો રાગ-દ્વેષથી દૂષિત છે, તેવી જ રીતે પુદ્ગલો પ્રત્યે પણ આપણા સંબંધો રાગદ્વેષથી દૂષિત છે. પહેલા પુદ્ગલોનો વિચાર કરીએ. પુદ્ગલોની પણ બાવીશ વર્ગણા બતાવી છે, તેમાંથી આઠ વર્ગણા જ આપણને ગ્રાહ્ય છે. એટલે તે સિવાયના પુદ્ગલો પ્રત્યે પણ આપણને ખાસ રાગદ્વેષ નથી, આપણા સંબંધમાં ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, કાર્મણ, શ્વાસોશ્વાસ, ભાષા, મન વર્ગણાઓ આવે છે.

આમાં પણ આપણા સંબંધમાં બહુ ઓછા પુદ્ગલો આવે છે છતાં આપણને તેની જોડે રાગદ્વેષના સંબંધ થાય છે.

ઈષ્ટ કે અનુકૂળ પુદ્ગલો પ્રત્યે આપણને રાગ થાય છે, અનિષ્ટ કે પ્રતિકૂળ પુદ્ગલો પ્રત્યે આપણને દ્વેષ થાય છે.

આ જ રીતે જગતના જીવો પ્રત્યે પણ આપણા સંબંધો રાગદ્વેષથી કલુષિત હોય છે. આપણને જે જીવો અનુકૂળ, સહાયક, આપણા પ્રત્યે પ્રેમવાળા લાગે છે, તે જીવો પર આપણને રાગ થાય છે, જ્યારે આપણને જે જીવો પ્રતિકૂળ, આપણા કાર્યમાં વિઘ્ન નાંખનાર, આપણા પ્રત્યે પ્રતિકૂળ વર્તન કરનાર લાગે તેમના પર આપણને દ્વેષ થાય છે.

બસ, આ બંને પ્રકારના રાગ-દ્વેષ જ આપણા સંસારનું મૂળ છે. જ્યારે નિમિત્ત મળે છે ત્યારે કે પછી ક્યારેક નિમિત્ત વગર પણ પદાર્થો સ્મૃતિમાં આવતાં રાગ-દ્વેષની વૃત્તિ પ્રગટ થાય છે. જ્યારે રાગ-દ્વેષની વૃત્તિ ઉપયોગરૂપે પ્રગટ નથી હોતી, ત્યારે પણ લબ્ધિરૂપે અંદર હોય છે.

રાગ-દ્વેષની વૃત્તિ પ્રગટરૂપે ક્યારેક હોય છે પણ લબ્ધિરૂપે અંદર સતત હોય છે. જેમ એક માણસે કોઈ વ્યક્તિનું ખૂન કરવા સંકલ્પ કર્યો, સંકલ્પ કર્યા પછી ચોવીશે કલાક તેનો ઉપયોગ ખૂન કરવામાં નથી. તે ખાવામાં પીવામાં, ઉંઘવામાં વેપારમાં કોઈ જોડે વાતચીતોમાં પ્રવૃત્ત હોય છે. ત્યારે તેને ખૂન કરવાનો ઉપયોગ નથી, પરંતુ લબ્ધિરુપે એ પરિણામ તો હોય છે. તેથી તેને લગતો કર્મબંધ પણ સતત ચાલુ જ હોય છે.

અવિરતિ આ જ છે. અવિરતિ એટલે **લબ્ધિરૂપે પાપના પરિણામ**. પાપની પ્રવૃત્તિ થાય છે ત્યારે **અવિરતિ અને યોગ ઉભય સ્વરૂપ** પાપના પરિણામ થાય છે. પ્રવૃત્તિ ન હોય પણ જો પાપના નિષેધના પચ્ચક્ખાણ નથી, પાપથી વિરતિ નથી, ત્યારે અવિરતિરૂપ (લબ્ધિરૂપ) પાપના પરિણામ હોય છે.

બસ, આપણા આત્મામાંથી આ બંને પ્રકારના રાગદ્વેષનો સર્વથા અભાવ થાય એટલે આપણુ પણ સિદ્ધપણું પ્રગટ થઈ જાય, આપણે પણ સિદ્ધ બની જઈએ અનંત સુખના હંમેશ માટે ભોક્તા બની જઈએ.



## (૪)

દેવાધિદેવ વિહરમાન વીશ જિનેશ્વર ભગવંતો,

આપ દૂર દેશમાં મહાવિદેહક્ષેત્રમાં વિચરો છો, મારું પુણ્ય થોડું ટૂંકુ પડ્યું જેથી હું ભરતક્ષેત્રમાં અવતાર પામ્યો, આપનું સાક્ષાત્ સાન્નિધ્ય ન મેળવી શક્યો.

હું રોજ વિચારું છું કે ધ્યાનાદિમાં સ્થિર થઈ ભાવથી આપના સમવસરણમાં રોજ આવી આપના દર્શન-વંદન કરું, આપની વાણીનું શ્રરણ કરું.

પણ સત્ત્વની હીનતા, ધ્યાનના અભ્યાસનો અભાવ વગેરે કારણે આ શક્ય નથી બન્યું.

આથી દેવાધિદેવ દૂર રહીને પણ આપણને વિનંતિ કરું છું કે આપની કૃપાસુધાનું ત્યાં રહ્યા આપ મારામાં એવું સિંચન કરો જેથી;

(૧) મારી સમાધિ વધુને વધુ ઉચ્ચ કોટિની બને,
(૨) મારું મન વધુને વધુ નિર્મળ બને એટલે રાગાદિ દોષો ઘટી જાય,
(૩) મન સદા ઉચ્ચ ભાવોમાં રમતું રહે,
(૪) આપની પાસે આવતાં મનુષ્યો, પશુઓ દેવો વગેરે બધા જ કેવા શાંત થઈ જાય છે ! આપની કૃપાનું જો મારામાં અવતરણ થાય તો તેવી જ રીતે હું પણ શાંત થઈ જાઉ અને મારા સાન્નિધ્યમાં આવતાં જીવો પણ શાંત થઈ જાય અને તેથી આ વિશ્વના જીવોને પણ હું સુખ-શાંતિ પમાડી શકું.

પ્રભુ ! આપની પાસે હું કોઈ પણ પ્રકારના ભૌતિક સુખની યાચના નથી કરતો એક માત્ર અહિંના જગતનું પણ કલ્યાણ થાય તેવી જ આપને પ્રાર્થના કરું છું.

(૫)

રાત-દિવસ ધન, કુટુંબ, પરિવાર, સ્નેહી, સંબંધી, મિત્રો, પાંચ ઈન્દ્રિયના ભોગો વગેરેની જ વિચારણામાં અને પ્રવૃત્તિમાં ચકચૂર થયેલા હે જીવો ! તમે દિવસમાં ગમે ત્યારે ત્રણ વખત તો તમારા આત્માને આ રીતે યાદ કરો કે, 'હું શુદ્ધ આત્મ દ્રવ્ય છું, જ્ઞાન-દર્શન-ચારિત્ર મારા ગુણો છે. બાકી બધુ જેના માટે કે જેની પાછળ દિવસ-રાત મથી રહ્યો છું તે કશું જ મારું નથી. એ બધુ જ મારે છોડીને જવાનું છે. વળી, જીવન દરમિયાન પણ આ બધા પદાર્થો દગો દે તેવો પણ સંભવ છે.' થોડા દિવસ આટલુ પ્રાથમિક વિચાર્યા પછી વિચારણામાં થોડી નવી બીજી વાત નીચે પ્રમાણેની ઉમેરજો,

'મારા નાથ અરિહંત છે
મારા દેવ અરિહંત છે
મારા સ્વામી અરિહંત છે
મારા પ્રભુ અરિહંત છે
હું પ્રભુ ! તારો આશ્રિત છું
હું પ્રભુ ! તારો દાસ છું
હું પ્રભુ ! તારો સેવક છું
હું પ્રભુ ! તારો નોકર છું'

આમ દેવાધિદેવ પ્રત્યે લગાવ ઉભો કરજો.

વળી થોડા દિવસ પછી વિશેષ નીચેની વાત પણ વિચારણામાં જોડજો,

'મારા કલ્યામિત્ર હિતચિંતક નિઃસ્વાર્થી એવા ગુરુ ભગવંતો છે, તેઓ પંચમહાવ્રતધારી છે, તેઓ ઉગ્ર સંયમનું પાલન કરનારા છે, તેઓ મોક્ષની સાધના કરનારા છે.

ક્યારે હું સંસારની સર્વ માયા-મમતા છોડીને નિઃસ્વાર્થ એવા ગુરુના ચરણે મારું જીવન સંપૂર્ણપણે સમર્પિત કરીશ ?



ધન્ય છે તે આત્માઓને જેઓ ગુરુચરણે જીવન સમર્પણ કરી મોક્ષમાર્ગની સાધના કરી રહ્યા છે, હું પણ ટૂંક સમયમાં જ એમના માર્ગે ચાલવાનો સંકલ્પ કરું છું.'

બસ, આવી ભાવનાઓથી આત્માને ભાવિત કરતા રહેશો તો તમારો (આત્માનો) અભ્યુદય શીઘ્ર થશે.

(૬)

સમસ્ત વિશ્વના સર્વ જીવોના સર્વ દુ:ખોનો નાશ કરીને અનંત સુખને પ્રગટ કરી આપવાની શક્તિ દેવાધિદેવમાં છે. નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ આ ચાર પ્રકારની ઉપાસના પ્રભુની શક્તિને આપણામાં સંક્રમિત કરવાનો ઉપાય છે.

(૭)

## મૈત્રી ઘોષણા

मित्ति मे सव्वभूएसु = જગતના સર્વ જીવો પ્રત્યે મને મૈત્રીભાવ છે.

वेरं मज्झ न केणइ। = મારે જગતના કોઈ જીવ જોડે વૈર નથી.

परहितचिन्ता - मैत्री

અન્ય જીવોના હિતની ચિંતા એ મૈત્રી.

અનંતા જીવો નિગોદમાં જન્મ-મરણ કરી રહ્યા છે. હું આ સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવને જાહેર કરું છું - આ બધા મારા મિત્રો છે, હું તેમના દુ:ખો પ્રત્યે હમદર્દી પ્રગટ કરું છું, મારા આ અનંત મિત્રોના દુ:ખથી હું વ્યથિત છું.

આ જ રીતે પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય, વાયુકાય, પ્રત્યેક વનસ્પતિકાયના અસંખ્ય જીવો પ્રત્યે હું આજે દેવાધિદેવ અરિહંત પરમાત્માની સાક્ષીએ મૈત્રીભાવને જાહેર કરું છું. આ બધા જીવો મારા મિત્ર છે. નિગોદના તથા આ બધા જીવો પણ નિગોદ તથા પૃથ્વીકાયાદિમાંથી નીકળી શીઘ્ર મનુષ્યભવ વગેરે પામી સમ્યગ્દર્શન

પામે, જ્ઞાનની સાધના કરે, ચારિત્રનું પાલન કરી સકલ કર્મ ખપાવી મુક્તિને પામે એવી મારી અંતરની ભાવના છે.

બે ઈન્દ્રિયવાળા શંખ, કોડા વગેરે, ત્રણ ઈન્દ્રિયવાળા કીડી-જૂ-લિખ વગેરે, ચાર ઈન્દ્રિયવાળા વીંછી, ભમરા, તીડાદિ અસંખ્ય જીવો છે તે સર્વ જીવો પ્રત્યે હું મૈત્રી ભાવને જાહેર કરું છું. તેઓના દુઃખોને જોઈને હું અત્યંત વ્યથિત થાઉં છું. બિચારા કેવા કારમા દુઃખોને વેઠે છે અને બળીયા પ્રાણીઓના મોંઢામાં કેવા ચવાઈ જાય છે. બીજી પણ અનેક રીતે પીડા સહન કરતાં કરતાં મૃત્યુ પામે છે. આ જીવો પણ શીઘ્ર મનુષ્યાદિ ભવ પામીને સંયમની સાધના કરીને મુક્તિ પામે એવી મારી અંતરની ભાવના છે.

પંચેન્દ્રિય જીવો પણ અસંજ્ઞી, સંજ્ઞી બે પ્રકારના છે.

મન વગરના એ અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચો પણ દુઃખી છે. દુઃખના દાવાનળમાં બળી રહ્યા છે, કપાય છે, છેદાય છે, ભેદાય છે, ચવાય છે, ખવાય છે, આમના દુઃખો મારાથી જોઈ શકાતા નથી. આ જીવો પ્રત્યે પણ હું મૈત્રી ભાવને પ્રગટ કરૂં છું. આ બધા જીવો પણ મારા મિત્ર છે. આ જીવો પણ મનુષ્યાદિભવની સામગ્રી પામીને શીઘ્ર મુક્તિ વગેરે પામે એવી મારી અંતરની અભિલાષા છે.

સંમૂર્છિમ મનુષ્યોની કેવી ભયંકર દુર્દશા છે, મનુષ્યના અશુચિસ્થાનોમાં ઉત્પન્ન થતા તેઓ માત્ર અંતર્મુહુર્તના આયુષ્યને ભોગવી, જીવન સમાપ્ત કરે છે વળી ભવોની પરંપરા પણ ચાલે છે.

ઓ સંમૂર્છિમ મનુષ્યો ! તમે પણ મારા જેવા જ મનુષ્યો છો, તમે પંચેન્દ્રિય છો. તમે મારા જેવા જ મનુષ્યાયુષ્યને ભોગવી રહ્યા છો પણ કર્મના કેવા કાતિલ જુલમો કે અમે ચર્મચક્ષુથી જોઈ પણ ન શકીએ એવું અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી અવગાહનાવાળું સૂક્ષ્મ શરીર તમને મળ્યું, અને આયુષ્ય પણ અંતર્મુહુર્તમાત્રનું, વળી અમારા જ મળ-મૂત્રાદિ અશુચિસ્થાનમાં ઉત્પન્ન થઈ તમે એનો જ આહાર કરી રહ્યા છો. ઓ મારા મિત્રો ! હું આપના પ્રત્યે મૈત્રી



ભાવને જાહેર કરું છું. શક્યતા મુજબ આપની રક્ષા માટે હું સદા પ્રયત્નશીલ રહીશ અને તમે બધા જલ્દીથી સદ્ગતિ પામીને વીતરાગશાસનની આરાધના કરીને મુક્તિ પામો એવી પરમાત્માને નમ્રહૃદયની મારી પ્રાર્થના છે.

સંજ્ઞી પંચેન્દ્રિયજીવો ચાર પ્રકારના છે,

(૧) નારક (૨) તિર્યંચ (૩) મનુષ્ય (૪) દેવ.

આ બધા જ જીવો મારા મિત્રો છે, હું પુનઃ પુનઃ આપ સૌ પ્રત્યે મૈત્રી ભાવ જાહેર કરું છું.

હે નારકો ! તમે નારકીના ૮૪ લાખ નરકાવાસમાં વસો છો. ભૂતકાળમાં થયેલી ભયંકર પાપોની આચરણાથી તમારાથી નરકાયુ બંધાઈ ગયું અને મિત્રો ! તમારી કેવી કારમી દુર્દશા થઈ ગઈ !

ભૂખ, તરસ, રોગ, કફ, ભયંકર ગરમી, કાતિલ ઠંડી વગેરેમાં કેવા કારમા દુઃખો તમે સહો છો ! અરે, પરમાધામી દેવો તમને કાપી નાંખે છે, ખાઈણીમાં ખાંડી નાંખે છે મોંઢામાં ઉકળતા સીસાનો રસ પીવડાવે છે. લોખંડ પીગળે એવી ગરમીવાળા વૈતરણી નદીના પાણીમાં તમને ઝબોળે છે. તમારા આ કારમા દુઃખો મારાથી વિચારી પણ શકાતા નથી. ઓ મારા પરમમિત્રો ! હું પરમાત્માને પ્રાર્થના કરું છું કે તમે જલ્દીથી આ દુઃખોથી મુક્ત થાવ, મનુષ્ય ભવ વગેરે સામગ્રી પામીને નિર્મળ સંયમધર્મની આરાધના કરી મુક્તિને પામો....

ઓ પંચેન્દ્રિય તિર્યંચો ! તમે પણ અનેક પ્રકારના છો, તમારા સર્વ પ્રત્યે હું મૈત્રીભાવને પ્રગટ કરૂં છું. જલચર એટલે માછલા, મગરમચ્છો વગેરે, તમે કેવા કારમા દુઃખોને સહન કરો છો ! જુઓ, પેલા મોટા માછલાઓ તમને પકડીને દાંતમાં કેવા ચાવે છે ! તમારું લોહી આનંદથી પીવે છે, તમારું માંસ રસથી ચાવે છે, અરે, અમારા જાતભાઈ મનુષ્યો પણ તમને જાળમાં પકડે છે, તમારી ચામડી ઉતારે છે, તમને ઉકળતા તેલમાં તળે છે, તમારા દુઃખ મારાથી જોવાતા નથી, એટલું જ નહિ, તમને દુઃખી કરનાર એ મોટા માછલા અને

મગરો તથા મનુષ્યો પણ જે કારમા પાપો કરી રહ્યા છે તેમની દશા તો તમારાથી પણ બદતર થશે. નરકાદિમાં ઉત્પન્ન થઈ કારમા દુ:ખો તેઓને ભોગવવા પડશે. તમે સૌ દુ:ખોથી અને પાપોથી પણ મુક્ત થાઓ, અને શીઘ્ર શાશ્વતસ્થાન મુક્તિને પ્રાપ્ત કરો એવી મારી અંતરની શુભેચ્છા તમને પાઠવું છું.

પાંખો ફફડાવી આકાશમાં ઉડતા હે પંખીઓ ! તમે મુક્ત વિહરો છો પણ કેટલો સમય ! જુઓ, બળીયા પંખીઓ, ગીધ, ઘુવડ વગેરે તમને ચાંઉ કરી જાય છે, મોઢામાં પકડી તમને પોતાનો ખોરાક બનાવે છે. અરે ઓ કબૂતરો, ચકલીઓ વગેરે ! જુવો પેલી બિલાડી તમને કેવા જીવતા ચાવી જાય છે. અરે મનુષ્યો પણ તમારા માંસના ભોજન કરે છે. જુવોને, ઈતિહાસ સાક્ષી પૂરે છે, અમારો બાદશાહ અકબર રોજ તમારા જેવી ૫૦૦ ચકલીઓની જીભ ખાતો હતો. સારું થયુ એને જગદ્ગુરુ હીરસૂરિ જેવા સંત બાબા મળ્યા અને એને એ પાપથી છોડાવ્યો.

હું પરમાત્માને પ્રાર્થના કરું છું, તમે સૌ દુ:ખથી મુક્ત થાઓ, પાપોથી મુક્ત થાઓ, મનુષ્યાદિ ભવ, જિનશાસન, અરિહંત દેવ, સુસાધુ ગુરુ અને દયામય ઉત્તમ ધર્મ પામીને ભવપરંપરામાંથી મુક્ત બની સિદ્ધપદને પામો, શાશ્વતસુખના ભોક્તા બનો.

અઢી દ્વીપમાં વસતા ૨૯ આંકડાની સંખ્યાવાળા હે માનવમિત્રો ! તમે સૌ મારા મિત્રો છો તમારા સૌ પ્રત્યે મને પ્રીતિ છે, સ્નેહ છે, પ્રેમ છે, આપણે સૌ સરખા છીએ.

હે માનવ મિત્રો !

તમે પણ જન્મના, રોગોના, દરિદ્રતાના, અપમાનના, અવગણનાના, બીજાથી તિરસ્કાર પામવાના, ચિંતાઓના દાવાનળમાં બળવાના, અપયશના, દુર્ભાગ્યના વગેરે કેટલા બધા દુ:ખો સહો છો ! અરે, ક્યારેક તો તીક્ષ્ણ શસ્ત્રના ભોગ બની ઘોર પીડાને પામો છો. મૃત્યુની પીડાને પણ ભોગવો છો. આ મૃત્યુ આપણા સૌ સંસારીને



સ્વાભાવિક છે. જુઓ મોટા ચક્રવર્તિઓ, બળદેવો, વાસુદેવો, માંડલિક રાજાઓ, મંત્રીઓ, લાખોને મૃત્યુ ભેગા કરનારા સેનાપતિઓ, બધા જ આ જગતમાંથી અલોપ થઈ ગયા છે. આપણે સૌએ મૃત્યુની પીડા સહન કરવાની છે. અરે, જે નામો કરવા માટે આપણે પાગલ બનીને પાછળ પડીએ છીએ એ આપણા નામ-નિશાન પણ રહેવાના નથી.

અરે મિત્રો ! કારમા દુ:ખો સાથે તમે બધા પાપો પણ આચરો છો, અર્થ અને કામના સુખો પ્રાપ્ત કરવા તમે પાગલ બન્યા છો, પાંચે ઈન્દ્રિયોને વશ થઈ, તેના સુખ મેળવવા તમે હિંસા-ચોરી-જૂઠ-મૈથુન અને પરિગ્રહના ઘોર પાપો આચરો છો, તમે જાણતા નથી... તમને ખબર નથી, પણ તમારા સર્વ દુ:ખોનું મૂળ આ પાપ જ છે, તમારામાંથી કેટલાકે તો પાપની પાછળ માઝા મૂકી છે ભયંકર આરંભ-સમારંભના પાપ તમે આચરો છો. પંચેન્દ્રિયજીવોની હિંસા કરો છો, માંસ-મચ્છી-ઈંડા વગેરેને તમે ખોરાક બનાવ્યા છે, બીજા પણ લસણ, કાંદા, બટાટા વગેરે અભક્ષ્યખાદ્યને આરોગો છો, ખરેખર, તમે તમારી જાતે જ દુ:ખોને આમંત્રી રહ્યા છો.

તમે સર્વ મારા મિત્રો છો. જગતના ચોગાનની મધ્યમાં ઉભો રહીને તમારા સર્વ પ્રત્યે હું મૈત્રી ભાવને જાહેર કરું છું, સાથે-સાથે તમારા હિતની ચિંતા કરતાં આ તમારો મિત્ર પ્રભુને પ્રાર્થના કરે છે, શીઘ્રાતિશીઘ્ર તમે સૌ પાપોથી મુક્ત બનો, દુ:ખોથી મુક્ત બનો, અરિહંત શાસનને પ્રાપ્ત કરી ભાવથી આરાધના કરી નિર્વાણ પદને પામી શાશ્વત સુખોના ભોક્તા બનો....

અદ્ભુત શક્તિને ધારણ કરનારા સુરપતિઓ ! સુરો ! સુરાંગનાઓ ! દિવ્ય સુખોને તમે ભોગવી રહ્યા છો પણ એ ભૌતિક જ ને ? સાથે પ્રિયવિયોગ, અપ્રિયસંયોગ, ઈર્ષ્યા, મત્સર, આભિયોગિક-પણું, પરસ્પરના ક્લેશો, ચ્યવન (મૃત્યુ) વખતે શોકના કારણે ઘોર કલ્પાંત, વગેરે માનસિક દુ:ખોની હારમાળા તમારામાં પણ છે. દિવ્ય ભૌતિક સુખો અને શક્તિના (હજારો રૂપો પ્રગટ કરીને ગમે ત્યાં

પહોંચી જવું વગેરે) સ્વામી હોવા છતાં મનથી તમે જોઈએ તેવા સુખી નથી. અરે સુરેન્દ્રો ! એક જ ભવમાં તમારે કેટલી બધી તમારી પ્રાણથી અધિક વ્હાલી ઈંદ્રાણીઓના વિયોગને સહન કરવો પડે છે તે વખતે તમારી કેવી સ્થિતિ થાય છે તે જગપ્રસિદ્ધ છે.

હા, તમારામાં જે સમ્યગ્દૃષ્ટિ છે, તેઓ પ્રભુ ભક્તિ કરે છે, ભગવાનના સમવસરણમાં જઈને પ્રભુની દેશના સાંભળે છે, ઉત્તમ મુનિઓ અને સાધર્મિકોની પણ સહાય કરે છે, તે બધા ખૂબ જ ભાગ્યશાળી છે. તેઓની હું અંતરથી અનુમોદના કરું છું. આપ સૌના પ્રત્યે મૈત્રીભાવને જાહેર કરું છું.

દેવાધિદેવને પ્રાર્થના કરું છું કે આપ સૌ દેવાધિદેવના શાસન પ્રત્યે અથાગ શ્રદ્ધાવાળા બનો, સમ્યગ્દર્શનને નિર્મળ કરો, મનુષ્યભવ વગેરેને પામી સંયમની આરાધના કરી શીઘ્ર નિર્વાણને પામો એવી પરમાત્માને પ્રાર્થના કરું છું.

નારક, પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્ય અને દેવલોકમાં સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિ કે સર્વવિરતિધર પુણ્યાત્માઓની ભૂરિભૂરિ અનુમોદના કરું છું અને માર્ગાનુસારી અપુનર્બંધક જીવોના સુકૃતોને પણ અનુમોદુ છું. આ જીવો પણ સુકૃતોની પરંપરામાં આગળ વધતા છેક નિર્વાણપદને પામે આવી શુભભાવના ભાવું છું.

પ્રાન્તે સહુ જીવો પ્રત્યે મૈત્રીભાવને પુનઃપુનઃ જાહેર કરતો હું સર્વના કલ્યાણને ઈચ્છું છું.

शिवमस्तु सर्व जगतः परहितनिरता भवन्तु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशं, सर्वत्र सुखी भवतु लोकः ।

સર્વ જગતનું (જીવોનું) કલ્યાણ થાવ, પ્રાણી સમુદાયો પરહિતમાં રક્ત બનો, દોષો નાશ પામો,

સમસ્ત લોક (જગત) સુખી થાવ....



## (૮)
## દેવાધિદેવની કરુણા

દુનિયામાં માતાનો પુત્ર પરનો વાત્સલ્યભાવ અજબનો ગણાય છે. માતા પોતાના પુત્રના દુઃખને સહન કરી શક્તી નથી, એટલે પોતે દુઃખ સહીને પણ પુત્રના દુઃખને દૂર કરવા પ્રયત્ન કરે છે. માતાઓએ પેટે પાટા બાંધીને (ભૂખ્યા રહીને) પણ પુત્રોને ભણાવ્યા છે, સુખી કર્યા છે, જીવનમાં સમૃદ્ધિવંત બનાવ્યા છે. આવા અઢળક દૃષ્ટાંતો છે.

પરમાત્મા જગતના સર્વ જીવોની માતા સ્વરૂપે છે. માતાના પુત્ર પરના વાત્સલ્યભાવથી, પરમાત્માનો જગતના સર્વ જીવો પ્રત્યે અનેક-ગણું વાત્સલ્ય હોય છે. માતા પોતાના પુત્રના દુઃખને સહી શકતી નથી, દૂર કરવા પ્રયત્ન કરે છે, તેમ પરમાત્મા પણ જીવોના દુઃખોને સહન કરી શક્તા નથી. આગલા ત્રીજા ભવમાં જીવોનાં દુઃખોથી કરુણાન્વિત થઈ અને તે દૂર કરવા પ્રબળ પુરુષાર્થ તેઓએ કરેલ અને તેના જ કારણે તીર્થંકર નામકર્મ જેવી ઉત્કૃષ્ટ પુણ્યપ્રકૃતિનું ઉપાર્જન કરેલું. છેલ્લા ભવમાં પણ કેવળજ્ઞાન થતાંની સાથે જ તેઓએ જગતના જીવોના દુઃખ દૂર કરવા જ શાસન-સંઘની સ્થાપના કરી. દ્વાદશાંગીનું નિર્માણ ગણધરો પાસે કરાવ્યું અને જીવનના અંત સુધી શાસનને આગળ વધાર્યું. અને પોતાની પાછળ પણ શાસન આગળ વધતું જ જાય તેવી વ્યવસ્થા કરી.

જરૂર છે માત્ર પ્રભુ પ્રત્યે શ્રદ્ધા, આદર અને બહુમાન ઉભુ કરવાની. ભયભીત થયેલ બાળક જેમ માતાને ચોંટી પડે છે, એ જ રીતે સંસારના ભયથી આપણે પરમાત્માને પકડી લેવા જોઈએ. કુમારપાળ મહારાજા પણ પ્રભુની સ્તવનમાં જણાવે છે.

'ભયભીત થઈ એહથી પ્રભુ તુજ શરણુ મે ગ્રહ્યું,
જગવીર ! દેવ ! બચાવજે મે ધ્યાન તુજ ચિત્તે ધર્યું.'

આપણે સૌ પણ કરુણાન્વિત દેવાધિદેવનું શરણ સ્વીકારી નિર્ભય થઈએ.

(૯)

શાસ્ત્રો કાચા પારા કેવા છે. કાચો પારો ગમે તેને પચી ન શકે. હોંશિયાર વૈદો તેને પકાવી તેમાંથી વિવિધ પ્રકારના ઔષધો બનાવી દરદીઓને એની યોગ્યતાનુસાર આપે છે તે દ્વારા અનેકના રોગોનું નિવારણ થાય છે. વિપરીત રીતે અપાય તો નુકશાન થાય.... આ જ રીતે શાસ્ત્રમાંથી ગીતાર્થ ગુરુભગવંતો જ વ્યક્તિને યોગ્ય જે વાતો હોય તે બરાબર વ્યવસ્થિત કરીને તેને આપે તો તેને લાભ કરે, અન્યથા વિપરીત રીતે અપાય તો નુકશાન કરે. સ્વયં જાતે જ શાસ્ત્રોને (ગુરુગમ વિના) ગ્રહણ કરે તો પણ ભયંકર નુકશાન થાય.

આજે પરદેશીઓ પાસે આપણા શાસ્ત્રો સીધા ગયા તે તેમને અને જગતને ભયંકર નુકશાન કરનારા થયા છે. આપણા આગેવાનોની વધુ પડતી સરળતા અને દૂરંદેશીપણાના અભાવના કારણે શાસ્ત્રો જગત માટે ખુલ્લા મુકાયા જેનું ભયંકર સ્વપરવિનાશનું પરિણામ આજે દેખાય છે, હજુ ઘણા દેખાશે.

ગુરુગમ વિના શાસ્ત્રો ભણી શકાય જ નહીં. જેઓ ભણ્યા તેઓએ સ્વપરને મોટા નુકશાનો કર્યા છે.

કાચો પારો સ્વયં ખાઈ જાય તો પેટ ફાટી જાય, એમ ગુરુગમ વિના માત્ર સંસ્કૃત-પ્રાકૃત ભાષાનો અભ્યાસ કરી જેઓએ શાસ્ત્રો ભણવા માંડ્યા, તેઓએ પોતાને અને જગતને ઘણું નુકશાન પહોંચાડ્યું છે.

આજે યુનીવર્સિટીઓમાં થતાં જૈનોલોજી વગેરેના અભ્યાસોમાં ગુરુગમ નથી. આના ખતરનાક પરિણામો આવવાના છે, ભવિષ્યમાં દેખાશે.

તમે ગુરુગમ વિનાના ગમે તેવી વ્યક્તિના હાથમાં જ્યારે આપણા રહસ્યમય આગમાદિ શાસ્ત્રો મુકો છો, ત્યારે તમે બિલકુલ અભ્યાસ વિનાના હાથમાં ભારે શસ્ત્રો મુકો છો જેના કારણે તેના પોતાનો તથા બીજાઓનો પણ નાશ થશે.



(૧૦)

मदिरेव मोहजनकः कः ? स्नेहः ।

- પ્રશ્નોત્તર રત્ન.

પ્ર. - મદિરાની જેમ મોહને ઉત્પન્ન કરનાર કોણ ?

ઉ. - સ્નેહ

મહાપુરુષે ખૂબ માર્મિક વાત બતાવી છે આપણે મોહને જીતવા નીકળ્યા છીએ. આપણું લક્ષ્ય પણ મોહને જીતવાનું છે. આપણો સ્વાધ્યાય વગેરે પણ એક માત્ર જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ પ્રાપ્ત કરવા માટે નથી, પરંતુ મોહનીય કર્મના ક્ષયોપશમને પ્રાપ્ત કરવા માટે છે. ત્યારે મોહનીય કર્મને વધુ તીવ્ર બનાવે, તેવા કારણોને સમજીને આપણે તેનાથી દૂર રહેવું જરૂરી છે, તેનું વર્જન કરવું જરૂરી છે.

મોહને મદિરા જેવો ગણેલ છે. મદિરાગ્રસ્તને જેમ પોતાની જાતનું ભાન નથી હોતું તેમ મોહાધીન જીવોને પોતાના આત્માનું ભાન રહેતું નથી, તેથી મોહાધીન જીવો પોતાની પ્રત્યેક પ્રવૃત્તિ દ્વારા ઘોર અને તીવ્ર અશુભ કર્મોનો બંધ કરી સંસારમાં પરિભ્રમણ કરે છે. સંસારની વૃદ્ધિ કરે છે.

હવે વિચારીએ કે આ મોહને ઉત્પન્ન કરનાર કોણ ? અર્થાત્ આત્માને ભુલાવનાર કોણ ? મહાપુરુષ જવાબ આપે છે - 'સ્નેહ'

સ્નેહ એ મોહની વૃદ્ધિ કરે છે સ્નેહથી મોહની વૃદ્ધિ થાય છે તેમાં પણ વિશેષ કરીને વિજાતીય તત્ત્વ પ્રત્યે ઉત્પન્ન થતો સ્નેહ ભયંકર અપાયને કરનાર છે. મોહના ઉન્માદને ખૂબ વધારનાર છે તેથી તે સ્નેહનું વિશેષે કરીને વર્જન કરવું આવશ્યક છે.

સ્નેહના હ્રાસ માટે કે નિવારણ માટે મુખ્ય ઉપાય છે, સ્નેહની વૃદ્ધિ થાય તેવા નિમિત્તોથી દૂર રહેવું.

વિજાતીયના વારંવાર દર્શનથી, પરિચયથી, વાતો ચિતોથી, ભેટ સોગાદોની પરસ્પર લેવડ-દેવડથી, તેમની જોડેના પત્રવ્યવહારથી,

તેમના શબ્દશ્રવણથી, પરસ્પરના સ્પર્શોથી, તેમના વિષેના ચિંતનથી વગેરે કારણોથી સ્નેહની વૃદ્ધિ થાય છે. જે કામરાગમાં પરિણમી જીવનું નિકંદન કાઢી નાંખે છે, માર્ગથી ભ્રષ્ટ કરે છે. સાધુને કે ગૃહસ્થને સદાચારમાંથી દુરાચારમાં ખેંચી જાય છે આ લોકને બગાડે છે. દુર્ગતિમાં જીવને ઘસડી જાય છે. સંસાર પરિભ્રમણ કરાવે છે. માટે જ પરમાત્માએ સ્નેહનો કે કામરાગનો નિગ્રહ કરવા બ્રહ્મચર્યની નવવાડનું પ્રતિપાદન કરેલ છે.

દેવ, ગુરુ, શ્રુત, ધર્મ, સંઘ વગેરે પ્રત્યેનો સ્નેહ એ પ્રશસ્ત સ્નેહ છે અને તે ઉપરોક્ત અપ્રશસ્ત સ્નેહને દૂર કરે છે માટે ઉપાદેય છે.

સર્વ-જીવો પ્રત્યેનો સ્નેહ પરિણામને મૈત્રીભાવ કહે છે. આમાં પણ જીવોના આત્મા પ્રત્યેનો સ્નેહ કરવાનો છે બાહ્ય શરીરાદિ રૂપ, શબ્દ, સ્પર્શ, વગેરેનો સ્નેહ નથી કરવાનો.

સૌ કોઈ જીવો દેવગુરુધર્મ વગેરે પ્રત્યે પ્રશસ્ત સ્નેહ ઉભો કરી અપ્રશસ્ત સ્નેહનો નિરોધ કરી શિવસંપદા પામો એ જ શુભેચ્છા.

**(૧૧)**

નીચેની શાસ્ત્રીય વાતને ગંભીરપણે વિચારીએ. આત્મા જ્યારે પ્રથમ સમ્યક્ત્વ પ્રાપ્તિ કરી રહ્યો હોય છે, ત્યારે યથાપ્રવૃત્તકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ નામના ત્રણ કરણ પ્રવર્તે છે.

કરણ એટલે આત્માની વિશિષ્ટ વીર્યશક્તિ અથવા આત્માના વિશુદ્ધ પરિણામ આ ત્રણે કરણ અંતર્મુહુર્તના હોય છે. પ્રથમ યથાપ્રવૃત્તકરણની વિશુદ્ધિથી જીવ ગ્રંથિસ્થાન સુધી આવે છે.

ગ્રંથિ એટલે રાગદ્વેષનો નિબિડ પરિણામ જેમ વાંસમાં કે શેરડીના સાંઠામાં ગાંઠ હોય છે તેમ.

આ ગ્રંથિદેશ સુધી અભવ્યના જીવો પણ આવે છે, પણ અહીંથી તેઓ આગળ વધી શક્તા નથી.



ભવ્યજીવો પણ અનેકવાર આ ગ્રંથિદેશ સુધી આવીને પાછા વળી જાય છે. ગ્રંથિ દેશને ભેદી શક્તા નથી અર્થાત્ પરિણામ પાછા પલટાઈ જાય છે.

કોઈક (સમ્યક્ત્વ પામનાર) જીવો અપૂર્વ વીર્યોલ્લાસથી ગ્રંથિ ભેદવાનું કાર્ય કરે છે.

અપૂર્વવીર્યોલ્લાસથી ગ્રંથિ ભેદવાના કાર્યના અધ્યવસાય એ જ અપૂર્વકરણ.

જીવ સમ્યક્ત્વ પ્રાપ્તિ પૂર્વેથી અનંતગુણ વિશુદ્ધિમાં વધતો જાય છે, પણ અપૂર્વકરણથી એ વીર્યોલ્લાસ અતિશયપણે પ્રવર્તે છે.

આ વખતે કર્મબંધ વગેરે સ્થિતિ વિચારીએ.

**(૧) શુભકર્મો જ બંધાય છે. અશુભકર્મો જે ધ્રુવબંધિ છે તે અત્યંત અલ્પરસવાળા (બે ઠાણીયા) બંધાય છે.** ધ્રુવબંધિ પુણ્યપ્રકૃતિઓ વર્ણાદિ ૪ - તૈજસ - કાર્મણ શરીર નામકર્મ, અગુરુલઘુ, નિર્માણ આ આઠનો ચાર ઠાણીયો તીવ્ર રસ બંધાય છે.

વળી, પ્રત્યેક અંતર્મુહુર્તે કર્મનો સ્થિતિબંધ ઓછો થતો જાય છે. અમુક કર્મપ્રકૃતિઓનો એવો સ્વભાવ હોય છે કે તે પ્રકૃતિઓનો બંધવિચ્છેદ જે ગુણસ્થાનકે થાય છે ત્યાં સુધી અવશ્ય બંધાય છે તે કર્મપ્રકૃતિઓને **ધ્રુવબંધિ** કહેવાય છે.

જ્ઞાનાવરણ-૫, દર્શનાવરણ ૯, અંતરાય-૫, ૧૬ કષાય, મિથ્યાત્વ મોહનીય, ભય, જુગુપ્સા, વર્ણાદિ-૪ તૈજસ-કાર્મણ શરીરનામકર્મ, અગુરુલઘુ, ઉપઘાત, નિર્માણ...

આ ૪૭ પ્રકૃતિઓ ધ્રુવબંધિ છે.

(૧) પ્રતિસમય વળી અશુભકર્મોનો થતો બંધ અનંતગુણહીન રસવાળો થાય છે. અનંતગુણહીન એટલે માત્ર અનંતમો ભાગ, શુભ કર્મોનો બંધ અનંતગુણરસવાળો થાય છે.

(૨) પૂર્વબદ્ધ અશુભકર્મપ્રકૃતિઓનો બંધાતી શુભ પ્રકૃતિઓમાં સંક્રમણ

થાય છે. એટલે જે કર્મો પૂર્વે અશુભભાવથી બાંધ્યા હતા, અશુભ ફળ આપનાર હતા તે શુભફળ આપે તેવા થઈ જાય છે.

(૩) શુભ કર્મોના રસની **ઉદ્વર્તના** થાય છે એટલે વૃદ્ધિ થાય છે એટલે પુણ્યકર્મ અત્યંત મજબૂત થાય છે.

(૪) અશુભકર્મોના (સ્થિતિ અને) રસની અપવર્તના થાય છે એટલે હાનિ થાય છે. એટલે પાપકર્મો નબળા પડે છે અલ્પ શક્તિવાળા બને છે.

(૫) અશુભકર્મોનો રસ ઘટાડીને **ઉદીરણા** કરવા દ્વારા ઉદયમાં લાવી નિર્જરા કરાય છે. ઉદીરણા એટલે જેનો ઉદય મોડો થવાનો છે, તેવા કર્મને તાત્કાલિક ઉદયમાં (ઉદયાવલિકામાં) લાવી જલ્દી નિર્જરા કરવી.

(૬) મિથ્યાત્વ મોહનીય કર્મનો ઉપશમ અને અનંતાનુબંધિ ચારનો ક્ષયોપશમ થાય છે. **ઉપશમ** એટલે અમુકકાળ સુધી ઉદયમાં ન આવે તેવી અવસ્થા કરવી. ક્ષયોપશમ એટલે કર્મનો રસ ગુણને ઘાત ન કરી શકે તેવો ઓછો કરી ભોગવવો.

(૭/૮) પુણ્યકર્મની **નિધત્તિ** અને **નિકાચ**ના થાય છે. નિકાચના એટલે અવશ્ય ભોગવાય જ તેવા કરવા (પાછળથી ભાવ પલટાય તો પણ કર્મોમાં ફેર ન પડે.) નિધત્ત એટલે પણ સ્થિતિરસ ઓછાવત્તા થઈ શકે, પણ પછી અવશ્ય ભોગવાય જ તેવા થાય.

(૯) ગુણશ્રેણી દ્વારા અસંખ્ય અસંખ્યગુણ કર્મદલિકોની નિર્જરા થાય. નિર્જરા એટલે કર્મ આત્માથી છુટા પડે.

**કેટલા બધા લાભો !**

(૧) પુણ્યકર્મનો બંધ.

(૨) અન્ય પૂર્વબદ્ધ પાપકર્મોનું પુણ્યકર્મરૂપે થવું.



(૩) પૂર્વબદ્ધ પુણ્યકર્મના રસની વૃદ્ધિ (અનંતગુણ)

(૪) પૂર્વબદ્ધ પાપકર્મના રસની હાનિ (અનંતગુણ)

(૫) અશુભ કર્મોની નિર્જરા

(૬) સત્તાગત કર્મની સ્થિતિ ઓછી થવી. બંધાતા કર્મની પણ સ્થિતિ ઓછી થતી જવી (સ્થિતિ એટલે કર્મને આત્મા સાથે રહેવાનો કાળ, રસ એટલે કર્મની ફળ આપવાની શક્તિ.)

(૭) **પુણ્યકર્મની નિધત્તિ :** નિધત્તિ એટલે એવી મજબૂતાઈ કે જે પાછળથી ભાવ પલટાય તો પણ તે નષ્ટ ન થાય. ભોગવવા મળે જ. ભાવ પલટાય તો રસની, સ્થિતિની હાનિ થાય.

(૮) પુણ્યકર્મની નિકાચના એટલે એવી પુષ્ટિ કે તે ભોગવવાનું અવશ્ય મળે. ભોગવ્યા વિના છૂટે નહીં રસ પણ ઘટે નહિં. (ચક્રવર્તિપણાના કે તીર્થંકરપણા વગેરેના કારણભૂત પુણ્યકર્મો પ્રાપ્ત થાય.)

આ બધા લાભો પાછળનું કારણ છે એક માત્ર વધતા જતાં શુભ પરિણામો, શુભ અધ્યવસાય, શુભભાવ. માટે હે જીવ ! તું કોઈ પણ હિસાબે દૃઢ સંકલ્પ કરીને પણ તારા અશુભપરિણામ ને દૂર કરી શુભ પરિણામને ઊભા કર, અને તેને ટકાવી રાખ, વૃદ્ધિ કર - અશુભ પરિણામ મનમાં ઉભા ન થવા દે.

હા, પણ આવા અપૂર્વ લાભને કરાવનાર શુભ ભાવો પ્રાપ્ત થવા, પ્રાપ્ત થયા પછી ટકવા અત્યંત મુશ્કેલ છે કઠિન છે માટે આવા શુભભાવોને પ્રાપ્ત કરવા અને ટકાવવા વૃદ્ધિ કરવા માટે વ્યવહારમાર્ગ અપનાવવો જ પડશે એ જ તેનો એક માત્ર ઉપાય છે. વ્યવહાર માર્ગ એટલે...

(૧) દેવ-ગુરુ-ધર્મ-સાધર્મિક-સંઘ-ચૈત્ય વગેરે પ્રત્યેની અજોડ શ્રદ્ધા, ભક્તિ, આદર, બહુમાનપૂર્વક વૈયાવચ્ચ, વારંવાર અરિહંતાદિના શરણ સ્વીકાર.

(૨) અઢારે પાપ સ્થાનકોનો નિગ્રહ, જેમ બને તેમ પાપપ્રવૃત્તિ ઘટાડતાં જવી, જે ન છૂટે કે સત્ત્વ કે શક્તિના અભાવે કરવી પડે તે પણ ખૂબ દુભાતા દિલે કરવી, વળી સ્વકૃત દુષ્કૃતોની ખૂબ ભાવ પૂર્વક નિંદા ગર્હા કરવી.

(૩) સુકૃતો જીવનમાં જેટલા શક્ય હોય તેટલા કરતાં જ રહેવાના, તેમાં જરા પણ ઓછાશ નહીં લાવવાની વધુને વધુ કરતાં રહેવાના.

સ્વાધ્યાય, જાપ, કાઉસ્સગ્ગ બાહ્ય તપ, અભ્યંતર તપ, પરાર્થ, પ્રાયશ્ચિત્ત, વિનય વગેરે સ્વની આરાધના, દાન, સંઘભક્તિ, સાતક્ષેત્રની ભક્તિ વગેરે દ્વારા પરની આરાધનામાં સહાયક થવું વગેરે તથા વિશ્વમાં થયેલા-થતાં અને થનારા સુકૃતોનું ખૂબ-ખૂબ અનુમોદન કરતાં રહેવું.

(૪) ઉત્પન્ન થતાં તથા પૂર્વે થયેલ અશુભભાવો અને થતી અશુભ પ્રવૃત્તિઓની ખૂબ નિંદા ગર્હા કરવી. ગુરુ સમક્ષ પ્રાયશ્ચિત સ્વીકારી તેની શુદ્ધિ કરવી.

ટૂંકમાં દેવાધિદેવ અરિહંત પરમાત્માની જગહિતકારિણી આજ્ઞાને સર્વોપરિપણે સ્વીકારી તે મુજબ જીવન જીવવાનો પ્રયત્ન કરવો.

દુષ્કૃતો છોડવા

સેંકડો સુકૃતો આચરવા

અરિહંતાદિ ચાર શરણ વારંવાર સ્વીકારવા. શ્રાવકના અણુવ્રતોનું પાલન કરવું. સુકૃતોની હારમાળા ઊભી કરવી. સત્ત્વ-શક્તિ અને ઉલ્લાસ વધારતાં એક ક્ષણે સંપૂર્ણપણે સંસાર ત્યાગી સંયમજીવન સ્વીકારી, તેમાં પણ પંચમહાવ્રતનું પાલન, ચરણસિત્તરી કરણ સિત્તરીનું પાલન કરતાં-કરતાં પરિણામોની શુદ્ધિ કરતા રહેવી. આમ કરતાં ક્ષપકશ્રેણીની પ્રાપ્તિ થશે. અઘાતિ કર્મ દૂર થશે જીવ અક્ષય, અખંડ, અનંત, અવ્યાબાધ કોટિના સુખને સિદ્ધિગતિમાં પહોંચી ભોગવશે. હંમેશ સર્વ પ્રકારના દુ:ખોનો અંત આવશે.



**(૧૨)**

जिह्वे ! प्रह्वीभव त्वं सुकृतिसुचरितोच्चारणे सुप्रसन्ना,
भूयास्तामन्यकीर्तिश्रुतिरसिकतया मेऽद्य कर्णौ सुकर्णौ ।
वीक्ष्यान्यप्रौढलक्ष्मीं द्रुतमुपचिनुतं लोचने रोचनत्वं,
संसारेऽस्मिन्नसारे फलमिति भवतां जन्मनो मुख्यमेव ।।

- પ્રમોદભાવના

પૂ. ઉપાધ્યાયજી વિનયવિજયજી મ.સા.

આ શ્લોકમાં ત્રણ ઈન્દ્રિયોને શિખામણ આપે છે.

(૧) હે જીભ ! બીજાનાં સુકૃતો અને ઉત્તમ આચરણને બોલવા માટે પ્રસન્નતાપૂર્વક તૈયાર થા

(૨) હે મારા કાન ! બીજાની સુકીર્તિના શ્રવણની રસિકતાથી (રસથી) તમે સુકર્ણ બનો.

(૩) બીજાની પ્રૌઢ અભ્યંતર લક્ષ્મી જોઈને મારી આંખોમાં જલ્દીથી અત્યંત રોચકપણું થાવ (આનંદ પ્રવર્તો).

આ અસાર સંસારમાં તમારા જન્મનું મુખ્ય ફળ આ જ છે.

જન્મનું મુખ્ય ફળ એટલે આપણી ત્રણે ઈન્દ્રિયો આ પ્રકારે વર્તન કરે તો આપણો ભવ સફળ છે, અન્યથા નિષ્ફળ છે.

ત્રણે વાત બરાબર વિચારીએ.

(૧) આપણી જીભ બીજાના સુકૃતોનું અને ઉત્તમ આચારોનું આનંદપૂર્વક કેટલું ઉચ્ચારણ કરે છે ? બીજાના સુકૃતો જાણતા-જોતા કે સાંભળતાની સાથે જ આપણી જીભ તેની અનુમોદના કરવા લાગી જાય છે ખરી ? જોરદાર પ્રશંસા કરવા મંડી જાય છે ? આપણને અન્યના સુકૃતો જાણતાની સાથે જ સર્વત્ર તેના ગુણગાન કરવાનું મન થાય છે ? (કે બીજાના દુષ્કૃતો જાણવા મળતાની સાથે જ નિંદા કરવાનું મન થાય છે ?)

(૨) આપણા કાન અન્યની કીર્તિ સાંભળવામાં ખૂબ રસવાળા છે ?

કાનને બીજાની યશઃકીર્તિ સાંભળવામાં રસ પડે છે ? (કે નિંદા સાંભળવામાં રસ પડે છે ?)

(૩) બીજાની ઝડપથી પ્રાપ્ત થયેલી બાહ્ય અભ્યંતર પ્રૌઢ લક્ષ્મીને જોતાની સાથે આપણી આંખ નાચી ઉઠે છે ? બીજાની શ્રીમંતાઈ કે ઐશ્વર્ય જોતાની સાથે આંખ પ્રસન્ન બને છે, હૃદય આનંદિત થાય છે ? કોઈ દરિદ્રાવસ્થામાંથી એકદમ ઊંચે આવ્યા તે જોઈ આપણને કેટલો હર્ષ થયો ? (કે બીજાની આબાદી જોઈને આપણે મત્સરથી બળી ગયા ?)

આ ત્રણ વાતો આપણે આપણા હૃદયના ઉંડાણમાં દ્રષ્ટિ નાંખી વિચારીએ. આ ખૂબ જ મહત્ત્વની વાતો છે. આના ઉપર આપણા મોંઘેરા મનુષ્ય ભવની સફળતા નિષ્ફળતાનો આધાર છે. આપણી સાધનાઓ પણ આ ત્રણ વસ્તુથી જ સફળ થશે.

**(૧૩)**

આ આર્યદેશમાં એવી પ્રણાલિકા હતી કે સત્ત્વશીલ અને વૈરાગ્યભાવને પામેલા જીવો અર્થ અને કામનો પુરુષાર્થ સર્વથા ત્યાગ કરી સાધુજીવન સ્વીકારતાં અને જીવતાં.

બાકીના જીવો અર્થપુરુષાર્થ કામપુરુષાર્થનો સંપૂર્ણ ત્યાગ નહિ કરી શકતા, પણ જીવનમાં ધર્મપુરુષાર્થ અને મોક્ષપુરુષાર્થને મુખ્ય કરતા અને અર્થપુરુષાર્થ અને કામપુરુષાર્થને ગૌણ કરતા એટલે નીતિ અને સદાચાર રૂપ ધર્મને બાધક થાય તેટલી કક્ષાએ અર્થપુરુષાર્થ કે કામપુરુષાર્થની આચરણા નહીં કરતા.

આજે આનું શીર્ષાસન થઈ ગયું છે ગૃહસ્થોએ અર્થપુરુષાર્થ અને કામપુરુષાર્થને પ્રધાન કર્યો છે, અને ધર્મપુરુષાર્થ અને મોક્ષપુરુષાર્થની તો લગભગ બાદબાકી કરી નાંખી છે એટલે અર્થકામની પ્રાપ્તિ માટે ગમે તેવા પાપો કરતાં તથા અનેક લોકોને પીડા કરતાં તેઓ અચકાતા નથી.



આજની સઘળી સમસ્યાઓનું આ જ એક માત્ર મૂળ છે અને સઘળી સમસ્યાઓના ઉકેલનો ઉપાય પણ એ જ છે કે ગૃહસ્થોના જીવનમાં ધર્મપુરુષાર્થની મુખ્યતા સ્થપાઈ જાય અર્થપુરુષાર્થ-કામપુરુષાર્થ ગૌણ થાય, સાધુઓએ પણ આ માટે ઉપદેશ આપી લોકોમાં જીવનમાં ધર્મની મુખ્યતા આપે તેમ કરવું જોઈએ. વળી સાધુઓએ પોતે પણ વિશેષ સંયમી બનવું જોઈએ તો જ આ જગતની રક્ષા અને ઉદ્ધાર થશે.

**(૧૪)**

'જ્યાં પ્રાણ હોય છે ત્યાં મન અવશ્ય હોય છે. તેથી મનની સ્થિરતા થતા સહજ રીતે જ પ્રાણવૃત્તિ સ્થિર થઈ જાય છે.'

પ્રાણ એટલે શ્વાસોશ્વાસ આનાથી મન અને શ્વાસોશ્વાસના પરસ્પરના સંબંધ હોવાનું નક્કી થાય છે. એટલે મન જેટલું સંક્લિષ્ટ, વિકલ્પોવાળુ, વ્યગ્ર, ચિંતાશીલ એટલા શ્વાસોશ્વાસ પણ બગડે છે, જ્યારે મન નિર્મળ શાંત, પવિત્ર, પરમાત્માના ધ્યાનમાં એકાગ્ર તેટલા શ્વાસોશ્વાસ પણ સ્થિર અને વ્યવસ્થિત બને છે તેથી શારીરિક આરોગ્ય પણ સારૂં જળવાય છે. હૃદયમાં ધ્યાન કરવાનું વિધાન અનેક ઠેકાણે બતાવ્યું છે તેનાથી પણ લાભ એ છે કે હૃદયને પ્રાણવાયુ વિશેષ મળે. હૃદય લોહીને ચારે બાજુ શુદ્ધ કરીને મોકલે છે. ત્યારે હૃદયમાં આ શુભ ધ્યાનથી લોહી પ્રાણવાયુ દ્વારા વિશેષ શુદ્ધ થઈ સમસ્ત શરીરમાં પહોંચી જાય છે એટલે સમસ્ત શરીર પણ નીરોગી થતું જાય છે.'

**(૧૫)**

હે ભાઈઓ ! એક મહત્ત્વની મારી વાત જરા ધ્યાનથી સાંભળો આપણા આત્મામાં અંદર ત્રણ ત્રણ પ્રકારના પુણ્ય-પાપો રહેલા (પડેલા) છે.

| | |
|---|---|
| (૧) પુણ્યાનુબંધિ પુણ્ય | (૧) પુણ્યાનુબંધિ પાપ |
| (૨) પાપાનુબંધિ પુણ્ય | (૨) પાપાનુબંધિ પાપ |
| (૩) અનનુબંધિ પુણ્ય | (૩) અનનુબંધિ પાપ |

આમાં અનનુબંધિ પુણ્ય-પાપ માત્ર ઉદયમાં આવીને ભોગવાઈ જશે. બહુ નવા-જુની નહીં કરી શકે.

પુણ્યાનુબંધિ પુણ્ય તો ખૂબ જ લાભદાયી થશે, તેના પ્રભાવથી છેક મોક્ષ સુધી શુભ પરંપરા ચાલશે.

પુણ્યાનુબંધિ પાપ પણ બહુ નુકશાનકારી નહિં થાય. થોડા ટાઈમ પૂરતી તકલીફ આપી નવું શ્રેષ્ઠ પુણ્ય બંધાવી વિલય પામશે.

પણ પાપાનુબંધિ પુણ્ય અને પાપાનુબંધિ પાપ આ બે બહુ જ ખરાબ છે આપણું ખૂબ જ અનિષ્ટ કરશે, તેમાં પણ પાપાનુબંધિ પુણ્ય તો સુખની સામગ્રી (ધન, યૌવન, અનુકૂળ વિષયો, બુદ્ધિ, આદેય નામકર્મ વગેરે) આપીને ઘોર પાપો કરાવે છે. પાપાનુબંધિ પાપ પણ વર્તમાનમાં દુઃખો સાથે દુર્ધ્યાન આપીને દુર્ગતિમાં રખડાવશે. માટે આ પાપાનુબંધિ એવા પુણ્ય-પાપ બંનેને આપણે બદલવા પડશે. તેને પુણ્યાનુબંધિમાં પરાવર્તિત કરવા પડશે. અને એનો શ્રેષ્ઠ ઉપાય છે દુષ્કૃત ગર્હા. આ ભવ અને પરભવોમાં થયેલા પાપોની નિંદા, ગુરુ સાક્ષીએ ગર્હા, પ્રાયશ્ચિત વગેરે. આ વારંવાર કરવાથી અશુભ (પાપ) અનુબંધો નાશ પામશે. અને તે શુભ અનુબંધોમાં પરાવર્તન પામશે.

સાથે-સાથે પુણ્યાનુબંધોને પુષ્ટ કરવા સુકૃતાનુમોદના આપણા અને બીજાના સુકૃતોની પણ અત્યંત આવશ્યકતા રહેશે. એનાથી પુણ્યાનુબંધિ પુણ્ય પુષ્ટ થશે, વિશેષ પુણ્યની સામગ્રીઓ જેવી કે દેવ-ગુરુ-ધર્મ, ચૈત્ય, સાધુ, સંઘ વગેરેની પ્રાપ્તિ થશે, સુકૃતો જીવનમાં વધતા જશે અને છેક મુક્તિ સુધી સહેલાઈથી પહોંચી જવાશે.

આ બંને (દુષ્કૃતગર્હા-સુકૃતાનુમોદના) કરવા માટે તમારે તે પૂર્વે



અરિહંત પરમાત્મા, સિદ્ધ પરમાત્મા, સાધુ ભગવંતો અને ધર્મના શરણને સ્વીકારવું પડશે.

આનાથી તમારી આરાધના નિર્વિઘ્ન થશે. વળી આ ત્રણ વસ્તુથી (ચાર શરણ સ્વીકાર, દુષ્કૃત ગર્હા-સુકૃતાનુમોદનાથી) તમારું ભવ્યત્વ (મોક્ષમાં જવાની યોગ્યતા) પરિપક્વ થશે અને મુક્તિ નિકટ થશે.

આ ત્રણે આરાધનાઓ, સુખપૂર્વક સરળતાથી થઈ શકે તેવા પણ શાસ્ત્રો (સૂત્રો) ઘણા છે. પણ આમાંથી પંચસૂત્ર ૧લુ સૂત્ર તથા અમૃતવેલ સજ્ઝાય (ચેતન ! જ્ઞાન અજુવાળીએ) તમને ખૂબ જ ઉપયોગી થશે. માટે આ બેનું વારંવાર રટણ કરી ઉક્ત સાધના કરી, અશુભ અનુબંધોને તોડી શુભ અનુબંધોને પુષ્ટ કરી તમે સૌ શીઘ્ર મુક્તિને પામો એ જ શુભાભિલાષા.

**(૧૬)**

પૃથ્વી પર વહેતી સરિતાનો જનક છે પર્વત. પર્વત પરથી ઉલ્લાસથી નીકળી સ્વપતિ સમુદ્રને મળવા સરિતાએ દોટ મૂકી છે, ખૂબ ઉલ્લાસભેર એ પતિને ભેટવા જઈ રહી છે તેનો મુખ્ય આશય પતિમાં લય પામી જવાનો છે. પોતાના આસ્તિત્વને નષ્ટ કરીને પતિમય બની જવાનું છે. પતિ એવો સમુદ્ર પણ એટલા જ ઉલ્લાસથી એને સ્વીકારવા તૈયાર છે અને પોતાનામાં સમાવી દેવા ઉત્કંઠિત છે. આ સરિતાની વિશેષતા તો જુઓ. પતિને મળવા જતાં માર્ગમાં આવતા વૃક્ષો ખેતરો ગામ-નગરો-જંગલો, વિશાળ સંખ્ય મનુષ્યો પશુઓ-પંખીઓ બધાને એ તૃપ્ત કરતી જાય છે.

બસ, ભક્ત પણ પ્રભુશાસનની સાથેના આ મનુષ્ય ભવમાં જન્મ પામીને પરમાત્મા તરફ દોડી રહ્યો છે. ખૂબ ઉત્સાહભેર એ પરમાત્મા તરફ દોડી રહ્યો છે. એને પરમાત્મામાં લય પામી જવું છે. પોતાના વર્તમાન સ્વરૂપને નષ્ટ કરી પરમાત્મામય એને બની જવું છે.

પ્રભુ પણ પોતાના ભક્તને સ્વીકારવા અને પોતાનામાં સમાવી દેવા તૈયાર છે. ભક્તની વિશેષતા જુવો કે પરમાત્મપદ તરફ દોટ મુક્તા વચ્ચે આવતા અનેક ભવ્યજનોને એ જ્ઞાનજળથી તૃપ્ત કરે છે, અનેક ભવ્યકમળોને આરાધનામાં વિકસિત કરે છે. અનેક પાત્ર જીવોને પવિત્ર કરે છે, પાપોથી છોડાવે છે આ લોક-પરલોકમાં સુખો આપે છે. અરે, ભક્ત તો સરિતાથી આગળ વધે છે અનેક પુણ્યાત્માઓને પોતાની સાથે જ પ્રભુને ભેટવા લઈ જાય છે. આમ ઉલ્લાસભેર પ્રભુને ભેટવા નીકળેલ, તન્મય (પ્રભુમય) બની જવા ઉલ્લાસથી સાધના માર્ગે દોટ મૂકી રહેલ ભક્ત ટૂંક સમયમાં પ્રભુને ભેટે છે. પોતાના વર્તમાન સંસારસ્વરૂપને જન્મ મરણાદિ વિકારોને નષ્ટ કરી સ્વયં પ્રભુમય બની જાય છે તેમની સાથે જે ગયેલ છે તે બધા પણ પરમાત્મ સ્વરૂપ પ્રાપ્ત કરે છે અને અનંત શાશ્વત સુખના સૌ ભોક્તા બને છે.

(૧૭)

'अहं' એ સૌથી મોટો પીડનારો દોષ છે. દૂર કરવો છે આ દોષને ? બળીને ખાખ થઈ જાય એવો ઉપાય છે - ર. 'ર' એ અગ્નિબીજ કહેવાય છે યોગીઓ ઘણીવાર 'ર' ના રટણથી કે ધ્યાનથી અગ્નિ ઉત્પન્ન કરી શકે છે તમે 'अहं' પર 'र्' (रेफ) મૂકી દો. અર્હં પદ થઈ જશે. એ જ ઉઠતા બેસતા રટણ કરવા માંડો. એનો લાખો અને કરોડોની સંખ્યામાં ઉપયોગ પૂર્વકનો જાપ કરો. અંતરના ઉંડાણમાંથી એની રટણાઓ કરો. એ અક્ષરોનું ધ્યાન કરો. તમારો અહં બળી જશે અને અહં બળી જતા તમને શુદ્ધ નમઃ ની પ્રાપ્તિ થશે. જેને તમે નમઃ કરશો તે અરિહંત પદ, સિદ્ધપદ વગેરેની પ્રાપ્તિ શુદ્ધ નમઃ પદ તમને કરાવશે. અત્યાર સુધીના આપણા નમસ્કાર અહંપૂર્વકના અર્થાત્ અહંત્વના ત્યાગ વિનાના છે, તેથી જોઈએ તેટલા સફળ થયા નથી. 'અહં' ના ત્યાગપૂર્વકના નમસ્કાર ખૂબ ઊંચા ફળને આપનારા બને છે.



(૧૮)

પરમાત્માની તારવાની શક્તિ કેટલી ? શું મહાવિદેહમાં વિચરતાં પરમાત્મા ત્યાં રહેલા જ જીવોને ઉપદેશ દ્વારા તારી શકે છે ? બીજા જીવો પર તેમની કોઈ અસર નથી ? ના, પરમાત્માની અસર તો ચૌદ રાજલોકના સર્વ જીવો પ્રત્યે છે, એટલે જ તેમના ચ્યવન-જન્માદિ કલ્યાણકોના પ્રસંગે ચૌદ રાજલોકમાં પ્રકાશ પથરાય છે. જગત્સ્વભાવ એવો છે કે કોઈ પણ પુદ્ગલો અલોકમાં જઈ શક્તા નથી તેથી પ્રભુના કલ્યાણકો વખતના પ્રકાશના પુદ્ગલો અલોકમાં નથી જઈ શક્તા પણ એ પ્રકાશનો પાવર તો એટલો બધો હોય છે કે સમસ્ત અલોકને પણ કદાચ અજવાળી દેત. જો જગત્સ્વભાવ આવો ન હોત તો. બીજી બાજુ નરક-નિગોદાદિ સૌ (અનંતા) જીવો પ્રભુના કલ્યાણકો પ્રસંગે આનંદ અનુભવે છે. આ બધા જીવોના આનંદનો સરવાળો કરીએ તો કેટલો થાય ? પ્રભુએ કેટલો આનંદ આ જગતમાં પ્રસરાવ્યો વહેતો મૂક્યો !

પણ હવે મૂળ વાત પર આવીએ પ્રભુ માત્ર ત્યાંના જીવોને જ તારે કે દૂર રહેલાને પણ તારે ? જવાબ એ છે કે પ્રભુનો સ્વભાવ આ જગતના સર્વ જીવોને તારવાનો છે. तिण्णाणं तारयाणं નો અર્થ આપણે શું કરીશું ? શું ભગવાન પરિમિત જીવોને જ તારનારા છે કે સર્વ જીવોને ? તેનું સમાધાન એ છે કે પ્રભુનો સ્વભાવ જ જગતના સર્વ જીવોને તારવાનો છે, અરે અભવ્ય જીવોને પણ તારવાની પ્રભુમાં શક્તિ અને સ્વભાવ છે, પણ એ જીવોનો સ્વભાવ જ નડતરરુપ છે એટલે એ તરી શક્તા નથી. બાકી પ્રભુની ભાવના (ત્રીજા ભવની) અભવ્યોને પણ તારવાની હતી અને એ ભાવનાથી સ્વભાવ (આર્હન્ત્યનો) નક્કી થયો એટલે એ સ્વભાવ પણ જગતના સર્વ જીવોને તારવાનો જ છે. વાંક છે માત્ર આપણી પાત્રતાનો. આપણી પાત્રતા જો વિકસિત કરીએ તો પ્રભુના તારકપણાનો લાભ આપણને અવશ્ય મળે.

(૧૯)

પ્રભુ ! તું અને હું એક થઈ જઈએ તો મારા દેદાર કેવા ફરી જાય. અરે, આખા જગતના દેદાર હું ફેરવી નાંખું તેવું બળ મને મળે.

આપણા બે વચ્ચેની એકતા માટે પ્રભુ ! તું તો તૈયાર જ છે. વક્રતા મારી છે. તેના કારણે તારી સાથે મારી એકતા થઈ શક્તી નથી. તેં તો સદાય હાથ લંબાવેલો જ છે ને ? પ્રભુ ! હું તારો હાથ પકડતો નથી એ જ મોટી ખામી છે ને ?

હું એ પળની જ ઝંખના કરું છું કે જે પળે પ્રભુ ! હું તારી જોડે એક થઈ તારામાં સમાઈ જઉં. તારી સાથે એકતા થતાની સાથે જ તો હું તું જ બની જવાનો છું ને ? મને ખબર છે કે જે પળે તારી સાથે એકતા થશે તે ક્ષણે જ તારી કેવલજ્ઞાન-કેવળદર્શન, વીતરાગતા, અનંતશક્તિ વગેરે મારામાં સંક્રાન્ત થઈ જવાની છે. અનંતાનંત સુખનો હું હંમેશ માટે ભોક્તા થઈ જવાનો છું, પણ મને ખબર પડતી નથી કે હું કેમ આટલો બધો વક્ર છું, કે આટલા બધા લાભો છતા તારી જોડે એકતા સાધવાની હું ઉપેક્ષા કરી રહ્યો છું ?

(૨૦)

વિશ્વમાં કેટલા બધા ઉચ્ચ કોટિના જીવો છે.

(૧) મહાવિદેહમાં વીશ વિહરમાન જિનેશ્વર ભગવંતો હાલ મોજૂદ છે.
(૨) વીશ વિહરમાન જિનેશ્વર ભગવંતના ૧૬૮૦ ગણધર ભગવંતો છે.
(૩) વીશ વિહરમાન જિનેશ્વર ભગવંતના ૨ ક્રોડ કેવળજ્ઞાની મુનિઓ છે.
(૪) વીશ વિહરમાન જિનેશ્વર ભગવંતના ૨૦ અબજ સાધુ-સાધ્વી છે.
(૫) વીશ વિહરમાન જિનેશ્વર ભગવંતના અબજો શ્રાવક-શ્રાવિકા છે.
(૬) પ્રાયઃ ૧૬૬૦ તીર્થંકર પરમાત્મા ગૃહસ્થાવસ્થામાં છે.

જેઓના ચ્યવન-જન્મ કલ્યાણક થઈ ગયા છે. દીક્ષા-કેવળજ્ઞાન નિર્વાણ કલ્યાણક આ જ ભવમાં થવાના છે.



આ તો પાંચ મહાવિદેહક્ષેત્રની વાત કરી પણ પાંચ ભરત-ઐરવત ક્ષેત્રમાં પણ હાલ લાખો આચાર્યાદિ સાધુઓ તથા સાધ્વીઓ વિચરી રહ્યા છે. ઉત્તમ કોટિના સંયમનું પાલન કરે છે અને કરોડોની સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓ શ્રાદ્ધધર્મની આરાધના કરે છે. દાન-શીલ-તપ અને ભાવ ધર્મની આરાધના કરે છે જિનચૈત્યાદિના જીર્ણોદ્ધાર, નૂતન જિન ચૈત્યનિર્માણ, સાધુ-સાધ્વી ભક્તિ, સાધર્મિક ભક્તિ, અનુકંપા જીવદયા વગેરે ઉત્તમ કાર્યો કરે છે.

અસંખ્ય સમ્યગ્દૃષ્ટિ ઈંદ્રાદિ દેવો-દેવીઓ જિનભક્તિ વગેરેથી આત્માને પાવન કરી રહ્યા છે, સમ્યક્ત્વને નિર્મળ કરી રહ્યા છે.

સૌધર્મ (૧લ્લો દેવલોક) થી અનુત્તર દેવ સુધીમાં અને ત્રણ નારકીમાં અસંખ્ય દેવો, અને નારકો હાલમાં તીર્થંકર નામ કર્મનો નિકાચિત બંધ કરી રહ્યા છે. તેવી જ રીતે મહાવિદેહક્ષેત્રમાં હજારો-લાખો મનુષ્યો પણ તીર્થંકર નામકર્મનો નિકાચિત બંધ કરી રહ્યા છે. આ બધા દ્રવ્ય તીર્થંકરો કહેવાય છે. નમુત્થુણંની છેલ્લી ગાથામાં ‘સંપઈ વટ્ટમાણા’ બોલો ત્યારે અચૂક આ મહાપુરુષોને યાદ કરી ભાવથી વંદન કરજો.

અસંખ્ય દેવો અને મનુષ્યો પણ એવા છે કે જેઓ હજુ પણ સમ્યગ્દર્શન પામ્યા નથી છતાં ક્ષમાદિ ગુણોને ધારણ કરે છે સરળજીવો છે. સંતોષી છે, નમ્ર છે. દાનાદિ ધર્મોને આચરે છે. આ જીવો પણ ટૂંક સમયમાં સમ્યક્ત્વને પામીને આરાધક થવાના છે.

હજારો લાખો ચૌદપૂર્વધર, મનઃપર્યવજ્ઞાની અવધિજ્ઞાની મુનિઓ તથા સંયમની ઉગ્ર સાધના દ્વારા જેઓને અનેક પ્રકારની લબ્ધિઓ પ્રગટ થઈ છે, તેવા લબ્ધિધર મુનિઓ વિશ્વમાં વિચરે છે.

અસંખ્યાતા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચો, અરે, સ્વયંભૂરમણ સમુદ્રમાં અસંખ્ય મત્સ્યો (માછલા) દેશવિરતિધર્મની અને સમ્યક્ત્વની આરાધના કરી રહ્યા છે. વ્રત, પચ્ચકખાણ, તપ-જપ-નિયમો, સ્વાધ્યાયાદિ કરી રહ્યા છે.

દેવકુરુ, ઉત્તરકુરુ ક્ષેત્ર, હિરણ્યવંત, હિમવંત ક્ષેત્ર, હરિવર્ષ, રમ્યક્ક્ષેત્રમાં લાખો-કરોડો યુગલિયા છે, અત્યંત સરળ છે. સંતોષી છે. ત્યાંથી દેવલોકમાં જ જવાના છે, આ ઉપરાંત અનંત સિદ્ધભગવંતો સિદ્ધશિલા ઉપર બિરાજમાન છે, જેઓ અનંત-અવ્યાબાધ સુખને ભોગવી રહ્યા છે, કેવળજ્ઞાન અને કેવળદર્શન દ્વારા સમસ્ત વિશ્વના ત્રિકાલિક સર્વે પદાર્થોને ભાવોને પ્રત્યક્ષ કરી રહ્યા છે. સર્વજ્ઞ છે, સર્વદર્શી છે વીતરાગ છે, અનંત શક્તિમાન છે, અજર છે, અમર છે, અક્ષય છે.

આ તથા બીજા અનેક ઉત્તમ જીવોની અનુમોદના કરી તેમનું નૈકટ્ય પ્રાપ્ત કરીએ. આત્માનું ઉત્થાન થઈ જશે. આપણામાં પણ અનેક ગુણો પ્રગટ થશે. દોષો નાશ પામશે, કર્મોનો વિલય થશે. સદ્‌ગતિ અને સિદ્ધિ (મોક્ષ) સુલભ થશે.

**(૨૧)**

समाहिवरमुत्तमं दिंतु ।

પ્રભુ ! સમાધિ આપો.

સમાધિ એટલે ચિત્તની સ્વસ્થતા....

ચિત્તની આનંદમય અવસ્થા....

હા ! પણ સુંદર ખાનપાન વગેરે ઈન્દ્રિયોના વિષયો અને તેના જ સાધનરૂપ ધનની પ્રાપ્તિથી પણ આ જગતના અનેક જીવો ચિત્તની સ્વસ્થતા-આનંદ પ્રાપ્ત કરે છે, પરંતુ આ ક્ષણિક છે. ભવિષ્યમાં મહાન અસ્વસ્થતા (અસમાધિ)ને આપનાર છે. આને દ્રવ્ય સમાધિ કહે છે. મારે આવી દ્રવ્ય સમાધિ જોઈતી નથી. મારે તો ભાવ સમાધિ એટલે આત્મામાં દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ સ્વસ્થતા જોઈએ છીએ. પ્રભુ ! એ આપો.

હા ! પણ એ સમાધિ પણ અનેક પ્રકારના ક્ષયોપશમ ભાવના ભેદના કારણે અનેક પ્રકારની છે. તેમાંથી મને વર્તમાનમાં જે સર્વશ્રેષ્ઠ



પ્રકારની સમાધિ હોય તે આપો... જો કે પ્રભુ ! આપને કાળનો પ્રતિબંધ ન હોય, તેથી હું તો ત્રણે કાળમાં જે સર્વશ્રેષ્ઠ સમાધિની ચિત્તની અવસ્થા છે, તે પ્રભુ ! તમારી પાસે માંગુ છું. પણ કુદરતના કર્મના નિયમો તો તીર્થંકર ભગવંતોને પણ લાગુ પડે છે તેથી જ હું ત્રણ કાળમાં સર્વશ્રેષ્ઠ સમાધિની યાચના હમણાં માટે નથી કરતો પણ ભવાંતરમાં એ પ્રાપ્ત કરવાની મારી યાચના તો પ્રભુ ! ઉભી જ છે પણ હાલમાં તો મને આ કાળમાં જેટલી શ્રેષ્ઠ સમાધિ મળી શક્તી હોય તેટલી આપો...

આ મેં પ્રભુને પ્રાર્થના કરી પ્રભુનો જવાબ - ભક્ત ! તારે આ કાળમાં જેટલી ઉત્કૃષ્ટ સમાધિ પ્રાપ્ત થઈ શક્તી હોય, તે જોઈએ છે, તો તેના હું બતાવું છું તે ઉપાયો ચાલુ કર.

(૧) સમ્યગ્દર્શનની ઉત્કૃષ્ટ આરાધના કર. એટલે દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે ઉત્કૃષ્ટ સદ્‌ભાવ, આદર ભાવ ઉભો કર. આ કાળમાં શક્ય તેટલી પ્રભુની વધુને વધુ ભક્તિ કર.

સ્મરણ, દર્શન, વંદન, પૂજન, ધ્યાન વગેરે ઉત્કૃષ્ટ ભાવથી કર. ગૃહસ્થ હોવ તો ઉત્કૃષ્ટ દ્રવ્યોથી પ્રભુ ભક્તિ કર, તને મળેલી સંપત્તિનો વધુને વધુ ઉપયોગ પ્રભુ ભક્તિમાં અને પ્રભુએ બતાવેલ સાતક્ષેત્ર, અનુકંપા જીવદયામાં કર. ઉત્કૃષ્ટ કોટિની ભાવપૂર્વક ગુરુ-ભક્તિ કર. ખૂબ આદરપૂર્વક મુનિઓની વૈયાવચ્ચ કર, ચતુર્વિધ સંઘની ભક્તિ કર. જિનાજ્ઞાનું આ કાળમાં જેટલું શક્ય હોય તેટલું પાલન કર. જિનાજ્ઞા પ્રત્યે અદ્‌ભુત પ્રેમ-શ્રદ્ધા ઉભી કર. જિનવચન જ સાર છે, બાકી બધુ અસાર છે.

'एस अट्ठे, एस परमट्ठे, सेसे अणट्ठे' સૂત્રથી આત્માને સંપૂર્ણ ભાવિત કર. આ જ (જિનવચન) અર્થ છે. કામનું-ઉપયોગી છે. આ જ વિશેષ ઉપયોગી છે, બાકી બધુ નકામું છે.

'तमेव सच्चं नीसंकं जं जिणेहिं पवेइयं'

તે જ સાચુ અને નિઃશંક છે જે જિનેશ્વર ભગવંતોએ કહેલુ છે. આ વાતને અસ્થિમજ્જા કરી દે. આઠ પ્રકારના દર્શનાચારનું સુંદર પાલન કર.

સમ્યગ્ જ્ઞાનની આરાધનાશક્તિને બિલ્કુલ ગોપવ્યા વગર કર, પ્રભુભક્તિ-ગુરુભક્તિ-સાધુવૈયાવચ્ચાદિ ઉચિત યોગોને જાળવવા પૂર્વક સ્વાધ્યાયમાં મચી પડ. ક્ષણ માત્રના પ્રમાદને પણ અવકાશ ન આપીશ. સ્વાધ્યાય પણ અંતઃસ્પર્શી કર. ભાવનાજ્ઞાનથી આત્માને ભાવિત કર. શાસ્ત્રના પ્રત્યેક વચનને અમૃત સમજી તેનું પાન કર. તેના આનંદનો અનુભવ કર. વૈયાવચ્ચાદિ યોગોમાં અને સ્વાધ્યાયમાં સદા અતૃપ્ત બન. ગૃહસ્થો દિનરાત જેમ ધનાર્જનમાં મચી પડે છે તેમ તું જ્ઞાનાર્જનમાં મચી પડ. મનને સદા પરમાત્માએ કહેલ તત્ત્વજ્ઞાનમાં લીન કરી દે. જ્ઞાનને ખાલી બોજારૂપ ન બનાવતા જ્ઞાને બતાવેલ અનુષ્ઠાનોમાં પણ આનંદભર મચી પડ.

વાચના, પૃચ્છના, પરાવર્તના, ધર્મકથા અને અનુપ્રેક્ષા સ્વરૂપ પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં અપ્રમત્તપણે લાગી જા. શક્તિ-સંયોગ-પાત્રતાનુસાર જ્ઞાનદાનમાં પણ પ્રમાદ ન કર. શ્રુતજ્ઞાનની ભક્તિના યોગમાં પણ તારી શક્તિને સારી રીતે જોડી દે. જ્ઞાની ભગવંતોની ભક્તિ-વૈયાવચ્ચ પણ અપ્રમાદપણે કર. સકલ સંઘમાં અને વિશ્વમાં શક્ય હોય તે મુજબ આજ્ઞાનુસાર પ્રભુવચનને પ્રસરાવ. અજ્ઞાની જીવોના હૈયામાં શક્ય જ્ઞાનનો પ્રકાશ પાથર. આઠે પ્રકારના જ્ઞાનાચારનું શક્ય સુંદર પાલન કર.

સમ્યગ્ચારિત્રની આરાધનામાં ખૂબ પુરુષાર્થ કર. સર્વ સાવદ્ય યોગોનો ત્યાગ કર. નિરવદ્ય યોગમાં પ્રવૃત્ત થા. પાંચે મહાવ્રતનું સુંદર પાલન કર. સંયમશુદ્ધિ-નિર્મળતા મેળવવા પ્રયત્નશીલ બન. સંયમમાં અતિચારો ન લાગે તે માટે જાગ્રત રહે. અશક્ય પરિસ્થિતિમાં લાગતા અતિચારોની શુદ્ધિ કરતો રહે. આત્મશુદ્ધિને જ તારુ લક્ષ્ય બનાવ.



પાંચે ઈન્દ્રિયોના વિષયો પર વૈરાગ્યવાસિત બન. ક્રોધ-માન-માયા લોભ ચારે કષાયો પર વિજય મેળવવા પ્રકૃષ્ટ પુરુષાર્થ કર. પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિરૂપ આઠે પ્રકારના ચારિત્રનું સુંદર પાન કર. અણસણ ઉણોદરી વગેરે છ પ્રકારના બાહ્યતપોમાં અને છ પ્રકારના આભ્યંતર તપોમાં શક્તિને બિલ્કુલ ગોપવ્યા વગર પ્રવૃત્ત થા.

જ્ઞાનાચાર-દર્શનાચાર-ચારિત્રાચાર-તપાચારમાં ઉત્સાહપૂર્વક ઉત્કૃષ્ટ વીર્ય ફોરવવું એ જ વીર્યાચાર. આ પાંચે આચારનું વર્તમાનમાં શક્ય એટલું વધુ ને વધુ પાલન કરીશ તેટલી વધુ ને વધુ સમાધિ તને પ્રાપ્ત થશે. વર્તમાનકાળમાં સર્વશ્રેષ્ઠ સમાધિ જો તારે જોઈએ છે, તો વર્તમાનકાળમાં શક્ય સર્વોત્કૃષ્ટ, પંચાચારનું પાલન કર તને અવશ્ય 'વર ઉત્તમ' સમાધિ પ્રાપ્ત થશે. બાકી એ સિવાય શ્રેષ્ઠ સમાધિની યાચના કરવા માત્રથી શ્રેષ્ઠ સમાધિ નહિં મળે. માટે મુમુક્ષુ ! વર ઉત્તમ સમાધિ તારે જોઈએ છે, તો ઉત્કૃષ્ટપણે પંચાચારનું પાલન ચાલુ કરી દે... તને અવશ્ય વર ઉત્તમ સમાધિ પ્રાપ્ત થશે.

**(૨૨)**

વરસાદ ગમે તેટલો વરસે, પણ વરસાદના પાણીના સંગ્રહ માટે જે પાત્ર જેટલું હોય તેટલું પાણી મળે. બાલ્દી, તપેલુ, કોઠી વરસાદમાં મૂકીએ તો તે ભરાય, આજે મોટા બંધો બાંધે છે. વરસાદ ગમે તેટલો પડે તો પણ બંધ જેટલો હોય તેટલું પાણી ભરાય. બાકીનું પાણી બધું સમુદ્રમાં જાય, કામ લાગતુ નથી.

થોભ્યા વિના બારે મહિના, રાત-દિવસ એક અવિરત વરસાદ વરસી રહ્યો છે અને તે પણ જાણે પુષ્કરાવર્તનો મેઘ. તમે જાણો છો આ વરસાદને ?

આ વરસાદ છે, અરિહંતોની કરૂણાનો... આ વિશ્વ એટલે ચૌદ રાજલોકમાં પરમાત્માની કરૂણા સતત અવિરત વરસી રહી છે, એની શક્તિ ઘણી છે, અદ્ભુત છે, અવર્ણનીય છે. આપણી શ્રદ્ધા જેટલી

હોય, આપણો આદર-બહુમાન, ભક્તિનો પુરુષાર્થ જેટલો હોય તેટલી કરુણા આપણને મળે.

પરમાત્માની થોડી પણ કરુણા મહાલાભને કરે. પાત્રતા વધુને વધુ વિકસિત કરી આપણે દેવાધિદેવની વધુને વધુ કરુણા પ્રાપ્ત કરીએ... આપણું જીવન ધન્ય બનશે.... સદ્ગતિ સુલભ બનશે મુક્ત નિકટ બનશે.

(૨૩)

'મને પોતાને જરા પણ દુઃખ ન આવો અને જગતની બધી જાતની સુખ સામગ્રી મને મળો.' અમ કહી આપણે નજર સામે રહેલ બીજાના દુઃખોનો વિચાર નથી કરતા, **અગર સારી ચીજ મળે તેમાં બીજાને સહભાગી બનાવવા વિચારતાં નથી.**

'મારું દુઃખ દૂર થાય અને સુખ મને મળે.' આ ઈચ્છા હીન - નિકૃષ્ટ કોટિની ઈચ્છા કહેવાય આમાં માત્ર આપણે આપણી જાતનો જ વિચાર કર્યો.

બીજાની જરૂરીયાતો અને મુશ્કેલીઓના વિચાર ન કરી શકીએ તો માણસાઈ ક્યાં રહી ? આપણે બીજાનો વિચાર ન કરીએ, આપણાં જ સુખ-દુઃખનો વિચાર કરીએ, તો કેટલી બધી ક્ષુદ્રતા ગણાય....

- પૂ.પં. અભયસાગર વિ.ગણિવર

**મૈત્રી ભાવના -**

મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું
મુજ હૈયામાં વહ્યા કરે,
શુભ થાઓ આ સકલ વિશ્વનું
એવી ભાવના નિત્ય રહે.

આ ભાવના આપણે રોજ ભાવીએ પણ આ ભાવના વાસ્તવિક



ક્યારે બને ? જિનશાસનમાં નિશ્ચય અને વ્યવહાર બે નયોને સ્વીકારવામાં આવ્યા છે. નિશ્ચય એટલે ભાવના - વ્યવહાર એટલે પ્રવૃત્તિ. શાસ્ત્રકારો કહે છે નિશ્ચય-વ્યવહાર પરસ્પર સંબંધિત છે. એકલી ભાવનાઓ રૂપ નિશ્ચયમાં રહીએ અને તેને અનુસારી પ્રવૃત્તિ રૂપી વ્યવહાર જરા પણ ન હોય કે વ્યવહારમાં પ્રમાદ હોય તો તે ભાવનાઓ રૂપી નિશ્ચય લાંબો ટકતો નથી. વાસ્તવિક પણ કહેવાતો નથી તેથી જે કંઈ મૈત્ર્યાદિ ભાવનાઓ ભાવીએ તદનુરૂપ પ્રવૃત્તિ પણ હોવી જોઈએ. પાછળ બતાવ્યું છે તેમ 'આપણને મળેલ સુખમાં બીજાને સહભાગી બનાવતાં નથી' એ આપણો મોટો સ્વાર્થ છે.

વસ્તુતઃ મૈત્રી આદિ ભાવનાઓ રસાયણરૂપ છે, આ ભાવનાઓ વારંવાર ભાવવા દ્વારા આપણે આત્મામાં મૈત્ર્યાદિ ક્ષયોપશમ ભાવ પ્રગટ કરવાના છે.

મૈત્રી ભાવના ભાવરૂપ ત્યારે જ બને કે જ્યારે આપણને આપણા કરતાં બીજાનું સુખ વધારે સારું લાગે. આપણા દુઃખ દૂર કરવાના પ્રયત્ન કરતા બીજાના દુઃખ દૂર કરવાના પ્રયત્ન આપણાથી વિશેષ થાય.

આપણને મળેલ સુખમાં બીજાને સહયોગી બનાવવાનો આપણો પુરુષાર્થ પ્રબળ બને. દેવાધિદેવ તીર્થંકર પ્રભુએ તીર્થંકર નામ કર્મ ક્યારે નિકાચિત કર્યું ? જ્યારે તેમના હૈયામાં પોતાના દુઃખ કરતાં બીજાના દુઃખો અધિક દુઃખદાયક બન્યા. આજે પણ મહાપુરુષો પોતાને મળેલ સંયમના, ઉપશમના, આધ્યાત્મિક શાંતિના સુખોમાં બીજાને સહભાગી બનાવવા કેટલો બધો પ્રયત્ન કરે છે ! આ માત્ર આધ્યાત્મિક ક્ષેત્રમાં જ કરવાનું છે એમ નથી, ગૃહસ્થોએ પણ પોતાને મળેલ ભૌતિક સુખમાં બીજાને સહભાગી બનાવવા પ્રયત્ન કરવો જોઈએ. (અલબત્ત, તે સુખ ભારે કર્મબંધ કરાવીને ઘોર નુકશાન કરે તેવું નિંદ્ય ન હોવું જોઈએ.)

શ્રીમંતો આજે રોજની અઢળક સંપત્તિ એકત્રિત કરી રહ્યા છે, પણ તેમાંથી થોડી પણ એમને અન્યત્ર વહેંચવાનું મન થતું નથી ત્યાં મૈત્રી ભાવ કેવી રીતે પ્રગટ થવાનો ? પોતાની નિકટના અરે ! સગા ભાઈ કે કુટુંબમાં, તેથી આગળ વધીને સાધર્મિકોમાં પણ પોતાની સંપત્તિને વહેંચતા જો નથી આવડતું, તો મૈત્રી ભાવ કેવી રીતે પ્રગટ થવાનો ?

પ્રભુભક્તિ વગેરે સુકૃતોમાં લાખો-કરોડોનો ઉપયોગ થાય એ તો ઉત્તમ વાત છે, પણ સાથે સાથે મને મળેલી સંપત્તિ પર એક માત્ર મારું જ આધિપત્ય નથી. સઘળા સાધર્મિકો મારા બંધુઓ છે, તેમનો પણ મારી સંપત્તિ પર અધિકાર છે, એવા ભાવો ક્યારે પ્રગટ થશે ?

જ્યાં સુધી આપણું બધું બધા જ જીવો માટે છે, તેવી સ્પષ્ટ પરિણતિ અને શક્ય પ્રવૃત્તિ ન થાય, ત્યાં સુધી મૈત્રીભાવ કેવી રીતે પરિપૂર્ણતાના સ્થાને પહોંચશે ?

ભાવનાઓ ભાવીએ છીએ, પણ તે ભાવનાના ઓપ ચઢે છે કે કેમ તે વિચાર્યું ?

(૨૪)

અરીસા સામે ઉભા રહી તેમાં બરાબર ઉપયોગ પૂર્વક જોતા જોનારને માત્ર પોતાનું મુખ કે શરીર દેખાતું નથી,પરંતુ અરીસામાં પ્રતિબિંબિત બધુ જ દેખાય છે. હા કદાચ ઉપયોગ શૂન્યતાથી કે અલ્પ ઉપયોગથી જોવાથી બધુ ન દેખાય કે થોડુ દેખાય એ બને, બસ, એ જ રીતે દેવાધિદેવ અરિહંત પરમાત્માનો આત્મા અરીસા જેવો છે તેમાં આખુ ત્રિકાલિક વિશ્વ સંક્રાન્ત થાય છે. અજિતનાથ પ્રભુની સ્તુતિ ક.સ.હેમચન્દ્રસૂરિ મહારાજે જણાવેલ છે ‘अम्लानकेवलादर्शसङ्क्रान्तजगतं स्तुवे’ જેમના નિર્મળ કેવળજ્ઞાન રૂપી આરિસામાં જગત સંક્રાન્ત થઈ રહ્યું છે. તેવા અજિતનાથ પ્રભુની સ્તુતિ કરું છું. હવે જો આપણે પરમાત્માના સ્વરૂપના ધ્યાનમાં એકાગ્ર



થઈએ અથવા પરમાત્માના સ્વરૂપમાં અત્યંત ઉપયોગવાળા થઈએ તો આપણે પણ પરમાત્માના કેવળજ્ઞાનરૂપી સ્વરૂપમાં સંક્રાન્ત થઈ રહેલ વિશ્વને કેમ ન જોઈ શકીએ ? અવશ્ય જોઈ શકીએ, પણ આપણી ધ્યાનની એકાગ્રતા અથવા શુદ્ધ ઉપયોગની ખામી છે.

પરમાત્માના શુદ્ધ સ્વરૂપના એકાગ્ર ધ્યાનના દીર્ઘ અભ્યાસથી પરમાત્માના સ્વરૂપમાં સંક્રાન્ત થઈ રહેલ વિશ્વને આપણે અવશ્ય જોઈ શકીએ અર્થાત્ આપણે અવશ્ય કેવલજ્ઞાન પ્રાપ્ત કરી શકીએ.

(૨૫)

**૭૭ માં વર્ષના પ્રારંભે....**

આજે ૭૭માં વર્ષનો પ્રારંભ થયો. ૭૬ વર્ષ પૂર્વે સં. ૧૯૮૮ શ્રા.વદ ૧૩ રાત્રે મધ્યરાત્રિ પછી શ્રા.વ.૧૪ પરોઢીએ ૩-૩૧ મીનીટે આ મનુષ્ય તરીકે જન્મ મળ્યો.

શ્રી સ્થંભનપાર્શ્વનાથ પ્રભુની નિકટમાં લગભગ બસો ડગલા જેટલા દૂરના સ્થળે જન્મ પ્રાપ્ત થયો.

આજે ૭૬ વર્ષ પૂર્ણ થયા કાળનું ચક્ર ખરેખર ખૂબ જલ્દી પસાર થાય છે ૭-૮ વર્ષની ઉંમરે ચારિત્રની ભાવના થયેલી પણ સંમતિ ન મળી અને પછી તો તુરંત જ મહાત્માઓનો સંયોગ છુટી જતાં ભાવના ઉડી ગઈ. યુવાની આવતાં મોહના ઉદય જાગ્યા. સંસારાભિમુખ ચિત્ત થયું, પણ અચાનક જ કોઈ પુણ્યોદયે સં.૨૦૦૫ ની સાલમાં પૂજ્ય પ્રગુરુદેવશ્રી મુંબઈ ચાતુર્માસ પધાર્યા. સં.૨૦૦૬ માં શેષ કાળમાં વ્યાખ્યાનો સાંભળ્યા. મન પાછુ થોડું-થોડું વૈરાગ્યવાસિત થવા માંડ્યું. તેટલામાં સં.૨૦૦૭ વૈ.સુ.૩ પરમગુરુદેવ-પ્રગુરુદેવ-ગુરુદેવ ત્રણેનો વિશાળ પરિવાર સાથે પ્રવેશ થયો. પ્રવચન-શ્રવણ તથા વ્યક્તિગત સંસર્ગથી ભાવો ઉછળવા માંડ્યા અંતરમાં તુમુલ યુદ્ધ જાણે ચાલુ થયું. એક બાજુ સંયમ તરફી મન બીજી તરફ સંસાર તરફ ખેંચાણ, અંતે એ ગુરુ ભગવંતોના પાવન સાન્નિધ્યના

પ્રભાવથી ધર્મરાજાનો વિજય થયો, મોહરાજાનો પરાજય થયો.

સં.૨૦૦૮ જેઠ સુ. ૫ વીશમા વર્ષે પરમગુરુદેવના પાવન હસ્તે પૂ. પ્રગુરુદેવાદિના સાન્નિધ્યે પૂ. ગુરુદેવ પદ્મવિજયજી મ. ના શિષ્યત્વનું સૌભાગ્ય સાંપડ્યું.....

**(૨૬)**

'એક વાર મળોને મારા સાહિબા' દેવાધિદેવ સીમંધરસ્વામીનું સ્તવન પૂ.જ્ઞાનવિમલસૂરિજીએ રચ્યું, તેમાં દરેક કડીના અંતે આ ધ્રુવ પંક્તિ છે. હું આ પંક્તિ બોલતા વારંવાર પ્રભુને વિનંતિ કરતો, 'એક વાર પ્રભુ મળો' છેવટે સ્વપ્નમાં પણ દર્શન આપો. મને કોઈ દેવ દ્વારા સમવસરણમાં બોલાવો જેથી હું આપને મળું, આપ મને મળો. અથવા આવતો ભવ ત્યાં અપાવીને આપની નિશ્રા પ્રાપ્ત કરાવો.... આવા... આવા... અર્થો અને ભાવો આ પંક્તિ બોલતા મારા હૃદયમાં ઉઠતાં... પરંતુ હમણા જ બે દિવસ પૂર્વે મહેસાણામાં વિહરમાન પ્રભુ સીમંધર સ્વામીની આગળ આ સ્તવન અને આ પંક્તિ બોલતા થોડો વિશેષ અર્થ પ્રકટ થયો જાણે પ્રભુ મને કહી રહ્યા હતાં તું એકવાર જે મળવાનું કહે છે. પણ તે રીતે તો આપણે અનંતીવાર આ સંસારમાં ભેગા થયા છીએ. તું કદાચ હું 'અરિહંત' છું ત્યારે મળવા માંગે છે, તો અનંતીવાર ભૂતકાળમાં તું મને (અરિહંતને) મળ્યો છે. અનંતીવાર સમવસરણમાં તેં મારા (અરિહંતના) દર્શન કર્યા છે આમ છતાં ભવભ્રમણ ચાલુ છે, માટે આ દ્રવ્ય મિલનનો આગ્રહ છોડી દે, ભાવમિલન કરવા પ્રયત્ન કર. ભાવમિલનનો આગ્રહ રાખ. ભાવમિલન એટલે આપણા બંનેનું સ્વરૂપ એક જ થવું તે.

હાલ ચાર ઘાતિકર્મનો મારે ક્ષય થયો છે. તું પણ ચાર ઘાતિ કર્મના ક્ષય માટે પ્રયત્નશીલ બન... તારા ચારે ઘાતિકર્મોનો સંપૂર્ણ ક્ષય થતા તું અને હું હંમેશ માટે એક સ્વરૂપ થઈ જઈશું... આપણું મિલન અક્ષય બની જશે, હંમેશ માટેનું થઈ જશે.



હા, પણ આ કપરું કામ છે, સમય પણ ઘણો લાગે તેમ છે, તેથી તું નિરાશ ન થઈશ. જેટલે-જેટલે અંશે, તારો ચાર ઘાતિ કર્મનો ક્ષય થાય છે, વિશેષ કરીને મોહનીય કર્મનો, તેટલા-તેટલા અંશે મિલન થતું જ રહે છે અને એનો આનંદ પણ તને પ્રાપ્ત થતો રહે છે વળી સંપૂર્ણ ચારે ઘાતિ કર્મ ક્ષય થતાં આપણે એક થઈ જઈશું.

**(૨૭)**

સંસારની સર્વ શક્તિ કરતાં વીતરાગની ભક્તિ વધુ પ્રબળ છે.'

ચેતન અને પુદ્ગલની સર્વ દેશીય, સર્વ ક્ષેત્રીય, સર્વકાલીય સર્વપ્રકારની શક્તિઓ, તે પણ સમસ્ત સંસારની એટલે સંસારના સમસ્ત ચેતન આત્માઓની અને સમસ્ત જડ પદાર્થોની સર્વ શક્તિઓનો દ્રવ્યતાથી સમુચ્ચય કરી, કલ્પિત ત્રાજવાના એક પલ્લામાં રાખવામાં આવે, તેની સામે બીજા પલ્લામાં વીતરાગની ભક્તિ મૂકવામાં આવે તો તે પલ્લુ ભારે જ રહેવાનું.

- પૂ. પં. અભયસાગર વિ. ગણિવર

**(૨૮)**

ધર્મધ્યાનના બાહ્ય ચિહ્નો - એ સાધક

(૧) જિનપ્રણીત જીવાદિ તત્ત્વોની દૃઢ શ્રદ્ધાવાળો હોય.
(૨) સુદેવ, સુગુરુની, સંઘની ભક્તિ તેમજ સેવા કરવામાં સદા સક્રિય હોય, તેમના ગુણોની પ્રશંસા કરવામાં સદા મોખરે હોય.
(૩) શ્રુતાભ્યાસ, શીલ અને સંયમમાં પ્રીતિપૂર્વક પ્રવૃત્તિ કરનારા હોય.
(૪) લોકસંજ્ઞાને ન અનુસરતા જિનાજ્ઞાને અનુસરનારો હોય છે.

- ધ્યાનવિચાર

પૂ. આ. કલાપૂર્ણસૂરિ મ.

(૨૯)

શુક્લધ્યાનના ચાર લક્ષણો

(૧) ઉત્તમ ક્ષમા (૨) ઉત્તમ મૃદુતા

(૩) ઉત્તમ આર્જવ (૪) ઉત્તમ સંતોષ

ગમે તેવું પ્રતિકૂળ બોલનાર કે આચરનાર પર પણ ક્રોધ ન કરવો, તેનું પણ હિત ચિંતવવું, તેના પ્રત્યે કરુણા ભાવ રાખવો. મહાત્માઓ મરણાંત કષ્ટ આપનાર પ્રત્યે એક માત્ર કરુણા ચિંતવે છે. માન વગેરે અત્યંત તુચ્છ લાગે, ગમે તેવા શ્રેષ્ઠ સુકૃતની પ્રસિદ્ધિની પણ ઈચ્છા ન જાગે. માન-નામનાથી દૂર રહેવું વગેરે.

સર્વત્ર સરળ, અકૃત્રિમ વ્યવહાર કરવો માયા-પ્રપંચાદિથી હંમેશ દૂર રહેવું. કોઈ પણ વસ્તુઓની ઈચ્છા-તૃષ્ણા ન રાખવી. ઈચ્છા તૃષ્ણાઓ ઘટાડતાં જવું.

- ચાર આલંબન -

**(૧) અવ્યથા :** દેવાદિકૃત ઉપસર્ગમાં પણ વ્યથાનો અભાવ.

**(૨) અસંમોહ :** દેવાદિકૃત માયાજાળ કે સૈદ્ધાંતિક સૂક્ષ્મ પદાર્થ વિષયક સંમોહ-મૂઢતાનો અભાવ હોય. જૈન સિદ્ધાંત સિવાય ક્યાંય પણ આકર્ષણ સહેજ પણ ના હોય.

**(૩) વિવેક :** દેહથી આત્માની ભિન્નતાનું ભાન

**(૪) વ્યુત્સર્ગ :** નિઃસંદેહપણે દેહ અને ઉપધિનો ત્યાગ કરે

- પૂ. આ. કલાપૂર્ણસૂરિ મ.

(૩૦)

नीरन्ध्रे भवकानने परिगलत्पञ्चाश्रवाम्भोधरे,
नानाकर्मलतावितानगहने मोहान्धकारोद्धुरे ।
भ्रान्तानामिह देहिनां हितकृते कारुण्यपुण्यात्मभिः,
तीर्थेशैः प्रथिताः सुधारसकिरो रम्या गिरः पान्तु वः ।।



એક મોટું ગાઢ જંગલ છે. ઝાડો વેલડીઓથી ભરપૂર છે એટલું બધુ ગાઢ છે કે ઝાડો-વેલડીઓ વચ્ચે અવકાશ જ નથી. વળી આ જંગલના ઝાડો-વેલડીઓ પર ઉપરથી ભારે વર્ષા થઈ રહી છે. જંગલની અંદર ઘોર અંધકાર છે. કશું જ દેખાતું નથી. વળી જંગલમાં ઝાડો પર સર્પ-અજગરાદિ તથા જંગલમાં વાઘ-વરુ-સિંહ-દિપડા વગેરે ભયંકર હિંસક પ્રાણીઓ પણ ફરી રહ્યા છે. ગર્જના કરી રહ્યા છે. અનેક મનુષ્યો આ જંગલમાં ફસાયા છે. અંધારામાં કાંઈ જ દેખાતુ નથી, અથડાય છે, કૂટાય છે. અનેકવાર જંગલી પ્રાણીઓના પણ ભોગ બને છે, ઘવાય છે, ભયંકર પીડા ભોગવી રહ્યા છે.

કોઈ પણ વિદ્યાધર અનેક પ્રકારની સિદ્ધિને ધારણ કરનાર ત્યાંથી પસાર થાય છે અંદર ફસાયેલા પ્રવાસીઓ પર એને દયા આવે છે. દયાળુ, પરગજુ અને આ બધા પ્રવાસીઓની રક્ષા કરવા સમર્થ એવા એ વિદ્યાસિદ્ધ પુરુષ પ્રવાસીઓને બહાર નીકળવાનો માર્ગ બતાવે છે બહાર નીકળવામાં સહાય કરે છે.

સંસાર જંગલ છે. કર્મના વૃક્ષો અને વેલડીઓ ગાઢ છે. કર્મની વેલડીઓ વચ્ચે અવકાશ જ નથી. વળી **હિંસા, જૂઠ, ચોરી, મૈથુન-પરિગ્રહ આ પાંચ આશ્રવોરૂપી વાદળોમાંથી વર્ષા થવાના કારણે કર્મવેલડીઓ મજબૂત બની રહી છે.** ગાઢ બની રહી છે. આધિ-વ્યાધિ-ઉપાધિ-રોગ-શોક-દરિદ્રતા, ચિંતા વગેરેનો ભોગ જીવો બની રહ્યા છે મોહનું ઘોર અંધારુ ચારે બાજુ વ્યાપેલું છે. જન્મ-જરા-મરણના ચક્રમાં જીવો પીસાઈ રહ્યા છે.

આવા ભયંકર દુઃખના વેદનપૂર્વક ભટકી રહેલા જીવો પ્રત્યે દેવાધિદેવ તીર્થંકર ભગવંતોના હૃદયમાં કરુણા ઉભરાય છે. તેઓના હિત માટે, સંસારના બધા જ દુઃખોથી છોડાવવા માટે ભગવાન સુંદર વાણીનો ધોધ વરસાવે છે. આ વાણી તમારા સૌનું રક્ષણ કરો.

નીરન્ધ્રે : કર્મની વેલડીઓ એટલી બધી ગાઢ છે. સંસારમાંથી બહાર નીકળવાનો માર્ગ જ દેખાતો નથી કર્મવેલડીઓથી ઢંકાવાના કારણે મોહનો અંધકાર ચારે બાજુ વ્યાપ્ત છે જન્મ-જરા-મરણ-રોગ-શોક-દરિદ્રતા-ચિંતા-ઈષ્ટવિયોગ-અનિષ્ટસંયોગ, આધિ-વ્યાધિ-ઉપાધિઓ વચ્ચે રગદોળાતા જીવો ઘોર દુઃખો સહન કરી રહ્યા છે. આ બધા દુઃખોમાંથી જીવોને છોડાવવા માટે કરુણાસાગર એવા તીર્થંકર ભગવંતોએ મનોહર સુધારસ ભરપૂર વાણી વહેવડાવે છે. મનોહર વાણી દ્વારા આ ઘોર ભવ જંગલમાંથી નીકળવાનો સર્વ આધિ-વ્યાધિ-ઉપાધિથી મુક્ત થવાનો કરુણાનિધિ પ્રભુ માર્ગ બતાવે છે. પરમાત્માની આ વાણી જ જગતનું રક્ષણ કરવા સમર્થ છે માટે જ કવિ કહે છે, 'પ્રભુની વાણી તમારું રક્ષણ કરો....'

હવે આ વાતને વિસ્તારથી વિચારીએ.

સંસારી જીવો આત્મા પર લાગેલ સર્વ પ્રકારના કર્મના ઉદયથી ભયંકર પીડાઓ ભોગવે છે.

જન્મ-મરણ કરાવી આયુષ્ય કર્મ એક ભવમાંથી બીજા ભવમાં જીવોને લઈ જાય છે. આયુષ્ય પૂર્ણ થાય એટલે તુરંત જીવનું મૃત્યુ થાય છે. સતત જીવવાની તીવ્ર ઈચ્છાવાળા જીવને પણ આયુષ્ય પૂર્ણ થયે અવશ્ય મરવું પડે છે. એક ક્ષણ પણ સ્થિરતા કરી શકતી નથી. ખુદ મહાવીર પ્રભુએ પણ ઈન્દ્રને સ્પષ્ટ જણાવ્યું, કે તીર્થંકરો પણ આયુષ્યની એક પણ ક્ષણ વારવા સમર્થ નથી. અહિં જીવનભર પ્રબળ પુરુષાર્થ કરી એકઠી કરેલી લક્ષ્મી, વૈભવ, સત્તાઓ, સંબંધો-લોકચાહનાઓ આ બધાનું મૃત્યુ થાય એટલે એક સાથે વિસર્જન થાય છે.

૫૫ હજાર કરોડના આસામી ધીરુભાઈ અંબાણીએ મુંબઈની જસલોક હોસ્પીટલમાં છેલ્લો શ્વાસ લીધો ત્યારે પંચાવન કરોડ નહીં, શરીર પરના વસ્ત્રો.... અરે, શરીર પણ અહીં છોડીને પરલોકની



મુસાફરીએ માત્ર આત્મા પર લાગેલા કર્મો લઈને ઉપડી ગયા, હા, કદાચ જીવનમાં કોઈ સુકૃતો કર્યા હોય, તેના સંસ્કાર કે તેનાથી બાંધેલું પુણ્ય સાથે જાય છે. વળી જીવનભર કરેલા લોભ, માયા, મત્સર, ધનાદિની તૃષ્ણાઓ, સંપત્તિ, કુટુંબ-પરિવારાદિ પર કરેલ મમત્વ ભાવો તેના કારણે થયેલા રાગ-દ્વેષ-ક્રોધ-અભિમાન વગેરે કુસંસ્કારો અહિંથી જીવ સાથે લઈને જાય છે એટલું જ નહીં. આ બધા જ કુસંસ્કારો-અશુભભાવોથી આત્મા પર ઘોર, ગાઢ, ચીકણા, મજબૂત, દીર્ઘસ્થિતિવાળા કર્મો જીવને બંધાયેલા હોય છે તે બધાને જીવ સાથે લઈ જાય છે અને દીર્ઘકાળ સુધી આ કર્મોને ભોગવતા ઘોર દુઃખો અનુભવે છે, આમાંથી જીવોનો છુટકારો થતો નથી.

**(પ્ર.)** - ભવ અટવી કર્મની વેલડીઓથી ગાઢ શેના કારણે થાય છે ?

**(ઉ.)** - परिगलत्पञ्चाश्रवाम्भोधरे..... પાંચ આશ્રવરૂપી વાદળાઓ સતત વર્ષા કરી રહ્યા છે. તેથી કર્મવેલડીઓ પુષ્ટ અને વિશાળ બને છે અને ભવાટવી અત્યંત ગાઢ બનતી જાય છે.

આપણે અનુભવીએ છીએ કે જ્યાં વરસાદ સતત અને ખૂબ પડે છે, ત્યાં ચારે બાજુ વેલડીઓ વૃક્ષો વગેરેથી પૃથ્વી આચ્છાદિત થઈ જાય છે. કોઈક જંગલોમાં વરસાદ ખૂબ પડતો હોય છે તો તે જંગલો વધુ ને વધુ ગાઢ થતા જાય છે.

વેલડી-વૃક્ષો અને વનસ્પતિનું પોષણ પાણી છે. બસ, એ જ રીતે કર્મરૂપી વેલડીઓ વૃક્ષોનું પોષક પાંચ આશ્રવરૂપી પાણી છે. પાંચ આશ્રવરૂપી વર્ષા સતત વરસી રહી છે, ત્યાં કર્મવન ગાઢ બનતું જાય છે.

પાંચ આશ્રવ છે હિંસા-અસત્ય-ચોરી-અબ્રહ્મ (મૈથુન) પરિગ્રહ... કર્મોની સ્થિતિ-રસ વગેરે આ પાંચ આશ્રવથી વધુને વધુ મજબૂત થાય છે પરિણામે જીવ આ ભવાટવીમાં વધુને વધુ મૂંઝાય, જન્મ-જરા-

મરણ-રોગ-શોક-ચિંતા-દરિદ્રતા-આધિ-વ્યાધિ-ઉપાધિ વગેરેના કારમા દુઃખો ભોગવે છે. અર્થાપત્તિથી આ સર્વ દુઃખોનું મૂળ પાંચ આશ્રવો છે.

આયુષ્યકર્મનું સ્વરૂપ વિચાર્યું, બાકીના કર્મોના સ્વરૂપ અને કાર્યને વિચારીએ. જીવ શુદ્ધ સ્વરૂપી છે.

જીવ અનંત જ્ઞાન-દર્શન સ્વરૂપ છે. જીવનો સ્વભાવ વીતરાગતાનો છે. જીવ અનંત શક્તિથી યુક્ત છે.

જીવ સ્વરૂપે અરૂપી છે.

જીવ સ્વરૂપે અગુરુલઘુ છે.

જીવ સ્વરૂપે અક્ષય છે.

જીવ સ્વરૂપે અનંત અવ્યાબાધ કોટિના સુખનો ભોક્તા છે. આકાશક્ષેત્ર બે પ્રકારનું છે.

લોકાકાશ :- જે જગમાં જીવો અને પુદ્‌ગલોની ગતિ-સ્થિતિ હોય છે તે **લોકાકાશ.** લોકાકાશના અસંખ્ય પ્રદેશો છે. લોકાકાશની બહાર અનંત એવું અલોકાકાશ છે. જ્યાં માત્ર આકાશ જ છે કોઈ પણ જીવ કે પુદ્‌ગલ હોતા જ નથી. આ અલોકાકાશના અનંત પ્રદેશો હોય છે. અલોકાકાશના પ્રદેશોથી અનંતગુણ સુખાંશો આપણા પ્રત્યેક આત્મપ્રદેશો પર હોય છે.

આ અનંત અવ્યાબાધ સુખનો ભોક્તા જીવ છે. આ જીવના શુદ્ધ સ્વરૂપનું વર્ણન કર્યું.

પણ આ બધું જ્ઞાન-દર્શન-સુખ-વીતરાગતા, અનંત શક્તિ, અરૂપીપણું, અગુરુલઘુપણું, અક્ષયસ્થિતિ અવ્યાબાધ સુખ વગેરે જીવનું સ્વરૂપ કર્મોથી આવરિત થઈ ગયું છે.

**અનંતજ્ઞાન-દર્શન** સ્વરૂપી જીવ આજે થોડુંક દૂરનું પણ જોઈ જાણી શકતો નથી. ત્રણે કાળના સર્વ વિશ્વને જોવા-જાણવાની શક્તિવાળો આત્મા દિવાલ પાછળનું જોઈ જાણી શક્તો નથી.

**વીતરાગ** સ્વરૂપ જીવ રાગદ્વેષની હોળીમાં હોમાયેલો છે. **અનંત શક્તિમાન** જીવ હાલ શક્તિહીન બન્યો છે. પૂર્વે વર્ણન કર્યું છે તે **અનંત અવ્યાબાધ સુખનો** ધણી જીવ ક્યારેક અલ્પ પ્રમાણમાં થોડી સાતા અને મોટા ભાગે અસાતા ભોગવી રહ્યો છે.



**અરૂપી જીવ** દેહાદિરૂપવાળો બન્યો છે.

**અક્ષયસ્થિતિવાળો** જીવ જન્મ અને મૃત્યુના નવા-નવા ભવોમાં ફેરા ફરી રહ્યો છે.

**અગુરુલઘુ ગુણધારી** જીવ ઉચ્ચ-નીચપણાને પામી રહ્યો છે.

આમ કર્મોથી આવરિત જીવની અત્યંત કરુણાપાત્ર સ્થિતિ બની છે. જેમ કોઈ ચક્રવર્તિ (છ ખંડના અધિપતિ)નો પુત્ર ચીંથરેહાલ વસ્ત્રમાં, શરીર પર ભણભણતી માંખીઓથી ઘેરાયેલ, ભૂખથી કૃશ કાયાવાળો અનેક રોગોથી ગ્રસ્ત ઘેર-ઘેર ભિક્ષા માગતો હોય તે કેવી કરુણાનો પાત્ર બને છે. બસ, સંસારી જીવો આ રીતે અત્યંત કરુણાપાત્ર બની રહ્યા છે.

આવા અત્યંત કરુણાપાત્ર, ઘોર દુઃખોને ભોગવતા જન્મ-મરણના ચક્રમાં પીસાતા જીવોને જોઈને દેવાધિદેવ તીર્થંકર પ્રભુને કરુણા ઉત્પન્ન થાય છે. કરુણા એટલે જીવોને દુઃખમાંથી છોડાવવાની ઈચ્છા. આથી કરુણાન્વિત દેવાધિદેવો જીવોને સંસારચક્રમાંથી છુટવા માટે વાણી દ્વારા ઉપદેશ આપે છે, માર્ગ બતાવે છે. પૂ. વિનયવિજય મ. મંગલમાં કહે છે. કરુણાન્વિત એવી પ્રભુની વાણી તમારું રક્ષણ કરો....

### (૩૧)

अनिच्छः **ઈચ્છા વગરનો જીવ શીઘ્ર મુક્તિને પામે છે.**

ઈચ્છા એ ભવનું બીજ છે. ઈચ્છા એ નવા નવા જન્મોનું કારણ છે. સંસારી જીવ માત્ર ઈચ્છાને વશ છે. ઈચ્છા બે પ્રકારની (૧) પ્રશસ્ત - શુભ (૨) અપ્રશસ્ત - અશુભ.

ધન, કુટુંબ-પરિવાર પરનો સ્નેહ રાગ, વિષયોનો રાગ એટલે

સુંદર શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શનો અનુરાગ.... અનુકૂળતાનો રાગ, પ્રતિકૂળતાનો દ્વેષ, અનુકૂળ વર્તતા જીવો પ્રત્યે રાગ, તેઓનું સારુ થાય તેવી ઈચ્છા, પ્રતિકૂળ વર્તતા જીવો પ્રત્યે દ્વેષ, તેઓનું અશુભ (ખરાબ) થાય તેવી ઈચ્છા, શરીર પરની મૂર્ચ્છા-શરીર સતત સારું રહે તેવી ઈચ્છા વગેરે આ બધી અપ્રશસ્ત ઈચ્છાઓ છે. પ્રશસ્ત ઈચ્છા એ દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે રાગ-આરાધનાની ઈચ્છા પ્રભુભક્તિની, ગુરુભક્તિની, સંઘભક્તિની, ધર્મ સાધનાની, દાન-શીલ-તપરૂપી ધર્મો સાધવાની ઈચ્છા, નિઃસ્વાર્થપણે પરોપકાર કરવાની ઈચ્છા, જગતનું કલ્યાણ કરવાની ઈચ્છા વગેરે. આ બધી ઈચ્છાઓ સામાન્યથી મોક્ષમાં બાધક છે. અને જન્મોમાં કારણ છે. અપ્રશસ્ત ઈચ્છાઓથી દુર્ગતિના તિર્યંચ-નરકના ભવોમાં જન્મો થાય છે. પ્રશસ્ત ઈચ્છાઓથી દેવ-મનુષ્યાદિના ભવો થાય છે.

હકીકતમાં તો અનાદિકાળથી જીવ અપ્રશસ્ત ઈચ્છાઓમાં રાચતો છે. ચારે ગતિમાં આહાર-ભય-મૈથુન-પરિગ્રહની સંજ્ઞામાં રાચતો રહ્યો છે. તેના સંસ્કારો આત્મામાં ખૂબ દૃઢ થયા છે. તીવ્ર ભાવપૂર્વકની અશુભ ઈચ્છાઓથી આખો આત્મા વાસિત થઈ ગયો છે, તેથી તે દૂર કરવા પ્રશસ્ત ઈચ્છાઓ ખૂબ કરતાં રહેવાની છે.

પ્રશસ્ત ઈચ્છાઓથી મન પણ નિર્મળ થતું જશે. એટલે **પ્રશસ્ત ઈચ્છાઓ આત્માને મુક્તિની નિકટ લઈ જશે.** પછી કાળ પરિપક્વ થયે પ્રશસ્ત ઈચ્છા એની મેળે જ શાંત થઈ જશે. દિવેલના જુલાબથી જેમ શરીરનો મળ નીકળી જાય છે અને સાથે જ દિવેલ પણ સ્વાભાવિક રીતે નીકળી જાય છે. બસ, એ જ રીતે પ્રશસ્ત ઈચ્છાઓ અને ભાવનાઓથી અપ્રશસ્ત રાગ-દ્વેષપૂર્ણ ઈચ્છાઓ નાબૂદ થાય છે અને છેવટે પ્રશસ્ત ઈચ્છાઓ પણ વિરામ પામે છે અને અનિચ્છ બનેલો જીવ શીઘ્ર મુક્તિને પામે છે. જ્યાં સુધી અંતરમાં અપ્રશસ્ત ઈચ્છાઓ ભરપૂર પડી છે તેના સંસ્કારો પણ પડ્યા છે, ત્યાં



સુધી પ્રશસ્ત ઈચ્છાઓને પણ અટકાવી સીધા અનિચ્છ થવાનો પ્રયત્ન કરે છે, તેઓ અજ્ઞાની છે. અપ્રશસ્ત ઈચ્છાઓનો ભોગ બની સંસાર પરિભ્રમણ કરે છે. માટે જ અપ્રશસ્ત ઈચ્છાના સંસ્કારોનો નાશ કરવા પ્રભુએ ઉગ્ર સંયમ અને તપનું પાલન કરવા અનુરોધ કર્યો છે. આવશ્યક નિર્યુક્તિમાં સ્પષ્ટ જણાવ્યું છે કે 'શ્રુતજ્ઞાનમાં વર્તતો જીવ જ્યાં સુધી તપ-સંયમના યોગોને વહન કરવા સમર્થ થતો નથી ત્યાં સુધી મોક્ષને પામતો નથી. એકાંત જ્ઞાનના પક્ષપાતી બની સંયમ અને તપની ઘોર ઉપેક્ષા કરનારાઓએ આ વાત ખૂબ ગંભીરતાથી વિચારવા જેવી છે.'

**(૩૨)**

वीतराग ! सपर्यायास्तवाज्ञापालनं परं ।

आज्ञाऽऽराद्धा विराद्धा च, शिवाय च भवाय च ।।

વીતરાગ પ્રભુ ! તમારી પૂજાથી પણ તમારી આજ્ઞાનું પાલન શ્રેષ્ઠ છે.

આજ્ઞાની આરાધના મોક્ષ માટે થાય છે.

આજ્ઞાની વિરાધના સંસાર માટે થાય છે.

પરમાત્માની આ વાત કેટલી બધી મહાન છે ! પ્રભુ પોતાની પૂજા કરતાં આપણું જીવન પાપરહિત બને તેને વધુ મહત્ત્વ આપે છે. પરમાત્માની આજ્ઞા પાપરહિત જીવન જીવવાની છે. પાપરહિત જીવનમાં પ્રથમ જ હિંસા-ત્યાગ-અહિંસાના પાલનની વાત આવે છે.

આચારાંગ સૂત્રમાં પણ પ્રભુએ કહ્યું છે,

सव्वे पाणा सव्वे भूआ सव्वे जीवा सव्वे सत्ता ण हंतव्वा ण आणावेतव्वा, ण परिघेतव्वा, ण परितावेयव्वा, ण उद्दवेयव्वा

સર્વ પ્રાણી, સર્વ ભૂત, સર્વ જીવ, સર્વ સત્ત્વોને હણવા નહિં. આજ્ઞા-બળાત્કાર કરવા નહિં. ગુલામ તરીકે સ્વીકારવા નહિં, પીડા ઉપજાવવી નહિં અને મારવા નહિં. પ્રભુએ પોતાની પૂજા કરતાં પણ

સર્વજીવોની રક્ષાને જ વધુ મહત્ત્વ આપ્યું. જગતમાં સર્વ જીવોની રક્ષાનો આવો ઉપદેશ એક માત્ર જિનવચનમાં જ જણાય. અન્યત્ર આવો ઉપદેશ ક્યાંય નથી. અથવા ક્યાંક થોડી અહિંસા વગેરેની વાતો જોવા મળે તો તે પ્રભુના ઉપદેશમાંથી જ ત્યાં ગયેલી સમજવી. આ છે દેવાધિદેવની વિશિષ્ટતા.

(૩૩)

कित्तीय वंदिय महिआ, जे ए लोगस्स उत्तमा सिद्धा ।

आरुग्ग-बोहिलाभं, समाहिवरमुत्तमं दिंतु ।।

લોગસ્સ સૂત્રની આ છટ્ઠી ગાથા કેટલી મહાન છે. આ જગતના સર્વ શ્રેષ્ઠ પુરુષો અરિહંત ભગવંતો છે. સર્વ શક્તિમાન પણ તેઓ જ છે. આવા સર્વ શ્રેષ્ઠ દેવાધિદેવ પાસે યાચના કરાય છે. યાચના પૂર્વેની ગાથાઓમાં ભગવાનનું કીર્તન, વંદન અને પૂજા કરાય છે. પછી પ્રાર્થના પણ કેવી સુંદર કરી છે.

હે વિશ્વના સર્વશ્રેષ્ઠ પુરુષો ! મે આપનું કીર્તન કર્યું, વંદન કર્યું, પૂજન કર્યું, હવે મને આરોગ્ય આપો.

મને બોધિલાભ આપો,

મને સર્વશ્રેષ્ઠ સમાધિ આપો.

આરોગ્ય દ્રવ્ય-ભાવ ઉભયકોટિનું એટલે માત્ર શરીરનું જ નહીં પણ સાથે આત્માનું મનના શુભભાવો રૂપી આરોગ્ય આપો.

આ રીતે શરીરનું સ્વાસ્થ્ય અને મનના સ્વાસ્થ્યની (સ્વસ્થતા) ની માંગણી કરી. મનનું સ્વાસ્થ્ય એટલે મનની નિર્મળતા પૂર્વકની સ્થિરતા. મનમાંથી રાગ-દ્વેષ ઓછા થાય અને સાથે અનેક પ્રકારના કુસંકલ્પ-વિકલ્પો પણ દૂર થાય.

બીજી માંગણી કરી બોધિલાભની. બોધિલાભ એટલે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ.... શરીર અને મનના સ્વાસ્થ્ય સાથે સમ્યગ્દર્શનની પ્રાર્થના કરી.



સમ્યગ્દર્શન એ મોક્ષમાર્ગનું બીજ છે. આ બીજમાંથી જ સર્વવિરતિ વગેરે મોક્ષમાર્ગના થડ-શાખા-પ્રશાખા વગેરે ઉત્પન્ન થાય છે અને અંતે મોક્ષરૂપ ફળની પ્રાપ્તિ થાય છે.

ત્રીજી વર ઉત્તમ એટલે સર્વશ્રેષ્ઠ એવી

સમાધિની માંગણી કરી...

અહિં સમાધિની આગળ બે વિશેષણ લગાડ્યા છે.

**વર અને ઉત્તમ.**

સમાધિ એટલે ચિત્તની સ્વસ્થતા...

ભૂખ અને તરસની વ્યાકુળતા વખતે ભોજન અને પાણી મળવાથી ચિત્ત સ્વસ્થ થાય છે. ધન-સ્ત્રી-પુત્ર-આરોગ્ય આદિ સંસારના પદાર્થોની ઈચ્છાથી વ્યાકુળ થયેલ મનને તે-તે પદાર્થોની પ્રાપ્ત થતાં મન સ્વસ્થ થાય છે પણ આ સ્વસ્થતારૂપ સમાધિ એ દ્રવ્ય સમાધિ છે. તેનો વ્યવચ્છેદ કરવા માટે વર શબ્દ મૂક્યો એટલે આવી દ્રવ્ય સમાધિ નથી જોઈતી, પણ મનની નિર્મળતા સાથેની સમાધિ એટલે ભાવ સમાધિ જોઈએ છે.

ભાવ સમાધિ પણ તરતમતાવાળી હોય છે. કેમકે ક્ષાયોપશમિક ભાવ અનેક પ્રકારનો ઓછો વત્તો હોવાથી તેનાથી પ્રગટ થતી સમાધિ (ચિત્તની સ્વસ્થતા-વિશુદ્ધિ વગેરે) પણ તારતમ્યતા વાળી હોય છે. ઓછા વત્તા પાવરવાળી હોય છે અહીં બીજા 'ઉત્તમ' વિશેષણ દ્વારા ભાવસમાધિમાં પણ સર્વ શ્રેષ્ઠ સમાધિની પ્રાર્થના કરી છે.

આમ અહીં આ ગાથા દ્વારા આપણે પ્રભુને

(૧) આરોગ્ય :- એટલે શરીર અને મન બંનેના આરોગ્યની

(૨) મોક્ષરૂપ ફળના બીજરૂપ સમ્યગ્દર્શનની અને

(૩) વર-ઉત્તમ એવા સમાધિ ભાવની પ્રાર્થના કરી.

વીતરાગ હોવાથી પ્રભુ કંઈ જ આપતા નથી. પરંતુ વીતરાગ પરમાત્માનો એવો સ્વભાવ છે કે તેમના પાસે ભાવથી કરેલ પ્રાર્થના

અવશ્ય સફળ થાય છે, એટલે આપણને આ ત્રણે વસ્તુની અવશ્ય પ્રાપ્તિ થાય છે.

**જરૂર છે માત્ર હૃદયની પ્રણિધાનપૂર્વકની પ્રાર્થનાની.**

હૃદયના પ્રણિધાનના અભાવે આપણે આ ગાથા બોલવા છતાં પણ કેટલા બધા મહાન લાભોથી વંચિત રહીએ છીએ.

જગતના સર્વ શ્રેષ્ઠ શક્તિમાન દેવાધિદેવો પાસે આ કેવી ઉત્તમ પ્રાર્થના ! માટે જ ગાથા પૂર્વે अंबराय અને અંતે સ્વાહા પૂર્વક આ ગાથાનો પંદર હજાર જાપ ભાવથી કરનારને સમાધિમરણની પ્રાપ્તિ લોગસ્સ કલ્પમાં બતાવી છે.

**(૩૪)**

સીમંધર પ્રભુને વંદન કર્યા ઉલ્લાસપૂર્વક.

પ્રભુ ! મારા આત્મામાં અનેક પ્રકારના દોષો પડ્યા છે, એટલે મારા આત્માનું કલ્યાણ (મોક્ષ) થતું નથી, અનેક પ્રકારની ઉપાધિઓ વગેરે આવતી જાય છે. એ વાત સાચી, પણ

પ્રભુ ! બીજા પક્ષે મારા હૃદયમાં જે તારા પ્રત્યેનો ભક્તિભાવ છે, તેનું પણ મૂલ્યાંકન કેટલું ?

ત્રાજવાના એક પલ્લામાં મારા દોષો મુકાતા પલ્લુ અત્યંત નમી ગયુ પણ પાછુ બીજા પલ્લામાં તારા પ્રત્યેનો ભક્તિ ભાવ આવતા જ એ પલ્લુ નમી જાય છે અને પેલુ દોષોવાળુ પલ્લુ ઉપર આવી જાય છે.

પ્રભુ ! મને અવશ્ય ખાત્રી છે કે તારા પ્રત્યેનો ભક્તિભાવ મારા સર્વ દોષોનો નાશક અવશ્ય થશે.

તારા પ્રત્યેની ભક્તિરૂપ મેરુ પર્વત આગળ આ દોષો મગતરા જેવા છે. તેમને ભાગે જ છુટકો !!!

અરે ! આ વિશ્વના જીવો પણ જે બિચારા દોષોથી ફસાયા છે. અનેક પ્રકારની કર્મજન્ય પીડાઓ ભોગવે છે, તેમને પણ હું જો



જિનભક્તિમાં કોઈ પણ પ્રયત્નથી જોડી દઉં તો તેઓના પણ દોષો નાશ પામશે અને દુઃખ દુર્ગતિમાંથી તેઓ બચી જશે અને સુખના ભોક્તા બની શકશે....

માટે એક જ મિશન ચાલુ કરીએ. સ્વયં જિનભક્તિમાં જોડાઈએ, અન્યોને જિનભક્તિમાં જોડવા પ્રયત્ન કરીએ.

**(૩૫)**

શાસ્ત્રોના ઘણા વાંચન-મનન અને ચિંતનના પ્રયત્નોથી મને સમજાયું છે કે **આપણા શાસ્ત્રો એક માત્ર સંયમ અને તપની સાધના માટે જ છે.** આવશ્યકસૂત્રમાં સ્પષ્ટ જણાવ્યું છે કે 'શ્રુતજ્ઞાનમાં વર્તતો જીવ જ્યાં સુધી તપ-સંયમના યોગોને વહન કરવા સમર્થ થતો નથી, ત્યાં સુધી મોક્ષને પામતો નથી.' માત્ર આવશ્યકસૂત્રમાં જ નહીં અન્ય અનેક શાસ્ત્રોમાં પણ આ જ વાત પર ભાર મૂકેલો છે.

આપણું કમનસીબ છે કે સંયમીઓને સંયમ-તપમાં જ હેતુભૂત એવા આ શાસ્ત્રો આજે સંશોધનના બ્હાના હેઠળ સ્કોલરો-પંડિતો-વિદેશીઓ વગેરે માટે ખુલ્લા મૂકાઈ ગયા અને શાસ્ત્રોના પોસ્ટમોર્ટમ થવા માંડ્યા. અનેક સમસ્યાઓ ઉભી થઈ. એટલું ધ્યાનમાં રહે કે આગમાદિ શાસ્ત્રો આપણા ગીતાર્થ આચાર્ય અને મુનિઓ માટે જ છે. શાસ્ત્રોના એક-એક વચનો મર્મભેદી છે. તેના રહસ્ય ખાઈ-પીને મઝા કરતાં સંસારમાં આસક્ત જીવોને કેવી રીતે સમજાય ? વિપરીત અર્થ થવા દ્વારા ઉલ્ટું શાસ્ત્રોથી જ અનર્થ ફેલાશે....

આપણા શ્રીમંત શ્રાવકોને આ વાત કોણ સમજાવે ?

**(૩૬)**

આપણી નબળાઈ એ છે કે આપણે સુખ માટે બીજા પર અપેક્ષા રાખીએ છીએ, અપેક્ષા પુરી થતાં આપણે સુખી, અપેક્ષા પૂરી ન થતાં આપણે દુઃખી, આ આપણું ધોરણ છે.

પૈસા, સત્તા, પરિવાર આ બધા પર આપણે અપેક્ષા રાખી અને

તે પૂરી થતાં આપણે આપણી જાતને સુખી માનીએ છીએ, એ પૂરી ન થતાં આપણે આપણી જાતને દુઃખી માનીએ છીએ.

આપણા મનની કેટલી બધી નબળાઈ !

થોડા રૂપિયા મળતાં આપણે નાચીએ.

થોડા રૂપિયા જતાં આપણે રોઈએ.

પરિવાર અનુકૂળ થતાં આપણે નાચીએ.

પરિવાર પ્રતિકૂળ થતાં આપણે રોઈએ.

સમાજ અનુકૂળ થતાં આપણને આનંદ.

સમાજ પ્રતિકૂળ થતાં આપણને દુઃખ.

સત્તા મળતાં આપણને સુખ.

સત્તા ચાલી જતાં આપણને દુઃખ.

જેના આત્મામાં સત્તાએ અનંત સુખ પડ્યું છે તેવો આપણો જીવ કોઈ અપમાન કરે, કોઈ સામે બોલે, અનુકૂળ સામગ્રી સંયોગો ચાલ્યા જાય, પ્રતિકૂળ સામગ્રી સંયોગો આવી જાય કે તુરત આપણી સમાધિ જોખમાઈ જાય છે. આ તો એના જેવું છે, કે કિંમતિ રત્નોની થેલી લઈ જતાં રસ્તામાં કોઈએ આપણને ધૂળ ઉડાડી એટલે રત્નોની થેલી આપણે ફેંકી દીધી.

આવી મૂર્ખાઈ ક્યાં સુધી કરીશું ?

(૩૭)

નિગોદના અનંતા જીવો પૃથ્વીકાયાદિના અસંખ્ય જીવો;

વિકલેન્દ્રિયના અસંખ્ય જીવો અસંજ્ઞી સંજ્ઞી પંચે. તિર્યંચના અસંખ્ય જીવો, નારકીના અસંખ્ય જીવો, દેવના અસંખ્ય જીવો, સંમૂ. મનુષ્યના અસંખ્ય જીવો, ગર્ભજ મનુષ્યના સંખ્યાતા જીવો (૨૯ આંકડા)

આ બધા પર કરુણાથી આર્દ્ર થયેલી પરમાત્માની દ્રષ્ટિ આપણા આત્મ-દ્રવ્યને પણ પાવન કરો. પ્રભુને કવિએ પ્રાર્થના કરી છે.



ता खिवसु पहु ममोवरिं
करुणारसमंथरं नियदिट्ठिं ।
जेण न हु पणयवग्गे पराङ्मुखा
हवंति गुणगुरुणो ।।

હે પ્રભુ ! જગતના સર્વ સંસારી જીવો પ્રત્યે કરુણાથી આર્દ્ર થયેલ આપની દ્રષ્ટિ મારા પર પણ નાંખો કેમકે ગુણથી ગુરુ એવા મહાપુરુષો પ્રણયી (સ્નેહી) વર્ગ પ્રત્યે પરાઙ્મુખ નથી થતાં.

(૩૮)

હું કબૂલ કરું છું, પ્રભુ ! કે મારામાં કામ-ક્રોધ, મદ-મત્સર, લોભ વગેરે અનેક દોષો છે. છતાં મને લાગે છે, કે આ દોષો ભવાભિનંદી જેવા ઉગ્રકોટિના તો નથી.

દેવાધિદેવ સ્વામી ! બીજી બાજુ મારી પાસે ગુણોનું દારિદ્રય હોવા છતાં તારા પ્રત્યેની ભક્તિનો ભાવ મારો અખંડ છે.

સામાન્યથી પણ ભક્તિભાવ બળવાન હોય છે. તેમાં પણ ભક્તિભાવનું પાત્ર પ્રભુ ! આપ બનતાં એ તીવ્ર બળવાન બની જાય છે, તો આવા તીવ્ર બળવાન એવા ભક્તિભાવ પાસે પેલા મગતરા જેવા કામ-ક્રોધાદિ દોષોનું શું ગજું ? મને સંપૂર્ણ ખાત્રી છે કે તારા પ્રત્યેના ભક્તિભાવ રૂપી બળવાન અગ્નિમાં પેલા કામક્રોધાદિ દોષો અવશ્ય બળીને ખાખ થઈ જશે એટલે જ દોષો અને દુર્ગુણોના નાશ કરતાં તારા પ્રત્યેની ભક્તિના ભાવની વૃદ્ધિની મારી માંગણી પ્રબળ છે.

(૩૯)

ધ્યાનના અંગો

(૧) ધ્યાતા :- એટલે ધ્યાન કરનારની યોગ્યતા

(૨) ધ્યાનનું સ્વરૂપ, ધ્યાનના ભેદ વગેરે...

(૩) ધ્યેય :- જેનું ધ્યાન કરવાનું છે, તેનું સ્વરૂપ.

(૪) ધ્યાનનું ફળ....

ध्याता ध्यानं च तद्ध्येयं फलं चेति चतुर्विधम् ।
सर्वं सङ्क्षेपतो मत्वा स्वार्तध्यानादिकं त्यजेत् ।।

ध्यानदीपिका गा. ५५

ધ્યાતાનું ધ્યેય વિષે એકાગ્રચિંતન અથવા ધ્યાતાનું ધ્યેય વિષે મન-સ્થાપન એ જ ધ્યાન કહેવાય.

## (૪૦)

## મનનું સમર્પણ દુર્લભ

આપણા હૃદયમાં પ્રભુ પ્રત્યે ભક્તિભાવ ઓછા વત્તા અંશમાં છે. તેથી જ આપણે પ્રભુને તન-ધન-સમર્પિત કરીએ છીએ. નિઃસ્વાર્થભાવે પ્રભુજી કે પ્રભુ શાસનની શરીરથી થતી સેવા, એ પરમાત્મા પ્રત્યેનું તનનું સમર્પણ છે.

પ્રભુ શાસનમાં નિરાશંસ ભાવે ધનનો ઉપયોગ, એ પ્રભુ પ્રત્યે ધનનું સમર્પણ છે.

આ બન્ને તો આપણે શક્તિ અને ભાવાનુસાર કરતાં રહીએ છીએ.

પણ પ્રભુને મનનું સમર્પણ અત્યંત દુર્લભ છે.

મનનું સમર્પણ એટલે પ્રભુના વચનને અનુસાર મનની ગતિ, પ્રત્યેક પ્રસંગોમાં જિનવચનને અનુસાર વિચારવું એ મનનું સમર્પણ...

સંસારમાં સુખ-દુઃખના અનેક પ્રસંગો બને, એ વખતે પ્રભુએ આપણા 'કર્મના ઉદય'નું સમાધાન આપ્યુ છે, આપણે એ સમાધાનને યાદ કરી સંપૂર્ણ સમાધિમાં રમીએ, એ જ **મનનું સમર્પણ** છે[૧].

જિનવચન આપણા મનમાં પરિણત બને, એ જ પ્રભુને મનનું સમર્પણ, દરેક પ્રસંગમાં પ્રભુની આજ્ઞાને મનમાં યાદ કરી પ્રવર્તીએ, એ પ્રભુને **મનનું સમર્પણ**[૨].



પ્રભુએ રાગ-દ્વેષ-કષાયો વગેરેના ભયંકર અપાયો બતાવ્યા છે. એટલે ક્યારેક કર્મના ઉદયથી ઉઠતાં કષાયો વખતે આપણે તેના અપાયને યાદ કરીએ, એ પ્રભુ પ્રત્યે **મનનું સમર્પણ**[૩].

પ્રભુએ સમસ્ત વિશ્વ ચૌદરાજલોક વગેરે પદાર્થ પ્રગટ કર્યા છે. તેને તે જ રૂપે વિચારીએ, એ પણ પ્રભુ પ્રત્યેનું **મનનું સમર્પણ**[૪].

ધર્મધ્યાનના પણ આ જ ચાર પાયા બતાવ્યાં છે

(૧) આજ્ઞા વિચય (૨) અપાય વિચય

(૩) વિપાક વિચય (૪) લોકસંસ્થાન વિચય

એટલે મનનું સમર્પણ એ જ ધર્મધ્યાન છે. અને મનનું સમર્પણ ઉચ્ચ કક્ષાનું થતાં ધર્મધ્યાનની ટોચે પહોંચાશે. એમાંથી શુકલ ધ્યાનની અને ક્ષપકશ્રેણિની પણ પ્રાપ્તિ સરળ થશે અને કેવલજ્ઞાન નિકટ થશે.

પ્રભુભક્તિ અને પ્રાર્થના કરતાં આપણે વારંવાર મનનું સમર્પણ વચનથી પણ કરીએ એમ કરતાં ભાવ સમર્પણ પણ પ્રાપ્ત થઈ શકશે.

## (૪૧)

ધ્યાનદીપિકા (સકલચંદ્ર ઉપા.)

अन्तेऽस्ति मृत्युर्यदि यस्य तस्य,
चिन्तामणिर्हस्तमितस्ततः किम् ?।
सुवर्णसिद्धिस्त्वभवत् ततः किं ?
जातं प्रभुत्वं क्षणिकं ततः किम् ? ।।४९।।
प्राप्ता च गुर्वी पदवी ततः किं ?,
गीतं यशोऽन्यैर्न हि वा ततः किम् ?।
भुक्ताश्च भोगाः सुरसास्ततः किं ?
लब्धा च विद्याधरता ततः किम् ? ।।५०।।

शब्दादिभिर्वा ललितं ततः किं ?
श्रियोऽर्जिताः कोटिमितास्ततः किम् ?।
नतं श्रुतज्ञैर्महितं ततः किं ?,
न स्वीकृतं चेच्च निजार्थसाध्यम् ।।५१।।

જો અંતે મૃત્યુ જ છે તો તેને
ચિંતામણિ હાથમાં આવ્યું તેથી શું ?
સુવર્ણસિદ્ધિ પ્રાપ્તિ થઈ તેથી શું ?
ક્ષણિક પ્રભુતાની પ્રાપ્તિ થઈ તેથી શું ?
મહાન પદવીની પ્રાપ્તિ થઈ તેથી શું ?
બીજાઓએ યશોગાન કર્યા કે નહીં તેથી શું ?
સુંદર ભોગો ભોગવ્યા તેથી શું ?
વિદ્યાધરપણું પ્રાપ્ત થયું તેથી શું ?
શબ્દાદિ વિષયોથી વિવિધ ક્રીડાઓ કરી તેથી શું ?
શ્રુતજ્ઞાનીઓએ નમન કર્યું, પૂજન કર્યું તેથી શું ?

જો પોતાના પ્રયોજન (મોક્ષ)નું સાધ્ય ન સ્વીકાર્યું તો બધું નકામું છે. અર્થાત્ મોક્ષમાર્ગની સાધના ન કરી તો બધું નકામું છે.

**(૪૨)**

निर्ग्रन्थो हि भवेद् ध्याता, प्रायो ध्याता गृही न च ।
परिग्रहादिमग्नत्वात्, तस्य चेतो यतश्चलम् ।।

નિર્ગ્રંથ એટલે રાગ-દ્વેષની ગ્રંથિને તોડનાર, બાહ્ય-અભ્યંતર ઉભય કોટિની ગ્રંથિને તોડનાર મુનિ જ પ્રાયઃ **ધ્યાન કરવાના** અધિકારી છે.

ગૃહસ્થ પ્રાયઃ ધ્યાન કરી શક્તો નથી. કેમકે તે પરિગ્રહાદિમાં ડૂબેલો હોવાથી તેનું ચિત્ત ચંચળ છે. અહિં ધ્યાન એટલે ઉત્તમ ધર્મધ્યાનાદિની વાત છે.



પ્રાયઃ શબ્દથી ગૃહસ્થ પણ પૂર્વજન્મનો સંસ્કારી હોય, ગૃહસ્થપણામાં પણ વિરાગી હોય, કારણવિશેષથી સર્વસંગત્યાગ ન કરી શક્યો હોય, તે ગૃહસ્થપણામાં પણ અનુકૂળતા મુજબ ધર્મધ્યાન કરી શકે છે.

ધન-ધાન્ય-જમીન, રાજ્ય-વૈભવાદિ, સ્ત્રી, પુત્ર-પુત્રી આદિ સંબંધીઓના પાલન-પોષણાદિ, યશ-કીર્તિ વગેરેમાં ગૃહસ્થનું ચિત્ત વ્યગ્ર હોય છે વ્યવહારના પ્રસંગોમાં મન પર થતાં આઘાતો અને તેના હૃદયમાં પડતાં સંસ્કારો એવા વિક્ષેપ ઉપજાવનારા હોય છે કે કાર્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી મન વિચારો કર્યા કરે છે. આવું વિક્ષેપવાળું મન ધર્મધ્યાનમાં જરા પણ ઉપયોગી થઈ શકતું નથી. મન સ્વચ્છ અને સ્થિર હોય તો જ ધ્યાનમાં લીન બની શકે છે. પરમ વૈરાગ્ય વિના મન સ્વચ્છ નિર્મળ કે સ્થિર થતું નથી. ગૃહસ્થાવસ્થામાં કોઈ વિરલ જીવ પરમ વૈરાગ્યવાન હોઈ શકે છે. તેથી જ પ્રાયઃ શબ્દ ગૃહસ્થો માટે મૂકેલ છે.

**- ધ્યાનદીપિકા આ. કેસરસૂરિ મ.**

અહિં એ વિચારવાનું છે કે પરિગ્રહાદિમાં ડુબેલો હોવાને કારણે ગૃહસ્થ ધ્યાનનો અધિકારી થઈ શક્તો નથી, આ ન્યાયે સાધુપણામાં પણ શિષ્યો, ભક્તો, ક્ષેત્રો, નામના, પરિગ્રહ, ઉપધિ વગેરેમાં મગ્ન આપણે (મુનિઓ) પણ ધ્યાન શી રીતે કરી શકીએ ? માટે જૈનશાસન કે સંઘ માટે શિષ્યો વગેરે કરવા પડે પણ તેમાં અપ્રશસ્ત રાગ-આસક્તિ વગેરે આવી જાય તો આપણે પણ ઉત્તમ ધ્યાન માટે અનધિકારી ન થઈ જઈએ ?

**(૪૩)**

ઈંદ્રભૂતિ આદિ અગ્યાર બ્રાહ્મણોએ પ્રભુ વીર પાસે ચારિત્ર લીધું. પ્રભુએ તેમને ત્રિપદી આપી અને અંતર્મુહુર્તમાં બીજ-બુદ્ધિના ધણી એવા તેમને, જેમાં વિશાળ એવા આચારાંગ આદિ અગ્યાર

અંગો સાથે વિશાળ ચૌદપૂર્વ યુક્ત બારમુ અંગ સમાવિષ્ટ છે, તે દ્વાદશાંગીની રચના કરી. ચારિત્ર લેતાં પૂર્વે આવી શક્તિ તેમનામાં ન હતી. વળી સાથે સંયમ લેનારામાં પણ તેવી શક્તિ ન પ્રગટી. આ અગ્યારમાં આવી શક્તિ હમણાં ક્યાંથી આવી ?

પ્રભુ પ્રત્યેના અત્યંત બહુમાન અને વિનયથી જ્ઞાનાવરણનો આ વિશિષ્ટ ક્ષયોપશમ તાત્કાલિક પ્રગટ થયો અને તેઓએ વિશાળ એવી દ્વાદશાંગીની રચના કરી.

ખરેખર, વિનય અને બહુમાનમાં કેટલી બધી તાકાત છે ! આપણામાં પણ પ્રભુ અને પ્રભુશાસન એટલે ગુરુ-ધર્મ-સાધર્મિક વગેરે પ્રત્યે જેમ-જેમ બહુમાન વધતુ જાય છે, તેમ તેમ આપણો પણ ક્ષયોપશમ વધતો જાય છે.

પ્રભુએ આ અગ્યાર સંયમી આત્માઓના વિશિષ્ટ વિનય-બહુમાનના ભાવો જોયા તેથી જ તેમને ગણધર પદ પર સ્થાપ્યા... ત્રિપદી આપી અને દ્વાદશાંગીની રચના કરાવી.

(૪૪)

लोअग्गमुवगयाणं, णमो सया सव्वसिद्धाणं ।

લોકાગ્ર પ્રાપ્ત સર્વ સિદ્ધોને નમસ્કાર થાવ.

લોકના અગ્ર (સર્વોપરિ) ભાગે જેઓ પહોંચ્યા છે તેવા સર્વ સિદ્ધોને સદા નમસ્કાર થાઓ.

લોકોત્તમ પુરુષો લોકાગ્રસ્થાને જ પહોંચે તેમાં શું નવાઈ ?

આ પદ યાદ કરતાં લોકાગ્રમાં રહેલ સ્ફટિકમય સિદ્ધશિલા અને તેનાથી પણ ઉપર રહેલા, સર્વ સિદ્ધો આપણી ધ્યાન દ્રષ્ટિમાં આવવા જોઈએ.

કેવળજ્ઞાની ભગવંતોને ચૌદ રાજલોક અને અરૂપી એવું પણ અનંત અલોક પ્રગટ હોય છે.

આપણને પણ સ્વરૂપે કેવળજ્ઞાન હોઈ, આપણને પણ તિરોહિતરૂપે



આ બધુ નજર સમક્ષ જ છે પણ પ્રગટ રૂપે નથી.

અનંત અલોક અને ચૌદ રાજલોક જેના સ્વરૂપમાં પ્રત્યક્ષ છે, એવા આપણને ઘણી મહેનત અને ધ્યાનનો અભ્યાસ કરતા પણ સિદ્ધ શિલા કે સિદ્ધોનો થોડો પણ પ્રગટ જેવો ભાસ થતો નથી. શું કારણ ? કારણ માત્ર જગત પરનું મમત્વ છે. આ મમત્વ ભાવે જ આપણા આ જ્ઞાનને આવરેલ છે.

જેમ જેમ મમત્વભાવ છુટતો જાય, ઘટતું જાય તેમ-તેમ જગતના પદાર્થો આત્મામાં સ્પષ્ટ થવા માંડે અને જગત પર સંપૂર્ણ મમત્વભાવ નાશ પામે એટલે કે વીતરાગ (ક્ષાયિક) દશાને પામીએ કે તુરત જ અંતર્મુહુર્તમાં સમસ્ત લોક-અલોક તથા તેમાં રહેલા સર્વ પદાર્થોનો તેના ભૂત-ભાવિ પર્યાયો સાથે આપણને સાક્ષાત્કાર થાય છે. વળી આયુષ્ય પૂર્ણ થતાં સિદ્ધાવસ્થાને પ્રાપ્ત કરતાં આપણે અનંત અવ્યાબાધ સુખને હંમેશ માટે પ્રાપ્ત કરી શકીએ છીએ. પ્રત્યેક આત્મપ્રદેશ પર અલોકાકાશના પ્રદેશથી અનંતગુણ સુખાંશોનો હંમેશ માટે ભોગવટો શરૂ થાય છે. દુ:ખનો તો અંશ માત્ર પણ હોતો નથી.

આવા અનંત સુખ, અનંત જ્ઞાન, વીતરાગતા, અનંત શક્તિ વગેરેના અવરોધભૂત (અટકાવનાર) જગતના મમત્વભાવને આપણે ક્યારે છોડીશું ?

જગત પરના મમત્વભાવને દૂર કરવાનો એક માત્ર શ્રેષ્ઠ ઉપાય છે-

**'જિનાજ્ઞા પાલન'**

જિનાજ્ઞા પાલનથી એવું સુંદર તત્ત્વ પ્રાપ્ત થાય છે, જેથી બધી જ મમતા ઓગળી જાય છે. કુમારપાળ મહારાજા પરમાત્માની સ્તવના કરતાં જણાવે છે.

कदा त्वदाज्ञाकरणाप्ततत्त्वस्त्यक्त्वा ममत्वादिभवैककन्दम् ।
आत्मैकसारो निरपेक्षवृत्ति-र्मोक्षेऽप्यनिच्छो भवितास्मि नाथ ! ।।

હે નાથ ! તમારી આજ્ઞાના પાલનથી તત્ત્વ પ્રાપ્ત કરેલ હું

સંસારના એક માત્ર કારણરૂપ મમત્વાદિને છોડીને આત્માને જ સારરૂપ માનીને સર્વત્ર નિરપેક્ષવૃત્તિવાળો થઈ મોક્ષની પણ ઈચ્છા વિનાનો ક્યારે થઈશ ?

અહિં મોક્ષની પણ ઈચ્છા વિનાના થવાનું બતાવ્યું છે. સાતમા ગુણસ્થાનકે મોક્ષની પણ ઈચ્છા હોતી નથી, એટલે સાતમાદિ અપ્રમત્ત ગુણસ્થાનક પ્રાપ્ત કરવાની પ્રભુને પ્રાર્થના કરી છે.

જિનાજ્ઞા પ્રત્યે હૃદયમાં ખૂબ જ બહુમાન ઉભુ કરીએ. જિનાજ્ઞા એટલે ભગવાનની આજ્ઞા. ભગવાનની આજ્ઞા શું છે ?

आश्रवो सर्वथा हेयः,

उपादेयश्च संवरः ।

આશ્રવ સર્વ પ્રકારે છોડવા યોગ્ય છે.

સંવર સર્વ પ્રકારે આદરવા યોગ્ય છે.

આ પ્રભુની આજ્ઞા છે.

આશ્રવ :- જેનાથી કર્મ-બંધ થાય તેવી પાપકરણી એ આશ્રવ.

સંવર :- જેનાથી પાપકર્મનો બંધ અટકે, તે મહાવ્રતાદિનું પાલન એ સંવર.

જેનાથી પૂર્વબદ્ધ કર્મ આત્મા પરથી છુટા પડે (દૂર થાય) તે નિર્જરા.

પ્રભુની આજ્ઞા પર બહુમાન એટલે આશ્રવ ત્યાગ અને સંવર-નિર્જરાના માર્ગ પ્રત્યે બહુમાન.

**સાધુજીવન** એટલે સર્વથા આશ્રવત્યાગનો અને સંવર-નિર્જરાનો માર્ગ. **શ્રાવકજીવન** એટલે શક્ય વધુને વધુ સંવર-નિર્જરાના માર્ગે આગળ વધવું.

આશ્રવ કયાં કયાં છે ?

હિંસા-ચોરી-જૂઠ-મૈથુન-પરિગ્રહ-ક્રોધાદિ આશ્રવો છે.

અહિંસા-સત્ય-અસ્તેય-બ્રહ્મચર્ય-અપરિગ્રહ ક્ષમાદિ સંવર છે.



અણસણ, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, વિગઈ ત્યાગ કાયક્લેશ સંલેખના આ છ પ્રકારના બાહ્ય તપ અને પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન, કાઉસગ્ગ આ છ પ્રકારનો અભ્યંતર તપ.

આમ કુલ બાર પ્રકારનો તપ એ નિર્જરાનો માર્ગ છે. આમ વિવેકપૂર્વક શક્ય આશ્રવનો ત્યાગ કરતાં, તથા સંવર-નિર્જરાના માર્ગે આગળ વધતા અનાદિના આત્મામાં ઘર કરી બેઠેલા મમત્વાદિ ભાવો નાશ પામે છે, વૈરાગ્ય ભાવની વૃદ્ધિ થાય છે, પરિણામે આગળ વધતાં વીતરાગભાવની પ્રાપ્તિ થાય છે, અને શીઘ્ર કેવળજ્ઞાન-કેવલદર્શન પ્રગટ થતાં લોકાલોક પ્રગટ થાય છે. આયુષ્ય પૂર્ણ થયે સિદ્ધાવસ્થાની પ્રાપ્તિ થાય છે. અનંત સુખના ભોક્તા થવાય છે. માટે જિનાજ્ઞાના ખૂબ બહુમાન પૂર્વક જિનાજ્ઞા પાલનમાં આગળ વધીએ એ શુભેચ્છા.

### (૪૫)

શ્રેણિક મહારાજાએ પ્રભુ પાસે નરકમાં ન જવા માટે કેટલું બધું રુદન કર્યું ? ઘણા પ્રયત્નો કર્યા પણ નરકમાંથી છુટકારો ન થયો ? પ્રભુ પ્રત્યેના બહુમાનથી જેણે તીર્થંકર નામ કર્મનો બંધ કર્યો, એ વ્યક્તિની નરક અટકી નહિં.

કેવી વિચિત્રતા આ કર્મસત્તાની ? શ્રેણિકની નરક ન અટકી તેનું કારણ નિકાચિત નરકાયુષ્ય બંધાઈ ગયું એ જ છે. તીવ્ર હિંસાના પરિણામથી આ નિકાચિત નરકાયુ બંધાયું....

તીવ્ર હિંસા, તીવ્ર મૃષાવાદ, તીવ્ર અદત્તાદાન, તીવ્ર મૈથુન, તીવ્ર પરિગ્રહ સંજ્ઞા, તીવ્ર ક્રોધ, તીવ્ર માન, તીવ્ર માયા અને તીવ્ર લોભથી પણ નિકાચિત નરકાદિગતિના કર્મો બંધાય છે.

ગાઢ મિથ્યાત્વ, ભયંકર દુરાગ્રહ, તીવ્ર મદ, તીવ્ર મત્સર વગેરે ભાવો પણ આવા નિકાચિત કર્મોના બંધમાં કારણભૂત થાય છે.

અરે ! તીવ્ર રસથી સેવાતા આ દોષો અનુબંધવાળા કર્મ પણ બંધાવી દે... તો એકવાર નહીં પણ વારંવાર નરકાદિમાં ભટકવું પડે. નિગોદાદિમાં તથા એકેન્દ્રિય-વિકલેન્દ્રિય-પંચેન્દ્રિય તિર્યંચાદિમાં દીર્ઘકાળ સુધી રખડપટ્ટી ઉભી થઈ શકે છે.

લોકપ્રકાશમાં સંવેધ પ્રકરણમાં એકાંતર નરકગતિમાં જવાનું પણ કહ્યું છે. પ્રથમ નારકીમાં આ રીતે ૭ વાર જીવો જઈ શકે છે. છેલ્લી સાતમી નરકમાં પણ બે વાર જવાય છે એટલે અહિંથી ઘોર પાપ કરીને જીવ સાતમી નરકમાં જાય, ત્યાંથી વચ્ચે પંચેન્દ્રિય તિર્યંચનો ભવ કરી પાછો સાતમી નારકે જાય છે. ઉત્કૃષ્ટ આયુષ્યથી આ રીતે ૭મી નરકમાં ૬૬ સાગરોપમ સુધી નિરંતર દુઃખો સહન જીવો કરે છે. વચ્ચે માત્ર એક જ ભવનું થોડા સમયનું અંતર પડે છે....

કર્મની આ જટિલતાને સમજી આપણે સૌ ખૂબ સાવધાનીપૂર્વક જીવન જીવીએ, જેથી નિકાચિત કે અનુબંધવાળા અશુભ કર્મના બંધથી અટકી જઈએ.

વળી પૂર્વના અનુબંધવાળા અશુભ કર્મોને તોડવા માટે દુષ્કૃતગર્હા સુકૃતાનુમોદના અને ચાર શરણ સ્વીકાર વગેરે શાસ્ત્રકારોએ બતાવેલ આરાધનાને પણ ખૂબ સુંદર ભાવથી કરીએ તો આ કર્મની જટિલતામાંથી આપણે બચી શકીએ. પ્રમાદ છોડી ક્યારે આપણે આવી આરાધનામાં લીન બનીશું ?

**(૪૬)**

આજે મધ્યરાત્રિએ સુંદર સ્વપ્ન આવ્યું.

કલ્પેશભાઈએ દર રવિવારે 'અધ્યાત્મ' પર પ્રવચન યોજના કરેલ. પૂ. પ્રગુરુદેવશ્રી પણ સ્ટેજ પર હતા. મે ખૂબ વૈરાગ્યમય પ્રવચન જોરદાર કર્યું. પ્રવચનનો ભાવ હતો - 'જન્મ આપીને બધી જ સામગ્રી આપીને પાછુ મૃત્યુ આપી બધી સામગ્રી ખેંચી લેવાની હોય તો એ મશ્કરી જ છે ને ? બીજું શું ?'



કર્મસત્તા જીવન આપીને પાછુ ખેંચી લે છે એ જીવની ક્રૂર મશ્કરી છે. યમરાજને ચેલેંજ છે તાકાત હોય તો સિદ્ધોને અડપલુ કરી જુવે. અરે ! તેમના જ્ઞાનના સુખના કે શક્તિના એક અંશને પણ ખેંચી લેવાની ઓછો કરવાની તાકાત આ જગતમાં કોઈની નથી. તો પછી શાશ્વત એવી સિદ્ધપણાની સંપત્તિ પ્રાપ્ત કરવા સિવાય બીજું શું કરવા જેવું છે ?

**કર્મસત્તા આપણી મશ્કરી કરે છે. એક નાનુ જીવન આપી થોડા સુખ સગવડો આપી પાછા ખેંચી લઈ દુઃખના ખાડામાં નાંખી દેવા, એ એની પ્રવૃત્તિ છે.** પણ આપણે એને લપડાક મારીએ. એણે આપેલા આ નાનકડા મનુષ્ય ભવમાં ભૌતિક સુખ સગવડોની ઉપેક્ષા કરીને આધ્યાત્મિક સાધના એવી કરીએ, કે જેથી કર્મ સત્તાનો વિનાશ થવા માંડે અને આપણે એક દિવસ સિદ્ધશિલા પર સિદ્ધપણાને પામીને એવા બિરાજમાન થઈએ કે જ્યાં કર્મસત્તાનું કશું જ ચાલે નહીં !'

સુધર્મા સ્વામીએ જંબુકુમારને ઉપદેશ આપતાં એ જ કહેલું 'જંબૂ ! આ મનુષ્ય જીવન કર્મના બંધનને તોડવા માટે છે, પુષ્ટ કરવા માટે નથી'

આપણે સૌ સુધર્માસ્વામીનો આ ઉપદેશ જેટલો જલદી સમજીશું તેટલું આપણું કલ્યાણ નજીક છે.

**(૪૭)**

સંપત્તિ, શરીર, બળ, રૂપ, કુટુંબ, પરિવાર, મિત્રમંડળ, રાજ્યાદિ, યશ-કીર્તિ બધુ જ અશાશ્વત છે.... કશું જ હંમેશ માટેનું નથી.

તમારી સંપત્તિને આજે શેરબજારે કે મંદીના પ્રવાહે ઝૂંટવી લીધી ને ? વૃદ્ધાવસ્થા શરીર, બળ અને રૂપની કેવી ખરાબ સ્થિતિ કરે છે !

કુટુંબ, પરિવાર, મિત્રમંડળ, રાજ્યાદિ યશકીર્તિ વગેરેમાં પણ કેટલા બધા ચઢાણ-ઉતરાણ આવે છે !

આ બધુ પુણ્યને આધીન છે.

પુણ્ય પરવારતાં બધુ અદૃશ્ય થવા લાગે છે.

આવી પરાધીન વસ્તુઓ પર વિશ્વાસ રાખી ક્યાં સુધી દુઃખી થઈશું ?

એના બદલે આત્માના ગુણો જે સ્વાધીન છે તેના માટે જ પુરુષાર્થ કરીએ, જેથી પસ્તાવું ન પડે.

અને એક દિવસ ક્ષાયિક ગુણો પ્રાપ્ત કરીએ, જે કદિ પણ જાય નહિં અને અનંત-શાશ્વત સુખના ભોક્તા બની જઈએ.

(૪૮)

આપણને ત્રણ મહાન શક્તિઓ મળી છે.

(૧) મન (૨) વચન (૩) કાયા

આ ત્રણે શક્તિઓ દ્વારા થતી પ્રવૃત્તિને ત્રણ યોગ એટલે કે મનોયોગ, વચનયોગ અને કાયયોગ કહેવાય છે.

આપણે આ ત્રણ યોગનો કેવો ઉપયોગ કર્યો ? કેટલો કર્યો ? કે કરીએ છીએ ? એ ખૂબ વિચારવા જેવું છે. શુભધ્યાનમાં મનને પ્રવર્તાવવું મનનો શુભયોગ છે. શુભવાણીમાં વચનને પ્રવર્તાવવું એ વચનનો સદુપયોગ છે. અને શુભ પ્રવૃત્તિમાં કાયાને પ્રવર્તાવવી એ કાયયોગનો સદુપયોગ છે. આનાથી વિપરીત અશુભધ્યાનમાં પ્રવર્તમાન મનોયોગ એ એનો દુરુપયોગ છે. અશુભવાણીમાં પ્રવર્તમાન વચનયોગ એ એનો દુરુપયોગ છે. અશુભપ્રવૃત્તિમાં પ્રવર્તમાન કાયા એ કાયયોગનો દુરુપયોગ છે. એ સિવાય નિરર્થક મન-વચન-કાયાને પ્રવર્તાવવા એ ત્રણે શક્તિનો ખોટો વ્યય છે.

આ ત્રણે કેટલી બધી મહાન શક્તિઓ આપણને મળી છે ? આમાં પણ મનની શક્તિ સૌથી વધુ મહાન છે. વળી લગભગ



મોટાભાગે વચન અને કાયાનું વર્તન એ મનનું પોષક હોય છે. એટલે કે શુભવચનયોગ અને શુભકાયયોગ એ શુભ મનોયોગના પોષક છે. તેવી જ રીતે અશુભવાણી અને અશુભવર્તન એ અશુભ મનોયોગનું પોષક બને છે. ક્યારેક વાણી અને વર્તનથી વિપરીત મન ચાલતું હોય તેમ પણ બને છે. જેમકે અવિરત સમ્યગ્દ્રષ્ટિનું મન કર્મના ઉદયથી થતી સાવદ્યપ્રવૃત્તિમાં પણ અસ્વરસ ધરાવે છે.

ત્રણેમાં પણ મન એ મહાન છે. અને કર્મબંધ પણ મનની પરિણતિને અનુરૂપ થાય છે.

નિર્મળ અને સ્થિર મનથી થતાં ધર્મધ્યાન દ્વારા મનની શક્તિ પણ વધતી જાય છે. પરિણામે ભવાંતરમાં પ્રથમ સંઘયણવાળું શરીર પ્રાપ્ત થતાં ક્ષપકશ્રેણી પણ મનથી માંડી શકાય છે અને તે દ્વારા ઘાતીકર્મનો ક્ષય કરી કેવલજ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે. અંતે મુક્તિની પ્રાપ્તિ થાય છે. આપણે મન-વચન-કાયાનો જરા પણ દુર્વ્યય ન થવા દઈએ, જરા પણ નિરર્થક વ્યય ન થવા દઈએ, પરંતુ વધુમાં વધુ સદ્વ્યય કરીએ, જબરજસ્ત પુણ્યાનુબંધિ પુણ્યનું ઉપાર્જન કરીએ, વિપુલ કર્મનિર્જરા સાધીએ અને શીઘ્ર મુક્તિને પામીએ....

(૪૯)

ઉપર મન-વચન-કાયાના સદ્વ્યયને વિચાર્યો, હવે ધનના પણ ઉપયોગને વિચારીએ.

શ્રીમંતોએ સમજવું જોઈએ કે તેમને પૂર્વે કરેલા દાનાદિ સુકૃતો દ્વારા ઉપાર્જન કરેલ પુણ્યના ઉદયથી તેમને સંપત્તિની પ્રાપ્તિ થઈ છે. વર્તમાનમાં વ્યાપારાદિ કારણો તો નિમિત્ત કારણ છે. ઉપાદાન કારણ એકમાત્ર પુણ્યનો ઉદય છે. અને પુણ્યના ઉદયમાં પણ કારણ પૂર્વનો દાનધર્મ છે.

દાનધર્મના સૌથી પ્રથમ ઉપદેશક દેવાધિદેવ અરિહંત પરમાત્મા છે. શાલિભદ્રના જીવે સંગમના ભવમાં સાધુભગવંતને ખીરનું દાન

કરતાં અતિ ઉત્કૃષ્ટ પુણ્યબંધ કર્યો, જેના પ્રભાવે આહાર-વસ્ત્ર અને આભૂષણની ૯૯ દેવતાઈ પેટીઓ દરરોજ ઉતરવા લાગી આમ સાધુને અપાયેલ સુપાત્ર દાન, અથવા પરમાત્માની ભક્તિ વગેરેમાં કરેલ દાનથી પણ ઉત્કૃષ્ટ પુણ્યબંધ થાય છે. અને તેનાથી વિપુલ સંપત્તિ વગેરેની પ્રાપ્તિ થાય છે. તમારા જીવનમાં પણ આવા જ કોઈ પૂર્વભવના સુકૃતના પ્રભાવે તમને પુણ્યબંધ થયો હોય, અને એના કારણે વર્તમાન ભવમાં તમને સંપત્તિની પ્રાપ્તિ થઈ હોય, તેવી શક્યતા મહદંશે છે. એટલે તમારી સંપત્તિમાં કારણ એક માત્ર દેવ-ગુરુ છે.

હવે તમારી સંપત્તિ જે દેવ-ગુરુની ભક્તિમાં કે ધર્મના કાર્યો-સાતક્ષેત્રની ભક્તિ, અનુકંપા અને જીવદયામાં વપરાય, સુકૃતોમાં વપરાય એ સંપત્તિનો સદુપયોગ છે. કૃતજ્ઞતાનું પાલન પણ છે.

સાતક્ષેત્ર :- જિનપ્રતિમા, જિનચૈત્ય, સમ્યક્જ્ઞાન, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા.

આ સિવાય ક્યારેક ઔચિત્ય ખાતર સામાજિક કાર્યોમાં પણ ધનનો ઉપયોગ કરવો પડે, પણ એમાં એ ખ્યાલ રાખવો જોઈએ, કે અનુચિત - અત્યંત નિંદ્ય કે વધુ પડતા સાવદ્યકાર્યોમાં એનો ઉપયોગ ન થાય, કે જેથી વધુ પડતો કર્મબંધ થાય.

બાકી જે ઉચ્છૃંખલ અને અત્યંત ભોગોમાં સંપત્તિનો ઉપયોગ થાય છે. એ સંપત્તિનો ભયંકર દુરુપયોગ છે. આજે મોટાભાગના શ્રીમંતોએ માઝા મુકી છે. મર્યાદાઓ ઓળંગી છે, લાખો-કરોડો રૂપિયા મોજ-શોખ અને ભોગ-વિલાસ પાછળ વેડફી નાંખે છે. લક્ષ્મીના અભિમાનથી જ્ઞાતિ આદિની મર્યાદાઓને પણ તેમણે તોડી છે. સંપત્તિ પ્રાપ્ત થયા પછી નમ્ર રહેતા નહીં આવડે, અભિમાની બની શોખ ખાતર સંપત્તિનો દુર્વ્યય કરશો, તો કદાચ આ લોકમાં જ રોગાદિ અનેક વિટંબણાઓ ભોગવવા સાથે પરલોકમાં નિશ્ચિત તિર્યંચ



નરકાદિ દુર્ગતિમાં દીર્ઘ કાળ સુધી રખડવું પડશે.

એ જ રીતે કદાચ સંપત્તિ પર ખૂબ મૂર્ચ્છા કરીને ભેગી કરી રાખશો, સંગ્રહ જ કરતા રહેશો, તો પણ પરિગ્રહની તીવ્ર મૂર્ચ્છા દુર્ગતિમાં રખડાવશે. મમ્મણનું દ્રષ્ટાંત નજર સામે છે. અબજોની સંપત્તિનો માલિક પરિગ્રહની તીવ્ર મૂર્ચ્છાના કારણે સીધો ૭મી નરકમાં પહોંચી ગયો.

શ્રીમંતોએ હંમેશા પોતાનું જીવન સાદાઈ પૂર્વકનું રાખી, લખલૂટ ધનવ્યય સુકૃતોમાં કરવો જોઈએ.

સંપત્તિનો સંગ્રહ એ જ પરિગ્રહનું મોટું પાપ છે. આ મોટા પાપથી છુટવાનો એકમાત્ર ઉપાય છે ‘દાન’.

મુંબઈમાં ભણશાલીકાકાએ લાખો-કરોડોના સુકૃતદાન કર્યા છે. પોતાના ઉપભોગ માટે ‘વર્ષે સો રૂપિયાનો ખર્ચ કપડા અને જોડામાં કરવો, વધુ નહિં’ તેવો અભિગ્રહ વર્ષો પૂર્વે કરેલ. તેનું જિંદગીના છેડા સુધી પાલન કર્યું.’

ખાલી સાદા ધોતીયા અને જભ્ભામાં સજ્જ આંબાવાડીવાળા ચીનુભાઈએ લાખોના નહિ, કરોડોના સુકૃત કર્યા છે.

આવા અનેક પુણ્યશાળી આત્માઓ છે, જેઓ સાદગી પૂર્વક જીવન જીવે છે, અને લાખો-કરોડોના સુકૃતો કરે છે. શ્રીમંતો જો આ વાત બરાબર સમજશે તો તેમનું ભાવિ ઉજ્જ્વળ છે, નહિંતર ઘોર અંધકારમય છે.

## (૫૦)

## ધ્યાન પ્રક્રિયા

બે ભ્રમર વચ્ચેના ભાગમાં મન છે. અહિં આજ્ઞાચક્ર પણ છે. એટલે જ પૂજા પૂર્વે શ્રાવકો આ જગ્યાએ ચાંદલો કરે છે.

હવે આ જગ્યાએ નાની સાઈઝના સફેદ ગોળ તિલકની કલ્પના કરી અરિહંતપરમાત્માના પ્રતિક તરીકે ધ્યાન કરવું. થોડી

સેકંડ પછી સફેદ અદશ્ય થાય અને તેવા જ લાલ રંગના ગોળ તિલકનું સિદ્ધ પરમાત્માના પ્રતિક તરીકે ધ્યાન કરવું. થોડી સેકંડ પછી લાલરંગનું તિલક અદશ્ય કરી ત્યાં આચાર્ય ભગવંતના પ્રતિક તરીકે પીળારંગના તિલકનું ધ્યાન કરવાનું. આજ રીતે થોડી સેકંડ પછી પીળો રંગ અદશ્ય કરી ત્યાં જ થોડી સેકંડ માટે ઉપાધ્યાય ભગવંતના પ્રતિક તરીકે લીલા રંગના તિલકનું ધ્યાન કરવું. પછી લીલો રંગ અદશ્ય કરી ત્યાં કાળા રંગના તિલકનું સાધુ ભગવંતના પ્રતિક તરીકે ધ્યાન કરવાનું.

ટૂંકમાં બે ભ્રમરની વચ્ચે ક્રમશઃ સફેદ, લાલ, પીળા, લીલા અને શ્યામ વર્ણના ગોળતિલકનું પાંચે પરમેષ્ઠિના પ્રતિક તરીકે ક્રમશઃ ધ્યાન કરવાનું.

પ્રારંભમાં કદાચ આ રંગો દેખાય નહિ, પણ એકાગ્રતા પૂર્વક અભ્યાસ કરતાં આગળ જતાં આ ધ્યાનમાં મન લાગશે. આ ધ્યાન દ્વારા પંચ પરમેષ્ઠિની નિકટતા થશે. ચિત્ત નિર્મળ અને સ્થિર થશે. વિપુલ પ્રમાણમાં કર્મ નિર્જરા થશે... અને શીઘ્ર મુક્તિની પ્રાપ્તિ થશે...

**(૫૧)**

(૧) આ મનુષ્ય જીવનની કિંમત કેટલી ?
(૨) આ મનુષ્ય જીવન કેટલું નાનું ?
(૩) આ મનુષ્ય જીવન કેવું ક્ષણભંગુર ?
(૪) આ મનુષ્ય જીવન કેટલા પુણ્યથી મળ્યું છે ?
(૫) આ મનુષ્ય જીવન કોના પ્રભાવથી મળ્યું છે ?
આ બધું વિચારીશું ?

(૧) આ જીવન અમૂલ્ય છે, અનુત્તરવાસી દેવો પણ સતત આ જન્મને ઝંખે છે. તેનું મૂલ્યાંકન શી રીતે કરીશું ?

(૨) સો વર્ષનું આયુષ્ય આ પંચમઆરામાં ઉત્કૃષ્ટ ગણાય છે. પણ વ્યવહારિક ૬૦-૭૦માં તો ઘણા ગબડી જાય છે. આપણે ૭૫



ગણીએ તો પણ વર્ષના ૩૬૦ દિવસની અપેક્ષાએ ૨૭૦૦૦ અને ૩૬૬ હિસાબે ગણીએ તો ૪૫૦ દિવસ વધે. માત્ર આટલાં જ ગણ્યા ગાંઠ્યા દિવસોમાં આપણું જીવન પુરુ થવાનું.... તેમાં પણ આજ સુધીમાં જેટલા પસાર થયા તે બાદ કરીએ તો કેટલા રહ્યાં ? બહું નાનો આંકડો આવશે.

(૩) આ તો વ્યવહારથી વાત કરી, પણ ૭૫ વર્ષ આપણા પુરા થશે જ એની ખાત્રી ખરી ? એક ક્ષણ માત્ર હાર્ટએટેક આવ્યો અને સાજા-સારા માણસો ઉપડી ગયાના કેટલા બધા દ્રષ્ટાંતો આપણી નજર સામે છે ! માત્ર ભારતમાં જ વર્ષે રસ્તાના અકસ્માતોથી લાખો માણસો મરણને શરણ થાય છે. ઉંધી ચત્તિ દવાઓથી, ભયંકર પ્રદુષણ યુક્ત હવા-વાતાવરણથી, ખરાબ પાણીઓથી, ખરાબ અન્નથી, અનેક વાર ઉભા થતાં રોગચાળાથી, દવાની સાઈડ ઈફેક્ટો વગેરેથી લાખો-કરોડો જીવન ખતમ થઈ જતાં આપણે નજર સમક્ષ દેખીએ છીએ... એક માત્ર કચ્છના ધરતીકંપમાં લાખો જીવો જતાં રહ્યાં... મુંબઈ, અમદાવાદ, કાશ્મીર અને અન્યત્ર લાખો જીવો આતંકવાદના હુમલા કે ખૂના, મરકી, હુલ્લડોમાં જતાં નજર સમક્ષ જોઈ રહ્યા છીએ, આજના વર્તમાનપત્રો તથા માધ્યમો દ્વારા જાણી રહ્યા છીએ....

શી રીતે આપણે આ આપણા ક્ષણભંગુર જીવનનો ભરોસો કરી શકીશું ?

(૪) સમસ્ત જીવરાશિમાં મનુષ્યો તો સૌથી થોડા છે, એનો અર્થ એ પણ થાય કે અનંત-અનંત કાળથી ભટકતાં આપણને મનુષ્યોના ભવ સૌથી અલ્પકાળ માટે મળ્યા છે. અત્યંત પુણ્યરાશિ એકઠી થાય ત્યારે આ ભવ મળે છે. તેમાં પણ જિનેશ્વર ભગવંતો ઉત્કૃષ્ટ પુણ્યથી મળેલ છે. કુમારપાળ મહારાજાના ઉદ્ગાર છે..

'બહુ કાળ આ સંસાર સાગરમાં પ્રભુ હું સંચર્યો,
થઈ પુણ્યરાશિ એકઠી ત્યારે જિનેશ્વર તું મળ્યો....'

'પામ્યો છું બહુ પુણ્યથી પ્રભુ તને,
ત્રૈલોક્યના નાથને,
હેમાચાર્ય સમાન સાક્ષી શિવના
નેતા મળ્યા છે મને;
એથી ઉત્તમ વસ્તુ કાંઈ ન ગણું
જેની કરૂં માંગણી,
માંગુ આદર વૃદ્ધિ તો ય તુજમાં
એ હાર્દની લાગણી.'

જેનાથી ઉત્તમ વસ્તુ આ જગતમાં કોઈ નથી એવા દેવ-ગુરુ-ધર્મ આપણને મળ્યા છે. અતિ ઉત્કૃષ્ટ પુણ્યથી પ્રાપ્ત થયેલ ઉત્તમ દેવ-ગુરુ-ધર્મ યુક્ત આ ભવનું મૂલ્ય સમજી, પાંચ ઈન્દ્રિયોના વિષયો રૂપી ગટરમાં આ ભવ ફેંકી દેવાના બદલે શ્રેષ્ઠ સાધનાથી આ ભવને સફળ કરવો જોઈએ.

(૫) ઉત્કૃષ્ટ પુણ્યથી આ મનુષ્ય ભવ મળ્યો, પણ ઉત્કૃષ્ટ પુણ્યમાં કારણ કોણ ?....અરિહંત પરમાત્માએ જે શુભમાર્ગ બતાવ્યો છે. તેની આરાધનાથી જ આ પુણ્ય પ્રાપ્ત થયું. એટલે આ મનુષ્યભવ તથા બીજી પણ શારીરિક - આર્થિક કે જે કોઈ અનુકૂળ સામગ્રી મળી છે, તે એક માત્ર દેવ-ગુરુના પ્રતાપથી જ મળી છે.

જે વસ્તુ જેના પ્રભાવથી મળી હોય, તેને તે વસ્તુ સમર્પિત કરવામાં જ ડહાપણ છે, કૃતજ્ઞતા ગુણનું એ જ કાર્ય છે. માટે જે કંઈ પુણ્યોદયથી મળેલ છે, તેને દેવ-ગુરુ-ધર્મને સમર્પિત કરવા પ્રયત્ન કરીએ.

પ્રભુથી મળેલ પ્રભુને અર્પણ કર્યા વિના કેમ ચાલશે ?



**(૫૨)**

तप्पुव्विया अरहया पूइयपूआ य विणयकम्मं च कयकिच्चो वि जह कहं कहए णमए जहा तित्थं ।

तीर्थं - श्रुतज्ञानं तत्पूर्विकाऽर्हत्ता तदभ्यासे प्राप्तेरिति ।

नमो तित्थस्स ।

ભગવંત સર્વપ્રથમ નમો તિત્થસ્સ કહીને તીર્થને નમસ્કાર કરે છે. તે પછી મેઘગંભીર મધુર અને સર્વોત્તમ ગુણોથી સમૃદ્ધ એવી વાણી વડે દેશના આપે છે.

**તીર્થ એટલે ચતુર્વિધ સંઘ**

ભગવાન સર્વ પ્રથમ સંઘને નમસ્કાર કરે છે. સ્વયં ભગવાન જેને નમસ્કાર કરે, તેને લોકો પણ પૂજે. ભગવાન કૃતકૃત્ય હોવા છતાં લોકને પૂજનીય વસ્તુની પૂજાના આદર્શ આપવા માટે, એટલે તીર્થ-સંઘ પૂજનીય છે, એ બતાવવા માટે સ્વયં સર્વ પ્રથમ તીર્થને નમસ્કાર કરે છે. જેમ ભગવાન કૃતકૃત્ય હોવા છતાં ધર્મ કહે છે તેમ તીર્થને નમસ્કાર પણ કરે છે.

**અથવા તીર્થ એટલે શ્રુતજ્ઞાન**

ભગવાન શ્રુતજ્ઞાનને નમસ્કાર કરે છે, કૃતજ્ઞતા બતાવવા માટે કારણકે પૂર્વના તીર્થોમાં આરાધેલ શ્રુતજ્ઞાનના અભ્યાસથી તેઓને આ અરિહંતપણુ પ્રાપ્ત થયું છે.

**(૫૩)**

આજે પરમાત્માના દર્શન વખતે પ્રભુની આંખો સાથે આંખ મિલાવતા ભાવના થઈ, પ્રભુને મેં વિનંતિ કરી...

પ્રભુ ! અંજન સમયે આપની આંખોમાં અમે (આચાર્યોએ) કેવલજ્ઞાનના અંજન કર્યા છે. કેવલજ્ઞાનમાં ત્રિકાલિક સમસ્ત વિશ્વનું પ્રતિબિંબ પડે છે.... ભગવંત ! આપ માત્ર એક ક્ષણ માટે આપના ચક્ષુમાં (કેવલજ્ઞાનમાં) જે ત્રિકાલિક વિશ્વનું પ્રતિબિંબ પડે છે તે ત્રિકાલિક વિશ્વનું મને દર્શન ન કરાવો ? આપની પાસે તો ત્રિકાલિક

વિશ્વનું દર્શન શાશ્વતકાળ માટે છે. મને તો એક જ ક્ષણ માટે આનું દર્શન કરવું છે. જો આપની કૃપા થાય તો.

પ્રભુ :- પુત્ર ! ચક્રવર્તિનું ભોજન ચક્રવર્તી જ પચાવી શકે, તે ભોજન જો સામાન્ય મનુષ્ય કરે તો તેનું પેટ જ ફાટી જાય, તે જીરવી ન શકે, પચાવી ન શકે, તે જ રીતે ત્રિકાલિક વિશ્વનું દર્શન તું પચાવી નહીં શકે. ત્રિકાલિક વિશ્વના દર્શનમાં દેવલોકની સુરાંગનાઓના અદ્ભુત રૂપ દેખાય, નારકીની ઘોરપીડા સહન કરતાં નારકો દેખાય. પૂર્વ ભવમાં તારા ખૂન કરતાં દુશ્મનો દેખાશે. ખૂન કરતી તારી જાત દેખાશે. પરપુરુષો સાથે શીલભંગ કરતી પૂર્વભવની પત્નીઓ દેખાશે. અનેક સ્ત્રીઓના શીલભંગ કરતી તારી જાત દેખાશે. સમસ્ત વિશ્વની ત્રણે કાળની બધી જ અવસ્થાઓ દેખાશે, જે જોવાથી તને ઉન્માદ થઈ આવશે.

ત્રિકાલિક વિશ્વના દર્શન માટે તારે પ્રથમ વીતરાગતા પ્રાપ્ત કરવી પડે. વીતરાગ થયા પછી જ આ ત્રિકાલિક વિશ્વ દર્શન તને પચી શકે... તે પહેલા નહીં, તેથી જે સમયે તું સંપૂર્ણ મોહરહિત (સત્તામાં પણ મોહનીય કર્મ ન હોય એવી અવસ્થાવાળો) થઈશ, કે તરત જ ક્ષણ માત્રમાં હું તારામાં રહેલું ત્રિકાલિક વિશ્વદર્શનનું સ્વરૂપ પ્રગટ કરી દઈશ, માટે ત્રિકાલિક વિશ્વ દર્શન કરવા તું વીતરાગ થવા પ્રયત્ન કર....

વીતરાગતાના અંશરૂપી વૈરાગ્ય જેમ જેમ તારામાં વધશે, તેમ તેમ જ્ઞાનાવરણ અને દર્શનાવરણ કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ તારુ વર્તમાન વિશ્વનું જ્ઞાન અને વિશ્વદર્શન નિર્મળ થતાં જશે.

વત્સ ! જેમ બને તેમ તું વીતરાગતા તરફ આગળ વધતો જા... આ એક મારો તને ઉપદેશ છે. વીતરાગતાને પ્રગટ કરવા તારા અંતરમાં પડેલ રાગ-દ્વેષની મલિનતાને તું જેમ બને તેમ ઝડપથી દૂર કરવા માંડ, અને તે માટે દર્શન-જ્ઞાન-ચારિત્રની સાધના વધુ ને વધુ તું કરતો થા !



## (૫૪)
## અંતરનો આનંદ

પ્રભુના દર્શન કરતા અત્યંત અને સર્વશ્રેષ્ઠ આનંદ ક્યારે પ્રગટ થશે ?.... ઋષભદાસજી (મદ્રાસવાળા) કહેતા હતા કે પ્રભુને એક ખમાસમણ દેતાં એટલો બધો આનંદ ઉભરાય છે કે જે દિલમાં સમાઈ શકતો નથી. આપણે પ્રભુદર્શનમાં આવા અત્યંત આનંદને અનુભવીએ છીએ ખરા ?

સંસારમાં અત્યંત પ્રિય વ્યક્તિના દર્શન માટે હૃદય કેટલું તલસાટ કરે છે, ઝંખના કરે છે, અને તે પ્રિય વ્યક્તિના દર્શન વખતે હૃદયમાં કેવો આનંદ ઉભરાય છે !

આપણે સૌ આ અનુભવીએ છીએ. પણ પરમાત્માના દર્શનમાં આવો અનુભવ થતો નથી. તેનું અભ્યંતર કારણ એ કે હજી જોઈએ તેવો મિથ્યાત્વ મોહનીયનો ક્ષયોપશમ પ્રાપ્ત થયો નથી. બાહ્ય કારણ એ છે કે પ્રભુને હજી વાસ્તવિક રીતે આપણે ઓળખ્યા નથી. પ્રભુના ઉપકારનું ભાન નથી, પ્રભુના સ્વરૂપને જાણ્યું નથી. પરમાત્માએ આપણને એક માત્ર સમ્યક્ત્વનું દાન કર્યું છે, તે કેટલું બધું મહાન છે !

ભૂખ્યાને ઘેબર
દરિદ્રિને ધન
તરસ્યાને જલ

આ બધા કરતાં જન્માંધને ચક્ષુનું દાન કેટલું બધુ મહાન ગણાય. જન્માંધને ચક્ષુ દેનાર કેટલો બધો મહાન ઉપકારી લાગે !

જન્માંધને ચક્ષુ આપનારે માત્ર એક જ ભવનો અંધાપો દુર કર્યો. પ્રભુએ તો આપણો જનમ જનમથી (અનાદિ કાળથી) ચાલ્યો આવતો મિથ્યાત્વનો અંધકાર દૂર કર્યો છે. સમ્યક્ત્વ અથવા સમ્યગ્જ્ઞાન-રૂપી ચક્ષુ આપ્યા છે.

દુનિયાના મનુષ્યોના શરીરના રૂપો તો ઠેકાણા વગરના છે.

વળી ક્ષણમાં પલટાનારા છે. ઔદારિક શરીર તો પાછા અનેક પ્રકારની અશુચિઓથી ભરેલા છે. દેવોના દિવ્ય વૈક્રિયરૂપ કરતાં પણ તીર્થંકર પ્રભુના શરીરનું રૂપ અનંતગુણ છે. પ્રભુનું બળ સુરેન્દ્ર કરતાં અનંત ગુણ છે. પ્રભુના સમવસરણની ઋદ્ધિ પણ જબરદસ્ત છે. કેવા સુંદર આઠ પ્રાતિહાર્ય છે ! વળી કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતશક્તિ, વીતરાગતા વગેરે પ્રભુનું અભ્યંતર સૌંદર્ય પણ કેટલું જબરદસ્ત કોટિનું છે !

આ બધું જો આપણને જોતા આવડી જાય તો પ્રભુના દર્શનમાં અત્યંત આનંદનો અનુભવ થાય. અરે ! ભક્તકવિઓએ તો પ્રભુના દર્શનમાં મુક્તિનો આનંદ અનુભવવાનું જણાવ્યું છે.

दिट्ठे तुमम्मि भुवणेकबंधवे,
दुहनिहि वि संसारो ।
मोक्खो व जणइ सोक्खं,
अउव्वं किं पि खणं मज्ज ।।

સમસ્ત ભુવનના (જગતના) એક માત્ર બંધુ એવા પ્રભુ ! તમને જોતાં જ દુઃખના નિધાનભૂત એવો આ સંસાર મોક્ષ જેવા સુખને ઉત્પન્ન કરે છે, ખરેખર આ આપના દર્શનની ક્ષણ અપૂર્વ છે.

દુઃખના નિધાનભૂત એવા આ સંસારમાં પણ પ્રભુ દર્શનમાં મુક્તિના સુખ જેવા અપૂર્વ આનંદને જે દિવસે આપણે અનુભવીશું, તે દિવસે મોક્ષ દૂર નહિ હોય....

**(૫૫)**

ઘણા પુણ્યશાળી એવા હોય છે કે જેના હૈયામાં સંઘભક્તિ વગેરેના ઉત્તમભાવો ભરેલા હોય છે. પરંતુ વાણીની શક્તિ (પ્રવચનની) એટલી નથી હોતી, એટલે સભા વગેરેમાં પોતાના ભાવોને વ્યક્ત કરી શક્તા નથી. ક્યારેક બીજાની પાસે તેઓ બોલાવડાવે છે.

પ્રભુ ! મારુ પણ એવું જ છે. મારા હૃદયમાં તારી પ્રત્યેનો



જોરદાર ભક્તિભાવ ભરેલો છે. એમાં જરા ય ખામી નથી. મારી તારા પ્રત્યેની શ્રદ્ધા મજબૂત છે, તને સંપૂર્ણ જ્ઞાનવાન્ સંપૂર્ણ શક્તિમાન્, વીતરાગ અને મારા સ્વામી તરીકે મેં સ્વીકારેલ જ છે, આમ છતાં મનની નબળાઈ, સત્ત્વની ખામી મનની વિક્ષિપ્તાદિ અવસ્થાઓ, વિશિષ્ટ ક્ષયોપશમ ભાવોનો અભાવ વગેરે કારણે હું મારા તારા પ્રત્યેના ભાવોને પ્રગટ કરી શક્તો નથી. મનમાં પણ તારું સ્પષ્ટ વિશુદ્ધ ધ્યાન કરી શક્તો નથી. પરંતુ હે નાથ ! હું ફરી ફરીને આપ સમક્ષ જાહેર કરું છું કે....

આપ જ મારા દેવ છો.
આપનું જ મારે શરણ છે.
આપ જ સર્વશ્રેષ્ઠ દેવ છો.

આપના સિવાય મારા હૃદયમાં કોઈને સ્થાન નથી. આ મારા અંતરના સનાતન ભાવને સ્વીકારી મારા પર સતત કરુણાદ્રષ્ટિનો ક્ષેપ કરતાં રહેશો.

'ता खिवसु पहु ! ममोवरि
करुणारसमंथरं णिययदिट्ठिं ।'

**(૫૬)**

આ જગતના કોઈ પણ જીવોને સૂક્ષ્મ પણ માનસિક કે શારીરિક પીડા મારા તરફથી ન થવી જોઈએ એવો ભાવ એ સર્વ સત્ત્વ હિતાશય છે. સર્વવિરતિધર્મમાં આ ભાવ અવશ્ય હોવો જોઈએ. હકીકતમાં આ જ પ્રથમ મહાવ્રત છે. અને એ જ સંયમનું મુખ્ય સ્વરૂપ છે. બીજા મહાવ્રતો આની રક્ષા માટે છે.

અસત્ય વચન, અનીતિયુક્ત વર્તન, વિષયોનું સેવન કે પરિગ્રહવૃત્તિ જ્યાં હોય ત્યાં ઉપરોક્ત સર્વસત્ત્વહિતાશય હોઈ શકતો નથી, કે ટકતો નથી તેથી જ એના માટે બાકીના ચાર મહાવ્રતોનું પાલન પણ અત્યંત જરૂરી બને છે.

હવે બે પ્રશ્નો ઉભા થાય છે, કે ગમે તેટલી તકેદારી ગમે તેટલી કાળજી છતાં વર્તમાન પરિસ્થિતિ જ એવી છે, કે તેમાં જીવન જીવવામાં અનેક જીવોને શારીરિક પીડા થાય છે. માનસિક પણ થાય છે. હાલવામાં, ચાલવામાં, શ્વાસોશ્વાસ લેવામાં, આહાર, નિહાર, વિહારાદિમાં પણ અનેક જીવોની વિરાધના (શારીરિક-માનસિક દુઃખ) થઈ રહી છે. શાસનની સંઘની પ્રવૃત્તિઓમાં પણ આ શક્ય છે. તો શું કરવું ?

આનું સમાધાન એ છે કે સર્વત્ર જયણાનું પ્રવર્તન કરવું. ઉપદેશપદમાં જયણાને જ આરાધના કહી છે. દશવૈકાલિકમાં પણ કહ્યું કે

'જયં ચરે, જયં ચિટ્ઠે, જયં આસે, જયં સએ ।
જયં ભુંજંતો ભાસંતો, પાવકમ્મં ન બંધઈ ॥'

આ ગાથા દ્વારા સ્પષ્ટતા કરી છે કે જયણા પૂર્વક પ્રવૃત્તિ કરતો જીવ પાપ કર્મ બાંધતો નથી. અર્થાત્... જિનશાસન, સર્વજ્ઞની આજ્ઞા ખૂબ વિવેકભરી હોય છે. જીવોની વિરાધનાથી ગભરાઈને જો અણસણ કરી જીવન પૂર્ણ કરી દઈએ તો નવા ભવમાં જનમથી જ ભયંકર અવિરતિ અને વિરાધનાઓ આવશે, સરવાળે વિરાધનાઓ વધશે 'સકલ સત્ત્વ હિતાશય' સચવાશે નહિ. વળી અત્રે અન્યની પીડા નિવારણની તથા સ્વ કષાયનિગ્રહની થતી પ્રવૃત્તિ બંધ થશે. એ પણ નુકશાન થશે.

પ્રભુશાસને હંમેશા લાભ-અલાભની જ વિચારણા કરી છે અને અલ્પ અલાભ દ્વારા મહાલાભને પ્રાપ્ત કરવાનું જ વિધાન કરેલ છે. વળી અશક્ય પર્યાયમાં ખૂબ જ જયણા પૂર્વક જરૂરી અલ્પ વિરાધના (દ્રવ્યથી) થતાં પરિણામ વિરાધનાના થતાં નથી, કેમકે ત્યાં પણ ભાવ તો વિશેષ વિરાધનાથી અટકવાનો છે.

શેરબજારમાં ભારે મંદીની આગાહી જેને પ્રાપ્ત થઈ છે, એ



અલ્પ નુકશાન વેઠીને પણ શેરો વેંચી દે, એ એનું ડહાપણ છે. મોટા નુકશાનથી બચવાની પ્રવૃત્તિ છે. એ જ રીતે અશક્યપર્યાયમાં જયણા પૂર્વક વર્તી મોટી વિરાધના અટકાવવી એ ડહાપણ જ છે. ગીતાર્થોનો એ જ રાહ છે. એટલે અશક્યપર્યાયે ખૂબ જયણાપૂર્વક પ્રવર્તનમાં પણ સકલસત્ત્વહિતાશયનો પરિણામ ટકી રહેતા મહાવ્રત અને સંયમની શુદ્ધિ જળવાય છે.

બીજી વાત એ છે કે ભૂતકાળમાં આપણે અજ્ઞાની હતા, ત્યારે અનેક જીવોને માનસિક અને શારીરિક પીડાઓ આપી છે. એના પ્રાયશ્ચિત રૂપે પણ આપણે બીજા અનેક જીવોને બીજાથી પણ થતી શારીરિક અને માનસિક પીડાઓમાંથી આપણાથી શક્ય બને તે રીતે બચાવવા જોઈએ. વળી જીવો જે અજ્ઞાનના કારણે અનેકવિધ કર્મના બંધ કરીને સ્વયં પોતાની જાત માટે પીડા ઉભી કરે છે. તેમને આપણે જ્ઞાનનું દાન કરીને ભાવિ પીડાઓથી બચાવવા જોઈએ. અજ્ઞાનથી પાપકર્મો બાંધીને ભાવિની નરકાદિની પીડાઓ સ્વયં ઉભી કરી છે, તેઓને જ્ઞાનપૂર્વક સંયમ-તપ વગેરે માર્ગમાં જોડવા જોઈએ જેના દ્વારા તેઓની ભાવિ પીડા આપણે નષ્ટ કરી શકીએ. બસ જીવનનો આ સાર છે ખૂબ જયણા પૂર્વક સંયમ-તપની સાધના કરીએ અને જેટલું શક્ય બને તેટલું અન્ય જીવોને સંયમતપ વગેરેમાં જોડી તેઓને દુઃખોથી બચાવીએ...

સ્વ-પર કલ્યાણની આરાધના દ્વારા જીવન સફળ કરીએ.

શક્ય પર્યાયમાં પણ વિરાધના કરીએ, કે અશક્ય પર્યાયમાં પણ જયણા ન સાચવતા જરૂરી કરતા વધુ વિરાધના કરીએ તો 'સકલ સત્ત્વ હિતાશય' રૂપ સંયમનો પરિણામ કેવી રીતે સચવાશે ?

साधुधर्मः पुनः सामायिकादिविशुद्धक्रियाभिव्यङ्ग्यः सकलसत्त्वहिताशयामृतलक्षणः स्वपरिणाम एव, क्षायोपशमिकादि-भावस्वरूपत्वाद्धर्मस्य ।

## (૫૭)

સૌથી વધુ નિર્જરા ચૌદમા ગુણસ્થાનકે સર્વ કર્મની થાય છે. ચૌદમા ગુણસ્થાનકે મન-વચન-કાયા ત્રણે યોગનો નિરોધ છે. એક પણ યોગ નથી. એટલે સર્વોત્કૃષ્ટ તપ ચૌદમા ગુણસ્થાનકે છે.

આ અવસ્થા પ્રાપ્ત કરવા માટે ત્રણે યોગને કેન્દ્રિત કરવા પડે. પહેલા અશુભમાંથી શુભમાં લાવવા પડે. આપણો તપ એ ત્રણે યોગની શુદ્ધિની જ એક માત્ર પ્રક્રિયા છે.

આહાર અને શરીર પરનું અનાદિકાળનું મમત્વ તોડવા જ ઉપવાસ - આયંબિલ વગેરેનો તપ છે.

એક બાજુ આ રીતે મમત્વભાવોને તોડતા જવાના અને બીજી બાજુ આપણા યોગોને જિનાજ્ઞા અથવા ગીતાર્થ ગુરૂને સમર્પિત કરી દેવાના... એટલે આપણા મન-વચન-કાયા પરમાત્માને કે ગુરુને સમર્પણ કરતા જવાના.

આપણી કાયાનું સ્વામિત્વ આપણે ઉઠાવી ગુરુને સોંપવાનું આપણી વાણીનું સ્વામિત્વ પણ આ જ રીતે આપણે ઉઠાવી લઈ ગુરુચરણે સમર્પિત કરવાનું અને આપણા મનને પણ આપણે આપણી સ્વચ્છંદ વિચારધારામાંથી છોડાવી દેવ-ગુરુના ચરણે સમર્પિત કરી દેવાનું એટલે મનની ગતિ પણ પ્રભુ આજ્ઞા અને ગુરુવચનને અનુકૂળ થવી જોઈએ.

આ જ આપણું અંતિમ ધ્યેય છે. ઉક્ત તપો કરતાં આપણે આ ધ્યેયને સિદ્ધ કરવાનું છે. પછી અયોગીપણું આવતા વાર નહીં લાગે....



## (૫૮)

### -: શ્રીમંતો :-

વર્તમાનના મોટાભાગના શ્રીમંતો મને મમ્મણ કરતાં પણ વધુ ભયંકર જણાય છે. પ્રભુ મહાવીરના વખતમાં જ એક મોટો શ્રીમંત થઈ ગયો. તેની પાસે ભારે શ્રીમંતાઈ હતી. મગધદેશના મહારાજ શ્રેણિક કરતાં પણ વધુ ધન તેની પાસે હતું. આમ છતાં ધનનું મમત્વ એને અત્યંત હોવાના કારણે તે પોતે તેલ-ચોળા ખાતો. વસ્ત્રમાં એક માત્ર પોતડી પહેરતો. શિયાળાની ભયંકર ઠંડીમાં પણ એક માત્ર પોતડી પહેરીને નદીમાં ખેંચાઈને આવતાં લાકડા ભેગા કરતો. આ મમ્મણ મૃત્યુ પામી ૭મી નરકે ગયો હતો. મમ્મણને પરિગ્રહની મૂર્ચ્છાનું પાપ મોટુ હતું પણ ભોગની તૃષ્ણાનું પાપ ન હતું. મમ્મણના જીવનમાં પરિગ્રહ માટે પણ ઘોર હિંસા કે લોકોના દ્રોહ વગેરે મોટા પાપો જણાયા નથી.

આજના શ્રીમંતોને પરિગ્રહની તૃષ્ણા ભયંકર છે. સાથે ભોગતૃષ્ણા પણ ભયંકર છે. પરિગ્રહ એકઠો કરવા અનેક મનુષ્યોની આજીવિકા પણ આ લોકો ઝૂંટવી લે છે. માનવોની હિંસા સુધીના પાપો પણ કરે છે. અરે ! ક્યારેક દવાઓ ખપાવવા રોગો પણ ફેલાવે છે. આજે ઘણા ડોક્ટરો પણ પૈસા કમાવવા માટે વગર જરૂરિયાતે દરદીઓને અનેક પ્રકારના ટેસ્ટો કરાવે છે (કારણ તેઓને તેમાં કમિશન મળે છે.) અરે ! વગર જરૂરિયાતે માત્ર પૈસા મેળવવા મોટા-મોટા ઓપરેશનો કરી દરદીઓ જોડે પ્રાણના જોખમ સુધીની રમતો રમે છે. અરે ! કેટલાક ડોક્ટરો વગેરે હજારો સ્ત્રીઓના ઉદરસ્થ બાળકોને પણ જન્મ પહેલા ખલાસ કરી નાંખે છે. નરકગતિમાં કારણભૂત ગર્ભહત્યાનું ઘોર પાપ કરે છે. શિક્ષકો ટ્યુશનની આવક મેળવવા વિદ્યાર્થીઓને શાળામાં ભણાવતા જ નથી. વકીલો કોર્ટમાં મુદતો જ પડાવે છે. રાજકારણીઓ, અધિકારીઓ અને ઉદ્યોગપતિઓની ત્રિવેણીએ તો

આખા દેશને લુંટ્યો છે, લૂંટી રહ્યા છે. અધિકારીઓ ભારે લાંચ-રુશ્વત લે છે. રાજકારણીઓ સત્તા માટે ગમે તે કરી શકે છે. પરસ્પર કોમોને લડાવીને પણ પોતાની ભાખરી શેકે છે. ઉદ્યોગપતિઓએ તો માઝા મૂકી છે. માત્ર વેપારીઓના જ ધંધા નહીં, પણ ગરીબ લારી-ગલ્લાવાળા, ફેરીયાવાળાના ધંધા પણ ઝૂંટવી લીધા છે. અરે ! લાખો-કરોડો માણસો કેન્સરના ભોગ બને તેવા ગુટકા-મસાલાના વેચાણ તેઓ કરે છે. રાજકારણીઓને ભારે લાંચ મળતી હોય તેઓ તેને ચલાવે છે. પ્રજાની કેવી મશ્કરી કરે છે ! કે આરોગ્યને હાનિકારક તેવી વસ્તુઓના પડીકા નીચે, 'સ્વાસ્થ્ય માટે હાનિકારક છે' એવું લખાણ ફરજિયાત છપાવડાવે છે. અરે ! પ્રજા માટે હાનિકારક એવી વસ્તુ પર પ્રતિબંધ મૂકતા તમને કોણ અટકાવે છે ? પણ સંપત્તિનો લોભ તમને પ્રતિબંધ કરતાં અટકાવે છે. આ લોકોએ સેંકડો કિલોમીટર સુધીના ક્ષેત્રની હવા દૂષિત કરી અનેક માનવોને ભયંકર રોગોના ભોગ કર્યા છે. પાણીને દૂષિત કર્યા છે. ખેતરના અનાજોને પણ દૂષિત કર્યા છે. મનુષ્ય અને પશુઓને ભારે દુઃખી કર્યા છે.

આ બધા પાપો-ખરાબ કાર્યો એક માત્ર પરિગ્રહની તીવ્ર આસક્તિના કારણે આ લોકો કરે છે. સંપત્તિની પ્રાપ્તિ માટેના તથા મળેલ સંપત્તિની રક્ષા કરવા માટેના સતત અશુભભાવોમાં આ લોકો રમે છે. તીવ્ર રૌદ્રધ્યાનથી નરક વગેરે ગતિ કે ક્યારેક નરકાયુષ્ય પણ બંધાય છે.

પરિગ્રહની આસક્તિ સાથે આ લોકો ભયંકર ભોગ-તૃષ્ણામાં પણ રમે છે. એમની ભોગતૃષ્ણાએ તો માઝા મૂકી હોય છે. પાંચે ઈન્દ્રિયોના અનુકૂળ વિષયોને એ લોકો સતત શોધતાં રહે છે. સદાચારની મર્યાદાઓનો એ લોકો ભુક્કો ઉડાવી દે છે. સ્પર્શેન્દ્રિયની આસક્તિ પાછળ પાગલ બનેલા તેઓ પોતાના અને સેંકડો-હજારો



સ્ત્રીઓના શીલને ખંડિત કરે છે. સુંવાળા સ્પર્શો શોધતા રહે છે. આંખો સ્ત્રીઓના પ્રત્યેક અંગોપાંગના દર્શન માટે સતત તરસી છે. આજનું વિજ્ઞાન પણ ટી.વી.-સિનેમા-કેસેટો વગેરેના સાધનો દ્વારા તેમની ભોગતૃષ્ણાને બહેકાવી રહ્યું છે. આવા સાધનો પાછળ લાખો રૂપિયા પણ આ લોકો ઉડાવે છે. વિજાતીયના શૃંગારરસવર્ધક સંગીત-નૃત્યોની મહેફીલો માંડી તેમાં લાખો રૂપિયાનો વ્યય આ લોકો કરે છે. તેમના કાન સતત રાગવર્ધક સંગીત સાંભળવા માટે તલસે છે. અને સાંભળવામાં એકદમ લીન થઈ જાય છે. અરે ! અત્યારે તો શ્રીમંતો તેમના લગ્નો વગેરે વ્યવહારિક પ્રસંગો પણ મોટી-મોટી હોટલો કે તેવા સ્થળે કરીને કરોડો રૂપિયાનો દુર્વ્યય કરી બરબાદ કરે છે. એમની રસનેન્દ્રિય પણ ખૂબ ઉદ્દામ હોય છે. એને નિત નિત નવા નવા રસોના ભોગ જોઈએ છે. જે ભોજન માત્ર શરીર ટકાવવા, શરીર દ્વારા શુભ કાર્યો થતાં રહે તેટલા પુરતું લેવાનું છે તે ભોજન આ લોકો એક માત્ર જીભના સ્વાદ માટે લે છે. દારૂ, ઈંડા અને માંસાહાર સુધી આ લોકો પહોંચી ગયા હોય છે. અરે ! રસનેન્દ્રિયની લંપટતાથી અનેક પ્રકારના રોગો એમના જીવનમાં પ્રવેશ્યા છતાં પણ તેમની રસલોલુપતા અટકતી નથી. ઘ્રાણેન્દ્રિય પણ ચારે બાજુ ભયંકર ઈષ્ટ વિષયોને શોધતી જ હોય છે.

મન પણ સતત કોઈ ને કોઈ વિષયોના ચિંતનમાં કે વિષયોમાં કારણભૂત અર્થની ચિંતામાં જ હોય છે. ક્યારેક શરીરથી ન ભોગવી શકાય તેવા ભોગો પણ જીવો માનસિક કલ્પનાઓથી ભોગવીને આનંદ પામે છે. તંદુલિયો મચ્છ એક માત્ર માનસિક ઘોર હિંસાની કલ્પનાથી જ અંતર્મુહુર્તના આયુષ્યમાં ૭મી નરકનું આયુષ્ય બાંધી ત્યાં ઉત્પન્ન થાય છે.

અર્થ અને કામના તીવ્ર ધ્યાનો દ્વારા આ લોકો કેવા ઘોર અનુબંધવાળા કર્મો બાંધે છે, એની કલ્પના પણ થઈ શકે તેમ નથી.

અનુબંધવાળા કર્મના કારણે આ લોકોની ભવિષ્યમાં પણ પાપપરિણતિ, પાપિષ્ટ વાસનાઓ વધતી જ જવાની. પરિણામે નરક-નિગોદ-તિર્યંચાદિના ભયંકર ભવોમાં ઘોર વિટંબણાઓ આ લોકોને અસંખ્ય કે અનંતકાળ સુધી ભોગવવી પડશે, જેની કલ્પના માત્ર પણ ધ્રુજારી ઉપજાવે તેવી છે. એવા પણ ઘણા લોકો છે, જેઓ શ્રીમંત નથી, તેઓ પણ આવી શ્રીમંતાઈ મેળવવા ઉત્કંઠિત થઈ પ્રયત્ન કરી રહ્યા છે. મને આ લોકો પ્રત્યે ખૂબ કરુણા ઉત્પન્ન થાય છે. મને તેઓની ખૂબ ચિંતા થાય છે. પરમાત્માને પ્રાર્થના કરું છું કે આ લોકોને સદ્‌બુદ્ધિ મળે, અર્થ-કામની તેમની આસક્તિ અને તૃષ્ણાઓ નાશ પામે. તેમની બુદ્ધિ અને લક્ષ્મી સદાચાર અને પરોપકાર તરફ વળે.

હા ! બધા શ્રીમંતો માટે આ વાત નથી. વગડામાં વેલી જેવા કેટલાક શ્રીમંતો એવા પણ છે કે જેઓ વ્યાપાર વગેરેમાં પણ નીતિમત્તા જાળવે છે. બીજાના હાથમાંથી ઝૂંટવીને તેઓ સંપત્તિ મેળવવા પ્રયત્ન નથી કરતાં, પણ બીજાને પણ મળે અને પોતાને પણ મળે તેવા ભાવપૂર્વક વ્યાપારાદિ કરે છે. વળી સદાચારમય સાદુ જીવન જીવી લખલૂટ સુકૃતો કરે છે. કરોડો-અબજો રૂપિયા પરાર્થમાં વાપરે છે. પ્રભુભક્તિ, ગુરુભક્તિ, જ્ઞાનભક્તિ, સાધર્મિકભક્તિ, અનુકંપા, જીવદયા વગેરે સુકૃતોમાં સંપત્તિનો અઢળક વ્યય કરે છે એવા કેટલાય શ્રીમંતોને જોયા છે કે જેઓ પાસે હાલ છે, તેના કરતાં અનેકગુણ સંપત્તિઓનો તેઓએ સુકૃતમાં વિનિમય કરેલો છે.

પુણ્યાનુબંધિ પુણ્યથી પ્રાપ્ત થયેલ સંપત્તિના સદ્‌વ્યય દ્વારા તેઓ જીવનને સફળ કરી રહ્યા છે. સદ્‌ગતિ પામી તેઓ શીઘ્ર મુક્તિને પામનારા છે તેઓને લાખો ધન્યવાદ.

બાકીના પૂર્વોક્ત શ્રીમંતો કંઈક વિચારશે ખરા ?



## (૫૯)

તારે સળગતા અંગારા કે દાવાનળ બનવું છે કે ખળખળ વહેતી, આજુબાજુ સૌને ઠંડક આપતી, લોકની તૃષાને નિવારતી, વનસ્પતિ-ધન-ધાન્યાદિને પુષ્ટિ આપતી સરિતા બનવું છે, તેનો તું નિર્ણય કરી લેજે.

ક્રોધની ગરમીથી યુક્ત ધમધમાટ કરતો તારો સ્વભાવ તને અંગારો કે દાવાનળ બનાવશે. એ તને પણ બાળશે. અન્યને પણ બાળશે. ઉપશમ રસ ભરેલો, ઠંડકવાળો તારો સ્વભાવ તને ખળખળ વહેતી સરિતા બનાવશે. અનેક લોકો તારાથી ઠંડક પામશે. નબળા લોકો તારાથી પુષ્ટિ પામશે.

જે બનવું હોય તે વિચારી લેજે.

## (૬૦)

પ્રભુના ચરણને જ વળગ્યા રહે છે, તે જ સાજા રહે છે, તે સિવાયના જીવોનું એક પણ અંગ સાજુ રહેતું નથી. તેમના હાડકા ખોખરાં થઈ જાય છે. મોહના મૂક મારથી તેમની પાંસળી-પાંસળી છૂટી પડી જાય છે, મૃત્યુની આખરી ઘડી આવતાં મોંનાં ફીણથી તેઓ લોપાઈ જાય છે, આ બધાનો ઉપાય અરનાથ (અરિહંત) ભગવાનના ચરણને આપણા હાથના વજ્રમય બંધનથી પકડી રાખવા તે છે.

ભગવાન માથે છે ને સાથે છે, પછી મોક્ષ કોઈ જટિલ સમસ્યા નથી રહેતી, કોઈ કુટિલ ભુલભુલામણી નથી રહેતી. ભગવાન અને ભક્તનો જીવંત સંબંધ એક બીજાનું માનસિક અંતર કાપી નાંખે છે અને આત્મા પરમાત્માને મળે છે. આત્મા-પરમાત્માનું અવિભાજ્ય એકમ એ જ મોક્ષ છે.

- વસંતલાલ કાંતિલાલ.

# ચૈત્યવંદન

ચૈત્યવંદન જિનશાસનના ઉપાસકો માટે મહાન ક્રિયા છે. જિનને માને તે જૈન, અર્હત્‌ને માને તે 'આર્હત' કહેવાય છે.

જિનેશ્વરભગવંત કે અરિહંત ભગવાન મોક્ષમાર્ગના પ્રકાશન કરવા દ્વારા સમસ્ત વિશ્વના પ્રાણીઓના સર્વશ્રેષ્ઠ ઉપકારી છે. અરિહંત પરમાત્માઓ આગલા ત્રીજા ભવથી જ, 'જગતના સર્વ પ્રાણીઓ સંસારના સર્વ પ્રકારના સંતાપોથી મુક્ત બને અને શાશ્વતસુખના ભોક્તા બને,' તેવી ઉત્તમભાવના ભાવે છે. એટલું જ નહીં પણ એ ભાવનાને યથાયોગ્ય પ્રવૃતિ પણ આચરે છે.

કોઈ પણ પ્રકારની આશંસા કે ઈચ્છા વિના એક માત્ર પરોપકારની જ બુદ્ધિથી જગતના જીવોના દુઃખોનું નિવારણ કરવાની ઉત્કૃષ્ટ ભાવના અને યથાયોગ પ્રવૃત્તિથી આ દેવાધિદેવના જીવો જગતની ઉત્કૃષ્ટ તીર્થંકરનામકર્મ નામની શ્રેષ્ઠ પુણ્યપ્રકૃતિ પ્રાપ્ત કરે છે. છેલ્લા ભવમાં આ પુણ્યપ્રકૃતિનાં પ્રતાપે દેવોથી પણ પૂજ્યત્વ, કલ્યાણકાદિ પ્રસંગે ચૌદ રાજલોકમાં પ્રકાશ તથા જીવમાત્રને ક્ષણભર અત્યંત સુખની પ્રાપ્તિ કરાવવાપણું કુદરતની અનુકૂળતાઓ વગેરે અનેક પ્રકારનો પ્રભાવ પ્રાપ્ત કરે છે. કેવળજ્ઞાન પ્રાપ્તિ પછી આ તીર્થંકરનામકર્મના પુણ્યપ્રભાવથી પ્રભુ ધર્મતીર્થની સ્થાપના કરે છે. ઈન્દ્રો દેવો વિ. સમવસરણની રચના કરે છે. તેમાં બેસીને પરમાત્મા દેશના આપે છે. મોક્ષમાર્ગને બતાવે છે. સંસારના અનંતદુઃખોથી છૂટીને અનંતસુખ પ્રાપ્ત કરાવનાર એવા ધર્મશાસનનું પ્રવર્તન કરે છે. જગતના જીવોના સુખ માટે પ્રવર્તાવેલ ધર્મશાસન પરમાત્માના નિર્વાણ પછી આગળ ચાલે છે. એ ધર્મશાસનની શીતળછાયામાં અનેક ભવ્યાત્માઓ દુઃખોનું તથા તેના કારણભૂત કર્મોનું ઉન્મૂલન કરતાં મુક્તિ તરફના પ્રયાણમાં આગળ વધે છે.

વિશ્વમાં રહેલા જીવોમાં એક મોટામાં મોટો ગુણ છે - કૃતજ્ઞતા



અને મોટામાં મોટો દોષ છે કૃતઘ્નતા.

પોતાના પર કોઈથી પણ થયેલા ઉપકારને સતત યાદ કરવો. ઉપકારીના ગુણગાન કરવા, તેમની ભક્તિ કરવી, તેમના પ્રત્યે સમર્પિત થવું. આ બધું કૃતજ્ઞતાનું કાર્ય છે. ઉપકારીને કદી યાદ ન કરવા. ઉપકારી પ્રત્યે પણ પોતાના સ્વાર્થની ખાતર અપકાર કરવો એ કૃતઘ્નતા છે.

કૃતજ્ઞતા એ સર્વસંપત્તિનું મૂળ છે.

કૃતઘ્નતા એ સર્વઆપત્તિનું કારણ છે.

કૃતજ્ઞતાથી આત્મા કોમળ બને છે.

કૃતઘ્નતાથી આત્મા કઠોર બને છે.

શાસ્ત્રમાં ત્યાં સુધી જણાવેલ છે કે આ પૃથ્વી તેના પરના પર્વતો, વૃક્ષો કે મકાનોથી ભારે નથી પરંતુ કૃતઘ્નપુરૂષોથી ભારે છે. સર્વ દોષોનું મૂળ કૃતઘ્નતા છે, સર્વ ગુણોનું મૂળ કૃતજ્ઞતા છે.

ઉપકારી એવા દેવાધિદેવે મોક્ષમાર્ગ બતાવ્યો. અનંતા જન્મ-મરણોથી છૂટવાનો ઉપાય બતાવ્યો. એટલું જ નહીં, કઠણ એવા મોક્ષમાર્ગે પ્રયાણ કરવાનું સામર્થ્ય આપ્યું. તેવા ઉપકારી દેવાધિદેવને કૃતજ્ઞ આત્માઓ કેવી રીતે ભૂલી શકે ? તેમના ઉપકારોને વારંવાર યાદ કરતાં આંખમાં ઝળહળીયા આવે, વાણી ગદ્‌ગદ્‌ બને, હૃદય ભરાઈ જાય તેમાં શું નવાઈ ? સામાન્યથી પણ આપણને આ સંસારમાં ક્યારેક કોઈએ મરણથી બચાવેલ હોય, મહાન આપત્તિમાંથી પાર ઉતાર્યા હોય, તેવા પુરુષને યોગ્યાત્માઓ ભૂલી શકતા નથી. વારંવાર યાદ કરે છે અને તેની ભક્તિ બહુમાન વિ. ખૂબ ખૂબ કરે છે. તો પછી અનંતા જન્મ-મરણોથી હંમેશ માટે બચાવનાર ફરીથી કદિ પાછો ન આવે, તે રીતે સઘળી આપત્તિઓને દૂર કરનાર, મોક્ષના અનંત સુખને આપનાર, મોક્ષ ન મળે ત્યાં સુધી સંસારમાં પણ ઉચ્ચસ્થાનોએ પહોંચાડનાર એવા દેવાધિદેવને શી રીતે ભૂલી

શકાય ? એમની ભક્તિ વિના કેવી રીતે રહી શકાય ? તેમના પ્રત્યે હૃદયમાં બહુમાન ઉભા થયા વિના કેવી રીતે રહે ? તેમના દર્શન કરતાં આંખોમાં ઝળહળીયા આવે, તેમના ગુણો ગાતા વાણી ગદ્‌ગદ્ બને, તેમનું ચિંતન કરતા હૃદય ભરાઈ જાય, એ બન્યા વગર કેમ રહે ?

કૃતજ્ઞ એવા ભવ્યાત્માઓને જૈનત્વને પામ્યા પછી ઉપકારીદેવનું સ્મરણ-ધ્યાન-નમન વિગેરે કરવાની જે પ્રવૃત્તિ એ જ ચૈત્યવંદનની ક્રિયા છે. ઉપકારી એવા દેવાધિદેવોની (ભાવનિક્ષેપે) જ્યારે હાજરી નથી ત્યારે પણ તેમના ઉપકારોનું વિસ્મરણ ન થાય તેમની ભક્તિથી વંછિત ન રહેવાય. માટે પ્રતિમામાં સુંદર વિધિવિધાન તથા પ્રબળ સંકલ્પબળથી પરમાત્મપદની સ્થાપના કરાવીને ભવ્યાત્માઓ પરમાત્માની ઉપાસના કરે છે, તેમની ભક્તિ કરે છે, તેમના ઉપકારને યાદ કરે છે. તેમના ગુણગાન કરે છે તે દ્વારા કૃતજ્ઞતાગુણને સાધે છે.

પરમાત્માની ગેરહાજરીમાં જિનપ્રતિમા દ્વારા આ રીતે થતી કૃતજ્ઞતા ગુણની સાધનાને હિંસા વિગેરેના નિમિત્તને આગળ કરીને સંસારમાં સતત હિંસામાં બેઠેલો જોઈને પણ નિષેધ કરવો તે કૃતજ્ઞતાને ભૂલાવીને કૃતઘ્નતા તરફ લઈ જવાનું કાર્ય છે.

આ રીતે દેવાધિદેવની ભક્તિ માટે શાસ્ત્રોએ ચૈત્યવંદનની એક સુંદર ક્રિયા આપણને આપી છે. ખૂબ ઉત્કટ ભાવથી પરમાત્માને વંદન થાય તે માટે ચૈત્યવંદનની આ ક્રિયામાં સુંદર સૂત્રોનું નિર્માણ ગણધરભગવંતોએ કરેલું છે. એમાં આવતા નવકાર, ઈરિયાવહી, નમુત્થુણં વગેરે અનેક સૂત્રોમાં પાંચ દંડકસૂત્રોને પ્રધાનપણે ગણ્યા છે. પાંચ દંડકસૂત્ર નીચે પ્રમાણે છે.

(૧) શક્રસ્તવ (નમુત્થુણં) (૨) ચૈત્યસ્તવ (અરિહંતચેઈયાણં) (૩) નામસ્તવ (લોગસ્સ) (૪) શ્રુતસ્તવ (પુક્ખરવરદિવડ્ઢે) (૫) સિદ્ધસ્તવ (સિદ્ધાણં બુદ્ધાણં)



શક્રસ્તવ - શક્ર (ઈંદ્ર) જે સૂત્ર વડે ચ્યવન, જન્માદિ વખતે પ્રભુની સ્તુતિ કરે છે તે નમુત્થુણં સૂત્ર આમાં ૧લ્લી નવ ગાથા દ્વારા ભાવતીર્થંકરની સ્તવના કરાય છે. છેલ્લી ગાથામાં દ્રવ્ય તીર્થંકરોને વંદન કરાય છે. દ્રવ્યતીર્થંકરો એટલે તીર્થંકરપણાની પૂર્વાવસ્થામાં રહેલા અર્થાત્ પૂર્વ ભવમાં દેવલોક કે નરકમાં રહેલા અથવા છેલ્લા ભવમાં સાંસારિક કે છદ્મસ્થઅવસ્થામાં રહેલા જિનેશ્વર ભગવંતો તથા તીર્થંકરપણું પૂર્ણ કરીને મુક્તિમાં ગયેલા તીર્થંકરના જીવો એટલે આ અપેક્ષાએ વર્તમાન ચોવીશીના ચોવીશે તીર્થંકરો હાલમાં દ્રવ્યતીર્થંકરો છે. જ્યારે શ્રી સીમંધરસ્વામી આદિ વીશ વિહરમાન ભાવતીર્થંકરો છે.

ચૈત્ય એટલે જિનપ્રતિમાજી. ચૈત્યસ્તવમાં સામે રહેલા જિનપ્રતિમાની અથવા સવ્વલોએ શબ્દ આગળ મૂકીને ચૈત્યસ્તવ બોલતાં ચૌદરાજલોકમાં રહેલી સર્વ જિનપ્રતિમાઓની ઉપાસના થાય છે.

નામસ્તવમાં વર્તમાન ચોવીશીના ચોવીશ તીર્થંકર ભગવંતના નામ યાદ કરીને પ્રભુને વંદના કરાય છે. શ્રુતસ્તવમાં પ્રથમ ગાથામાં ભરતૈરવત મહાવિદેહમાં ધર્મની આદિ કરનારા જિનેશ્વરને નમસ્કાર થાય છે. વર્તમાનમાં આવા વીશ તીર્થંકર મહાવિદેહમાં વિચરે છે તેમને નમસ્કાર કરાય છે. ત્યાર પછી બીજી ગાથાથી પરમાત્માએ આપેલ જે શ્રુતજ્ઞાન છે, તેની સ્તવના કરાય છે.

સિદ્ધસ્તવમાં પરમાત્માએ આપેલ મોક્ષમાર્ગના પરિપાલનનું ફળ જે સિદ્ધત્વ છે તે સિદ્ધત્વની સ્તવના કરાય છે. સાથે તેમાં વીરપ્રભુ, નેમિનાથપ્રભુ, અષ્ટાપદાદિ તીર્થોની પણ વંદના કરાય છે.

આ ઉપરાંત વૈયાવચ્ચગરાણં વિગેરે દ્વારા સમ્યગ્દષ્ટિદેવોની પણ ઉપાસના થાય છે. વળી પ્રણિધાનસૂત્રો, સ્તવન, સ્તુતિઓ વિ. દ્વારા પણ પરમાત્માને વંદન, ગુણગાન, પ્રાર્થના થાય છે. જાવંત કે વિ સાહૂ સૂત્ર દ્વારા ૧૫-કર્મભૂમિના સર્વ મુનિઓને વંદન થાય છે. છેલ્લા જયવીયરાયસૂત્ર દ્વારા પરમાત્માની પાસે લૌકિક અને લોકોત્તર બન્ને

પ્રકારની અનુકૂળતાઓની કે શ્રેષ્ઠતાની યાચના કરાય છે.

આમ એક ચૈત્યવંદનમાં નામજિન, સ્થાપનાજિન, દ્રવ્યજિન, ભાવજિન, સર્વલોકમાં રહેલા સ્થાપનાજિન, વીશ વિહરમાન જિન, શ્રુતજ્ઞાન, સિદ્ધ ભગવંતો, મહાવીરસ્વામી, ઉજ્જયંત તીર્થ, અષ્ટાપદ તીર્થ તથા સમકિતી દેવો, સાધુ ભગવંતો વિ. ઉચ્ચપદોની ઉપાસના થાય છે. તેથી ચૈત્યવંદન મોક્ષમાર્ગના અર્થીઓ માટે એક મહાન યોગસાધના છે.

વ્યવહારમાં માણસને જ્યારે કંઈક કામ પડે ત્યારે રાજા (લોકશાહીમાં પ્રધાનો વિ.) પાસે જાય છે ત્યારે પ્રથમ ભેટણું ધરે છે પછી રાજાના ગુણગાન ગાય છે. પોતાની લઘુતા પ્રદર્શિત કરે છે અને ત્યાર પછી છેલ્લે પોતાની માંગણી રજૂ કરે છે. આ જ રીતે અહીં પણ સંસારમાં રહેલા જિનભક્તો પ્રભુની ઉત્તમદ્રવ્યોથી અંગપૂજા અને અગ્રપૂજા કરે છે (આ ભેટણાના સ્થાને છે) પછી સ્તવનાદિમાં પ્રભુના ગુણ ગાય છે . પોતાની લઘુતા પ્રદર્શિત કરે છે અને છેલ્લે જયવીયરાય સૂત્ર દ્વારા પ્રભુની પાસે ભવનિર્વેદ, માર્ગાનુસારિપણું, ઈષ્ટફળસિદ્ધિ (જિનભક્તિ વધુ થાય તેવી આલોકની અનુકૂળતાઓ) વિ. છ લૌકિકવસ્તુઓની અને મુક્તિ ન મળે ત્યાં સુધી શુભગુરુનો યોગ તથા તેમના વચનનું પાલન થઈ શકે, તેવી લોકોત્તર વસ્તુની યાચના કરે છે. પછી પણ ભવોભવ સુધી પરમાત્માનાં ચરણોની સેવા અને છેલ્લે દુઃખનો ક્ષય તેના કારણભૂત કર્મોનો ક્ષય અને સમાધિમરણ તથા પરલોકમાં બોધિ એટલે જિનશાસનની પ્રાપ્તિના લાભની આશંસા કરાય છે. પ્રભુના પ્રભાવથી આ બધુ મને મળે તેવી ઈચ્છા પ્રગટ કરાય છે.

વીતરાગપ્રભુ રાગ-દ્વેષરહિત હોવાથી કોઈને કશું જ આપતાં નથી. પરંતુ તેમના પ્રત્યે ઉભા થતા શ્રદ્ધાના અને ભક્તિના ભાવનો પ્રભાવ એવો છે કે પરમાત્માની પાસે નિર્દોષપણે સરળતાથી કરેલ અનિંદ્ય યાચનાઓ કદાપિ નિષ્ફળ થતી નથી. અર્થાત્ ભગવાન



કોઈને કશું જ આપતાં નથી, પણ પરમાત્માની પાસે યાચના કરનારને પરમાત્મા પ્રત્યેની શ્રદ્ધા અને ભક્તિના પ્રભાવે યોગ્ય યાચિત વસ્તુઓ મળ્યા વગર રહેતી નથી.

આમ પરમાત્માની પૂજા સર્વકાર્યસિદ્ધિનું અમોઘ સાધન છે. છેલ્લે યાવત્ ચારિત્રપ્રાપ્તિ કરાવી સિદ્ધસ્થાન સુધી પહોંચાડનાર મહાન સાધના છે. માટે શ્રાવકોએ વિધિપૂર્વક ઉત્તમદ્રવ્યોથી પરમાત્માની અંગપૂજા (જળપૂજા-ચંદન-પુષ્પ-આંગી-આભૂષણાદિ) તથા અગ્રપૂજા ધૂપ-દીપ-અક્ષત-નૈવેદ્ય-ફળ-સુવર્ણાદિ ધરવા તે) કરી પછી અવશ્ય ઉત્કૃષ્ટ ચૈત્યવંદન કરવું.

શ્રાવકોએ દિવસમાં ત્રણ વાર અને સાધુ-સાધ્વીજી ભગવંતોએ પણ હંમેશા બે વાર ઉત્કૃષ્ટ ચૈત્યવંદન કરવાનું જ્ઞાનીઓનું ફરમાન છે. આમાં આજીવિકાદિ કોઈ મહત્ત્વનાં કારણે જ મધ્યમ કે જઘન્ય ચૈત્યવંદનની છૂટ આપેલ છે.

સૌ કોઈ ચૈત્યવંદનની સાધના દ્વારા જીવનને સફળ કરો... પરલોક સુધારો... અને શીઘ્ર શિવસુખને પામો એ જ એક માત્ર શુભાભિલાષા.

ॐ ह्रीँ श्रीँ अर्हं नमः ।

# રસ થાળ

## ભાગ – ૪

શુભભાવવર્ધક ૬૦ આધ્યાત્મિક ચિંતનો


● આલેખન ●

**પ.પૂ.વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભગવંત**

***શ્રીમદ્ વિજય હેમચંદ્રસૂરીશ્વરજી***

**મહારાજા**



● પ્રકાશક ●

**સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ**

**સ્થાપક : શ્રાદ્ધવર્યા મૂળીબેન અંબાલાલ શાહ**



● પ્રાપ્તિસ્થાન ●

- **પી.એ.શાહ જ્વેલર્સ**
  ૧૧૦, હીરાપન્ના, હાજીઅલિ, મુંબઈ-૨૬.
  ફોન : ૨૩૫૨૧૧૦૮, ૨૩૬૭૧૨૩૯
- **ચંદ્રકાંત એસ. સંઘવી**
  ૬/બી, અશોકા કોમ્પલેક્ષ, જનતા હોસ્પિટલ પાસે,
  પાટણ (ઉ.ગુ.) ફોન : ૨૩૧૬૦૩
- **મૂળીબેન અંબાલાલ રતનચંદ**
  જૈન ધર્મશાળા, સ્ટેશન રોડ, વીરમગામ
- **બાબુભાઈ સરેમલજી**
  સિદ્ધાચલ બંગલોઝ, સેન્ટ એન હાઈસ્કૂલ પાસે,
  હીરા જૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૫.
  મો. ૯૪૨૬૫ ૮૫૯૦૪
- **દિલીપ રાજેન્દ્રકુમાર**
  નંદિત એપાર્ટમેન્ટ, ભગવાનનગર ટેકરો,
  પાલડી, અમદાવાદ. ફોન : ૨૬૬૩૯૧૮૯
- **ડો. પ્રકાશભાઈ ગાલા**
  બી-૫, સર્વોદય સોસાયટી, સાંઈનગર, સંઘાણી એસ્ટેટ,
  એસ.બી.એસ. રોડ, ઘાટકોપર (પશ્ચિમ), મુંબઈ-૮૬.
  ફોન : ૨૫૦૦૫૮૩૭

**નકલ : ૨૦૦૦** **મૂલ્ય : રૂા.૨૫**

**પ્રથમ સંસ્કરણ : સંવત ૨૦૬૫**

---

Printed by : **SHRI PARSHVA COMPUTERS**
58, Patel Society, Jawahar Chowk, Maninagar, A'bad-8. Tel.25460295

● સુકૃત સહયોગી ●

**પ.પૂ.આ.હેમચન્દ્રસૂરીશ્વરજી મ.સા.**

**ની પ્રેરણાથી**

**સ્વ. માતુશ્રી તારાબેન ચંદુલાલ શાહના**

**શ્રેયાર્થે**

**શ્રી જયેશભાઈ ચંદુલાલ શાહ**

(વિરમગામ મુકામે ઉપધાન તપની પૂર્ણાહુતિના સ્મરણાર્થે)

**શ્રી હંસાબેન જયેશભાઈ શાહ**

(પાલીતાણા મુકામે ઉપધાન તપ આરાધના નિમિત્તે)

**પુત્ર - વિરલ, પુત્રી - કૃપા અભિષેકકુમાર,**

**પુત્રી - પાયલ તેજસકુમાર**





## પ્રકાશકીય....

રસથાળ ભાગ-૪ સહર્ષ પ્રકાશિત કરીએ છીએ. પૂજ્યપાદ ગુરુદેવના વિવિધ પ્રકારના સાઠ ચિંતનો આમાં રજૂ કર્યા છે. આના વારંવાર ચિંતનથી અદ્‌ભુત સમાધિ, ચિત્તની સ્વસ્થતા પ્રાપ્ત થશે. જીવન જીવવાનું સુંદર માર્ગદર્શન પણ મળી રહેશે.

છેલ્લા ઘણા સમયથી માનવસમુદાય ભારે ક્લેશ અને સંક્લેશના દાવાનળમાં બળી રહ્યો છે. બાહ્ય ભૌતિક સમૃદ્ધિમાં આળોટતા માનવો પણ અભ્યંતર ભારે ચિંતાઓ અને ટેન્શનોથી ભારે પીડિત થઈ રહ્યા છે. કારણ એક જ માત્ર છે અધ્યાત્મનો અભાવ. શાસ્ત્રકારો પણ કહે છે. આત્મજ્ઞાનના અભાવથી દુઃખ ઉત્પન્ન થાય છે અને આત્મજ્ઞાનથી દૂર થાય છે.

અહીં રજૂ કરાયેલ બધા ચિંતનો 'આધ્યાત્મિક' છે. અધ્યાત્મનું ધોરણ ઉંચું લાવે છે.

માટે આ અને આવા ચિંતનોનું વાંચન-મનન અને નિદિધ્યાસન ખૂબ કરી સૌ કોઈ અજ્ઞાનજન્ય પીડાથી છૂટી જ્ઞાનજન્ય સુખને પ્રાપ્ત કરો એ જ શુભેચ્છા.

૭૭ વર્ષની જૈફ વયે પણ જિનશાસનની રક્ષા માટે ઝઝુમતા.... ૪૫-૪૫ શિષ્યોના તથા સકળ શ્રીસંઘના યોગ-ક્ષેમ માટે સતત પ્રયત્નશીલ.... એક અવ્વલ અધ્યાત્મયોગી... અરિહંતસમુપાસક પૂજ્યપાદ વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્ વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા અઢળક યોગોની વચ્ચે પણ આપણા જેવા અબુઝ જીવો પર ઉપકાર કરવા માટે આવું અદ્‌ભુત ચિંતનામૃત પીરસી રહ્યા છે, એ સમગ્ર શ્રીસંઘનું સૌભાગ્ય છે.

વિશેષ ને વિશેષ જ્ઞાનભક્તિના કાર્યો મળતાં રહે તેવી શ્રુતાધિષ્ઠાયિકા સરસ્વતી દેવીને પુનઃ પુનઃ પ્રાર્થના.

*લી.*

*સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ*

તારાચંદ અંબાલાલ　　ધરણેન્દ્ર અંબાલાલ

પુંડરિક અંબાલાલ　　મુકેશ બંસીલાલ

ઉપેન્દ્ર તારાચંદ

## ત્રિલોક તીર્થ-વંદના

આ. હેમચન્દ્રસૂરિ

**નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ-નિક્ષેપે અરિહંત પરમાત્માની આરાધના**

☞ પાંચ ભરતક્ષેત્રમાં અને પાંચ ઐરાવતક્ષેત્રમાં ત્રણે ચોવીશીના ૭૨૦ તીર્થંકર ભગવંતો, પાંચ મહાવિદેહમાં ઉત્કૃષ્ટ કાળે થયેલા ૧૬૦ તીર્થંકર ભગવંતો, વર્તમાન વિહરમાન શ્રી સીમંધરસ્વામી આદિ વીશ તીર્થંકર ભગવંતો, ચાર શાશ્વત જિન, ચોવીશ ભગવાનના પાંચે કલ્યાણક- આમ સહસ્રકૂટ ૧૦૨૪ જિનની આરાધના સચિત્ર....

☞ ઉર્ધ્વલોક, અધોલોક, વ્યંતર તથા જ્યોતિષ ચક્રના શાશ્વત ચૈત્યો..

☞ નંદીશ્વર દ્વીપ-રુચક દ્વીપ - કુંડલ દ્વીપ - માનુષોત્તર પર્વત પરના ચૈત્યો, મહાવિદેહ ક્ષેત્રના તથા જંબુદ્વીપમાં કૂટો - વૈતાઢ્ય પર્વતો - દ્રહો-નદીના કુંડો-મેરુપર્વતના ચૈત્યો, આ જ રીતે ધાતકી ખંડ - પુષ્કરાર્ધ દ્વીપના શાશ્વત ચૈત્યો - ચિત્રો - નકશાઓ સાથે....

☞ શત્રુંજય, ગિરનાર, અષ્ટાપદ, આબુ, સમેતશિખર તીર્થો, અન્ય ૧૦૮ તીર્થોના મૂળનાયક તથા ચૈત્યો સાથે કેટલાક આધુનિક તીર્થો... ૧૦૮ પાર્શ્વનાથ પ્રભુ.....

☞ અતીતમાં થયેલા તીર્થંકર ભગવંતો, અનાગતમાં થનારા તીર્થંકર ભગવંતો, વર્તમાનમાં તીર્થંકર નામકર્મ નિકાચિત કરતા દેવો - મનુષ્યો - નારકો...

☞ વર્તમાનમાં પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા વીશ જિનેશ્વરો, ૮૪ ગણધરો - ૧૦ લાખ કેવળજ્ઞાની, ૧૦૦ કરોડ સાધુ-સાધ્વીઓ, અબજો શ્રાવક-શ્રાવિકાઓ અને અસંખ્ય ઈન્દ્રાદિ દેવોથી પરિવરિત શ્રી સીમંધર પ્રભુ....

☞ આ બધાને જુહારવાનો, દર્શન-વંદન કરવાનો માહિતીસભર અદ્ભુત ગ્રંથ એટલે 'ત્રિલોક તીર્થ વંદના'. આ ગ્રંથ જીવનને પ્રભુભક્તિથી ભરી દેશે.



## પ.પૂ.વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્ વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા દ્વારા લિખિત-સંપાદિત-સંકલિત-પ્રેરિત ગ્રંથોની સૂચિ

(૧) પદાર્થપ્રકાશ ભાગ-૧ (જીવવિચાર-નવતત્ત્વ પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ) (૨) પદાર્થપ્રકાશ ભાગ-૨ (દંડક-લઘુ સંગ્રહણી પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ) (૩) પદાર્થપ્રકાશ ભાગ-૩ (૧લા, ૨જા કર્મગ્રંથનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ) (૪) પદાર્થપ્રકાશ ભાગ-૪ (૩જા, ૪થા કર્મગ્રંથનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ) (૫) મુક્તિનું મંગલદ્વાર (ચતુઃશરણ સ્વીકાર, દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદનાનો સંગ્રહ) (૬) શ્રી સીમંધરસ્વામીની આરાધના (મહિમાવર્ણન-ભક્તિગીતો વગેરે) (૭) ચાતુર્માસિક અને જીવનના નિયમો (૮) વીશ વિહરમાન જિન સચિત્ર (૯) વીશ વિહરમાન જિન પૂજા (૧૦) બંધનથી મુક્તિ તરફ (બારવ્રત તથા ભવ-આલોચના વિષયક સમજણ) (૧૧) નમસ્કાર મહામંત્ર મહિમા તથા જાપ નોંધ (૧૨) પંચસૂત્ર (સૂત્ર ૧લુ) સાનુવાદ (૧૩) તત્ત્વાર્થ ઉષા (પૂ.આ. શ્રી ભુવનભાનુસૂરિ મ.સા.) (૧૪) સાત્ત્વિકતાનો તેજ સિતારો (પૂ.પં.પદ્મવિજયજી મ.નું ચરિત્ર) (૧૫) પ્રેમપ્રભા ભાગ-૧ (પૂ.આ.પ્રેમસૂરિ મ.ના ગુણાનુવાદ) (૧૬) પ્રેમપ્રભા ભાગ-૨ (વિવિધ વિષયોના ૧૬૦ શ્લોકો સાનુવાદ) (૧૭) પ્રેમપ્રભા ભાગ-૩ (બ્રહ્મચર્ય સમાધિ અંગે શાસ્ત્રીય શ્લોકો-વાક્યો-સાનુવાદ) (૧૮) સાધુતાનો ઉજાસ (લે.પૂ.પં. પદ્મવિજયજી મ.) (પ્રેમપ્રભા ભાગ-૪) (૧૯) પરમ પ્રાર્થના (અરિહંત વંદનાવલી, રત્નાકર પચ્ચીશી, આત્મનિંદા દ્વાત્રિંશિકા આદિ સ્તુતિઓનો સંગ્રહ) (૨૦) ભક્તિમાં ભીંજાણા (પં.પદ્મવિજયજી ગણિવર્ય) (વીરવિજયજી મ.કૃત સ્નાત્રનું ગુજરાતીમાં વિવેચન) (૨૧) વૈરાગ્યશતક, ઈન્દ્રિયપરાજયશતક, સિંદૂરપ્રકર, ગૌતમકુલક સાનુવાદ (પૂ.આ.જયઘોષસૂરિ મ.સા.) (પ્રેમપ્રભા ભાગ-૫) (૨૨) આદીશ્વર અલબેલો રે (પૂ.ગણિ કલ્યાણબોધિવિજયજી) (શત્રુંજય તીર્થના ચૈત્યવંદનો-સ્તુતિઓ-સ્તવનોનો સંગ્રહ) (૨૩) ઉપધાન તપવિધિ (૨૪) રત્નકુક્ષિ માતા પાહિણી (૨૫) સતી-સોનલ (૨૬) નેમિ દેશના (૨૭) નરક દુઃખ વેદના ભારી (૨૮) પંચસૂત્રનું પરિશીલન (૨૯) પૂર્વજોની અપૂર્વ સાધના (મૂળ) (૩૦)

પૂર્વજોની અપૂર્વ સાધના (સાનુવાદ) (૩૧) અધ્યાત્મયોગી (આ. કલાપૂર્ણસૂરિજીનું સંક્ષિપ્ત જીવન દર્શન) (૩૨) ચિત્કાર (૩૩) મનોનુશાસન (૩૪) ગુરુ દીવો, ગુરુ દેવતા (પ્રેમપ્રભા ભાગ-૬) (૩૫) ભાવે ભજો અરિહંતને (૩૬) લક્ષ્મી સરસ્વતી સંવાદ (૩૭) પ્રભુ ! તુજ વચન અતિ ભલું (પ્રેમપ્રભા ભાગ-૭) (૩૮-૪૦) અરિહંતની વાણી હૈયે સમાણી ભાગ-૧, ૨, ૩ (૪૧) સમાધિ સાર (પ્રેમપ્રભા ભાગ-૮) (૪૨-૪૪) રસથાળ ભાગ-૧, ૨, ૩ (૪૫) સમતાસાગર (પૂ.પં.પદ્મવિ. મ.ના ગુણાનુવાદ) (૪૬) પ્રભુ દરિસણ સુખ સંપદા (૪૭) શુદ્ધિ (ભવ આલોચના) (૪૮) પ્રભુ ! તુજ વચન અતિ ભલું ભાગ-૨ (પ્રેમપ્રભા ભાગ-૯) (૪૯) ઋષભ જિનરાજ મુજ આજ દિન અતિભલો (૫૦) કામ સુભટ ગયો હારી (પ્રેમપ્રભા ભાગ-૧૦) (૫૧-૫૨) ગુરુની શીખડી, અમૃતની વેલડી ભાગ-૧-૨ (પ્રેમપ્રભા ભાગ-૧૧ ૧૨) (૫૩) પદાર્થપ્રકાશ ભાગ-૫ (ત્રણ ભાષ્યનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ) (૫૪) મહાવિદેહના સંત ભરતમાં. (૫૫-૫૬) પદાર્થ પ્રકાશ ભાગ ૬-૭.

### અંગ્રેજી સાહિત્ય

(૧) **A Shining Star of Spirituality**
(સાત્ત્વિકતાનો તેજ સિતારોનો અનુવાદ)

(૨) **Padartha Prakash Part-I** (જીવવિચાર-નવતત્ત્વ)

(૩) **Pahini-A Gem-womb Mother**
(રત્નકુક્ષિ માતા પાહિણીનો અનુવાદ)

### સંસ્કૃત સાહિત્ય

(૧) समतासागरचरितम् (गद्य) (પં.પદ્મવિજયજી મ.નું જીવન ચરિત્ર)

ઉપરોક્ત પુસ્તકોમાંથી કોઈ પણ પુસ્તકની પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને તથા શ્રાવક-શ્રાવિકાઓને જરૂર હોય તો અમને જાણ કરશો.



• દિવ્ય આશિષ •

પૂજ્યપાદ સિદ્ધાંતમહોદધિ, સુવિશાળ ગચ્છસર્જક
આચાર્યદેવ શ્રીમદ્વિજય **પ્રેમસૂરીશ્વરજી** મહારાજા
પૂજ્યપાદ ન્યાયવિશારદ, સુવિશાળ ગચ્છાધિપતિ, ઉગ્ર તપસ્વી
આચાર્યદેવ શ્રીમદ્વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજા
પૂજ્યપાદ સુવિશુદ્ધસંયમ આરાધક, સમતાસાગર
પંન્યાસપ્રવરશ્રી **પદ્મવિજયજી** ગણિવર્ય
આ પૂજ્યોના ચરણોમાં અનંતશઃ વંદના

• શુભાશિષ •

પૂજ્યપાદ ગચ્છાધિપતિ પ.પૂ. સિદ્ધાંતદિવાકર આચાર્યદેવ
શ્રીમદ્વિજય **જયઘોષસૂરીશ્વરજી** મહારાજા

• ભાવભરી વંદના •

અમારા કુટુંબમાંથી દીક્ષિત થઈ કુલને અજવાળનારા
પૂજ્યપાદ વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય
**હેમચન્દ્રસૂરીશ્વરજી** મહારાજ
પૂજ્ય પ્રવર્તિનીશ્રી **વસંતપ્રભાશ્રીજી** મ.
પૂજ્ય સાધ્વીજીશ્રી **સ્વયંપ્રભાશ્રીજી** મ.
પૂજ્ય સાધ્વીજીશ્રી **દિવ્યયશાશ્રીજી** મ.